પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

કુમાર

વર્ષ ૬૫ મું
માર્ચ
૧૯૯૨
સળંગ અંક
૭૭૦



તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક

અલીડોસો : સ્વ. 'ધૂમકેતુ'ની વાર્તા 'પોસ્ટઑફિસ'નું ચિરંજીવ પાત્ર • ચિત્રકાર : છો. અં. જોશી (બ્લૉક • 'નવચેતન'ના સૌજન્યથી)

તાજેતરમાં જેમનું નિધન થયું છે એ સુવિખ્યાત કલાકાર નારાયણ શ્રીધર બેન્દ્રેએ દેશભરમાં ઘૂમી વળીને તેનાં પ્રકૃતિસૌંદર્ય અને ગ્રામજીવનનાં હજારો ચિત્રો કર્યાં હતાં. ચિત્રસંયોજનના એ સ્વામી હતા. અહીં એમનાં ત્રણ ચિત્રો આપ્યાં છે.
બાજુમાં : મોદભર્યાં ગૃહજીવનનું એક ચિત્ર 'રંગઘૂઘરો'
નીચે : કાઠિયાવાડના પ્રવાસમાં કરેલું 'નાવલી નદી'નું એક દશ્ય ચિત્ર તથા જમણી બાજુ છેડે : 'ઘરે પાછી વળતી ગ્રામ નારીઓ'
(જુઓ આ અંકની 'કલાવાર્તા')







'કુમાર' **અનુક્રમ** વર્ષ ૬૫

માર્ચ ૧૯૯૨ સળંગ અંક ૭૭૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં હવાઈમાર્ગે રૂ. ૩૫૦

આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

(પાન ૧૩૫નું અનુસંધાન)

તપસ્યા કરતા ભગવાન શંકરને કામદેવે ધ્યાનભ્રષ્ટ કરતાં શિવજીએ ક્રોધે ભરાઈ પોતાનું ત્રીજું નેત્ર ખોલી તેને બાળીને ભસ્મ કર્યો હતો. આની સ્મૃતિમાં દક્ષિણ ભારતમાં 'કામદહન' નામે ઉત્સવ પણ આ હોળી-ધુળેટીના દિવસોમાં ઉજવાય છે. મહારાષ્ટ્રમાં આ ઉત્સવ 'શિમગા' નામે મનાવાય છે. ઉત્તરપ્રદેશમાં 'હોલિકાદહન' તથા બંગાળમાં આ દિવસોમાં 'દોલયાત્રા' તથા ઓરિસ્સામાં 'દોલોત્સવ' નામે ઉત્સવ ઉજવાય છે.

ધુળેટી ક્યાંક 'ધુલેન્ડી' નામે પણ ઓળખાય છે. મધ્યપ્રદેશ તથા ઉત્તરપ્રદેશમાં રઈસ લોકો આ દિવસે કિસબીનોના નાચગાન સાથે પંદર દિવસ સુધી જલસા ગોઠવે છે. આ દિવસે લોકો ઊંચ-નીચના કે ગરીબતવંગરના તેમજ સ્ત્રીપુરુષના ભેદ ભૂલી તથા શિષ્ટતાને વિસારી બેફામપણે વર્તે છે ત્યારે તેમાંથી ક્યારેક વેરઝેર પણ બંધાય છે ને ઝઘડા પણ થાય છે. કેટલાંક સ્થળે 'મહામૂર્ખ સંમેલન' યોજી લોકો આનંદ મનાવવા સાથે કોઈ પર પોતાની દાઝ ઉતારી લેવાની તક પણ ઝડપી લે છે.

આપણે ત્યાં જ નહિ, પણ દુનિયાના બીજા અનેક દેશોમાં પણ આપણા આ હોળીધુળેટી જેવો ઉત્સવ ઉજવાય છે. અલબત્ત, એનું નિમિત્ત અલગ જ હશે પણ આપણી હોળી જેમ આગ પ્રકટાવવી, આનંદઉલ્લાસ મનાવવો અને ત્યારે રંગજળ ઉડાડવા કે ચિત્રવિચિત્ર વેષપરિધાન કરવા જેવું યે થાય છે. ચીનમાં 'ચ્વેજે', પોલેન્ડમાં 'આરશિના', બર્મામાં 'તેચ્યા', ઈજિપ્તમાં 'ફલિકા', ગ્રીસમાં 'મૈપોલ', આફ્રિકામાં 'વોંગાદહ', ઈટાલીમાં 'વેલિયા કોનોન્સ', ચેકોસ્લોવિયામાં 'બેલિયા કોનોન્સે', અમેરિકામાં 'હોબો', અને થાઈલેન્ડમાં 'સાંગક્રાન' નામે ઉજવાતા ઉત્સવો આ પ્રકારના જ છે. રશિયા, ફ્રાન્સ, જર્મની, બેલ્જિયમ, ગ્રેટ બ્રિટન અને અમેરિકામાં ઉજવાતો 'ફુલ્સ ડે' પણ કંઈક આવો જ તહેવાર છે,' જેમાં ઠઠ્ઠામશ્કરીનું પ્રમાણ મુખ્ય હોય છે. મજાકમશ્કરીથી નાસતાફરતા લોકોને પકડીને એને મોઢે રંગ ચોપડી ગધેડે બેસાડીને ફેરવવાનો ચાલ પણ ઘણે સ્થળે છે. હોળી પણ પ્રકટાવે છે ને તેમાં તોફાની બારકસો લોકોનો ઉઠાવેલો માલસામાન પણ બાળે છે. અલબત્ત, આવે સમયે નશો કરવો તેમજ આપણે જેને અશ્લિલ કહીએ તેવાં તોફાનો કરવાનું પણ તેમાં હોય એ સ્વાભાવિક છે. જર્મનીમાં તો મદનોત્સવ પણ મનાવાય છે, જ્યારે ત્યાંની યુવતિઓ પ્રેમની દેવી 'ફ્રેમિના'ની કૃપા પામવા પ્રાર્થના પણ કરે છે.

મનસુખલાલ સાતા

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication	Mouthly
3. Printer's Name & Nationality Address	Haresh Patel, Darshan Printers, Computer Typesetting-PRINTOGRAPH 334, Salapas Raod, Ahmedabad-1
4. Publisher's Name & Nationality Address	Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address	Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N.Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati

Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chembers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C.P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mevada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Rajivkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J. A Trivedi Bros. Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Ashok B. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 29th day of Feb. 1992.

Sd. / A. B. Rawat, Publisher

આરત / જશવંત લ. દેસાઈ

(વસંતતિલકા - સૉનેટ)

વીત્યો પહોર સ્તનપાન કીધા પછીથી,
જાગે છતાં ન કયમ તું ? શિશુ હે, ક્ષુધાથી
હોશે સુકાતું ગળું નીંદમહીં, અધીરી
હું વ્હાલપૂર્ણ તુજને વળગાડું છાતી;
ને પદ્મપાંખડી સમા તુજ હોઠ કેરો
જ્યાં થાય સ્પર્શ, (હજી લોચન તો બીડેલાં)
ઊડંત હેતતણી અંતરથી દદૂડી,
થાને બીજા પણ જતી મુજ ભીંજી ચોળી.
રે ! તો ય લે અવર તો ન રડે લગીર,
ધારે કદીક ઊલટો સ્મિતની લકીર !
લેતાં પુન: મુજ કને તુજ આસમાની,
આંખો નિહાળું, અહ ! ઓળખ ના કશાની !
હે વત્સ, માસ ત્રણથી બસ આ જ વાત,
લે લે પિછાની અવ તો તુજ ઘેલી માત.

ચાહત / શિલ્પિન થાનકી

(ગાન)

કેમ રહું નહીં ખુદમાં ચકચૂર
મને ચાહે છે કોઈ ભરપૂર.
ચાહતના રંગોને નીરખું આકાશ મહીં
ઉષા ને સન્ધ્યાની વેળ,
પૂનમની રૂપ-રસી રાતોની સાથ સદા
મારો છે મીઠો મનમેળ;
આંખ ભરે કેફ - શમણું ઘેઘૂર.
દરિયો રેલાય એક રંગભરી ભરતીનો
ભીતરમાં માય ના ઉછાળ,
ઉન્નત આધી ઉડાન ભરવા ને વિસ્તરવા
શોધું છું વ્યોમ હું વિશાળ;
ક્યાંક પ્હોંચાતું દુનિયાથી દૂર.
વજ્જર-શી ચટ્ટાનો ભાંગીને નીસરતો
ચાહતનો વણથમ્ભ્યો ધોધ,
અન્તરની ઊર્જાને રાગ નવા આપું છું
ક્યાંય નથી એકકે અવરોધ;
પાર જતા તાર સમકથી સૂર.

હવા સ્પર્શ્યા કરે / વ્રજલાલ દવે

(ગઝલ)

વળી વળીને વાદળાં વરસ્યાં કરે,
આંખ ભીની ને હવા સ્પર્શ્યા કરે.
ક્ષિતિજની પલથી રહું ભીંજાઈ હું,
પ્રાણ તો જળધારમાં તરસ્યા કરે.
રાત તો શેતલ બની પૂરે ચડી,
ભેખડો ભીની થઈ ધરસ્યા કરે.
મીનઊની મીટ બારીથી સરે,
માટીના કણ કણ મને બરક્યા કરે.
લોહ બંધો ભીંતડાંના યે તૂટે,
મુક્ત શ્વાસોચ્છ્વાસ તો રણક્યા કરે.

મીઠી મૂંઝવણ / દેવેન્દ્ર દવે

(ગાન)

ગમી એટલે ગમી એટલે ગમી..... !
સાત ખોટની વાતને કહેવા ઑય મા ! હું તો
ક્યાંયની ક્યાંય રે ભમી.
ગમી એટલે ગમી એટલે ગમી...

ચારનો ભારો મેલ્ય ફળીમાં - ઊડતા ઓલ્યા આભને ઝાલવા
અડવાણે પગ સામટી કાઢું હડી,
વનમાં બોલ્યા મોરલા ને મારા ટોડલા લીલુંછમ ઝળૂંબી
રેલતા રે કોઈ મનને ભાવતા ગીતની કડી,
ઓઢણી હોય તો કસ મારીને કમખા ભેળી ઠમકારી દઉં...
હાય, રે ! આ તો વાયરે વ્હેતાં મોરલી કેરાં અમી.
ગમી એટલે ગમી એટલે ગમી...

ભરજોબનિયે જમુનાની જેમ હું ય રે હાલી સુણવા મોરા
એયને ઓલ્યા અટકચાળા મોહન કેરાં વેણ,
વ્હેણ નથી બાઈ, ક્યાંય સમાતાં. મથુરા-મારગ કેમ રે જાવું ?
'ગોકુળિયું ના સ્હેય ખમાતું' - કોઈ દેજો એને કહેણ :
(કે) આટલે વરસે રાધા નામની કોઈ છોરીનો કહાન કેરો કાંઈ
અહાંગરો લઈ સાંજ રે સૂની શમી.
ગમી એટલે ગમી એટલે ગમી...

'મલયાનિલ'થી શરૂ થએલી ગુજરાતી ટૂંકી વાર્તાને પ્રથમ વાર કલાઘાટ આપનાર, તથા ભાવના અને વાસ્તવિકતાનો મેળ બેસાડનાર રોમૅન્ટિક મનોદશાના સન્નિષ્ઠ અને સંવેદનશીલ સાહિત્યસાધક ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી · 'ધૂમકેતુ'

ગુજરાતી સાહિત્યના રોમૅન્ટિક યુગના એક અગ્રગણ્ય પ્રતિનિધિ, ગુજરાતના ઈતિહાસ પર મંડાએલી નવલકથાઓને નવું સ્વરૂપ આપનાર તથા આરંભકાળની ગુજરતી ટૂંકી વાર્તાઓનાં સૌંદર્ય અને સુરેખતાનું ઉમદા કંડારણ કરનાર અને એકનિષ્ઠાથી સાહિત્યની આજીવન સેવા કરનર સ્વ. ધૂમકેતુ-ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીની આ માસમાં ૨૭મી પુણ્યતિથિ આવે છે, અને એથી યે વિશેષ આ વર્ષ એમની જન્મશતાબ્દીનું છે.

સેંકડોની સંખ્યામાં ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, સંવાદો, નાટકો, રેખાચિત્રો, જીવનચરિત્રો, ચિંતનગ્રંથો, પ્રવાસવર્ણનો, નર્મમર્મયુક્ત કટાક્ષ-લેખો, ઐતિહાસિક પાત્રો પરના નિબંધો, નવશિક્ષિતો તથા બાળકો માટેની ઉપદેશકથાઓ, જ્ઞાનવાર્તાઓ, વિચારખંડો અને તેજકણ સમાં ચબરકિયાં - એમ વિશાળ પટ પર બહોળા વૈવિધ્યનો મબલખ ફાલ આપીને સાતત્ય અને સંનિષ્ઠાપૂર્ણ સાહિત્યોપાસના વડે એમણે ગુજરાતી સાહિત્યને સત્ત્વસમૃદ્ધ કર્યું છે.

સૌરાષ્ટ્રમાં બગસરા પાસે ગાયકવાડી રાજ્યના કમી-કેરાળા નામના એક નાનકડા ગામમાં બાજખેડાવાળ જ્ઞાતિનું એક 'ભાભા' કુટુંબ વસ્યું હતું. કેરાળાના પટેલનું એ ગોરપદું કરતું. આ કુટુંબનો નાનો છોકરોયે 'ભાભો' કહેવાતો અને સિત્તેર-એંશી વરસની કણબી ડોશીય એનો મલાજો રાખતી. આ કુટુંબના બે વડીલો જીવરામબાપા (ધૂમકેતુના દાદા) અને રતનજી બાપા કેરાળા છોડીને ગોંડલ પાસે વીરપુર આવીને વસેલા.

એ કાળે વીરપુર શૌર્યના મથક સમું હતું. આર્યસમાજનું પણ એ કેન્દ્ર ગણાતું. બાર ગામના એ નાનકડા રજવાડાના ઠાકોર સુરાજીની સ્વાતંત્ર્ય માટે



કોલેજમાં હતા ત્યારે ઘડતરકાળે

લડનારાઓને હૂંફ રહેતી. અહીં આવી વસેલા ભાભા કુટુંબના એક વડીલ હાથની રેખાઓના સચોટ જાણકાર હતા એ પરથી એમની જોશી અટક પડી ગયેલી. જીવરામદાદા તો માત્ર યજમાન સાચવવા વીરપુર વસેલા. પણ એ વૃત્તિમાં આવી રહેલા ફેરફારના એંધાણ પારખી જઈ એમના પુત્ર ગોવર્ધનરામે પોતાની પાસેની નાનીશી મૂડીમાંથી ગામમાં ધીરધારનો ધંધો શરૂ કરેલો, અને શાહુકાર તરીકે એમની શાખ બંધાઈ હતી. ત્રણ ચોપડીના ભણતર પછી જામનગર જઈ એમણે વૈદકનો અભ્યાસ પણ કરેલો. સ્વભાવ સ્વમાની અને જીવ સંસ્કારી. ચોક્સાઈના દૃઢ આગ્રહી. પોતાનું કુટુંબ સંસ્કારી અને વિદ્યાવાન બને એ સારુ તેઓ ઘરમાં સારાંસારાં પુસ્તકો પણ વસાવતા. ગામમાં એમનો મોભો સચવાતો. આ ગોવર્ધનરામ જોશીને બે દીકરા - રામજી અને અંબાશંકર. ઈ. ૧૮૯૨ની ૧૨ ડિસેમ્બર એટલે કે વિ. સં. ૧૯૪૯ની માગશર વદી નોમના રોજ ત્રીજા પુત્રનો જન્મ થયો. બચપણમાં એનું નામ હતું ભીમદેવ. આગળ જતાં ગૌરીશંકર ગો. જોશી નામે એમણે પોતાની સાહિત્યોપાસના વડે નામના મેળવી, 'ધૂમકેતુ'ના તખલ્લુસથી વિખ્યાત થયા.

નાના ભીમદેવને ગામને છેવાડે આવેલું ઘર સાચવવા પાળેલાં કૂતરાંની લંગર સાથે રમવામાં તથા ક્યારેક ઘરનાં ઢોર ચારવા જતાં વગડામાં જેટલો રસ એટલો ઉમંગ ભણવામાં નહિ. એટલે શાળાના વર્ગમાં છેલ્લી પાટલીના સાચવનાર એ તડકે તપીને તાવનું બહાનું કાઢી ભણવા જવાનું ટાળવાની યુક્તિ ઘણીવાર બેધડક અજમાવે. પણ પિતાએ ઘરમાં એકઠાં કરેલાં પુસ્તકો ફેંદવામાં રસ પડ્યો હતો. એવામાં રામજીભાઈના લગ્ન થયાં. પરણીને આવ્યા પછી ઘરમાં સૌની સાથે ઓતપ્રોત થઈ ગએલાં જાજરમાન મોંઘીભાભીને એક દિવસ અચાનક ભણવામાં રસ જાગ્યો અને દિયર ગૌરીશંકર પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરી. એમને ભણાવવામાં દિયરને પણ વિદ્યાનો રંગ ચડવા લાગ્યો. પિતાએ પણ ઉમળકાથી નવાં પુસ્તકો મંગાવી આપ્યાં. ગૌરીશંકર એ વાંચે અને પિતા, માતા ગંગામા અને મોંઘીભાભી સાંભળે. ગૌરીશંકરને આમાંથી વધુ ને વધુ વાંચવાનું ઉત્તેજન મળ્યું.

ઉનાળામાં વીરપુરના દરબારગઢમાં જીવરામદાદા કરતા એ કથામાં સાંભળવા મળતી પૌરાણિક વાર્તાઓમાંથી યે પ્રેરણા મળતી. ઈચ્છારામ દેસાઈનું 'ગુજરાત' પણ વાંચવા મળતું, જેમાંથી ઐતિહાસિક પાત્રોની કથાઓ વાંચી ગૌરીશંકરની કલ્પનાઓને અનોખો રંગ ચડતો. બીજી બાજુ વીરપુરમાં આર્યસમાજી સ્વામી આત્માનંદ, શંકરાનંદ વગેરે તથા પંજાબના આર્યમુનિ ભીમસેનનાં વિદ્વત્તાભર્યાં ભાષણો તેમજ વીરપુરની જલા ભગતની જગ્યાના સનાતની સંત- મહંતોનાં પ્રવચનોએ એમની કિશોરાવસ્થાના ઘડતરમાં ભાગ ભજવ્યો

આમ, વિસ્તરતા જતા બહુવિધ વાચન સાથે ૧૯૦૬માં આઠમી પાસ કરી. (તે કાળે ગુજરાતી સાત નહિ પણ આઠનો અભ્યાસક્રમ હતો.) મોટી

કુંકાવવામાં માસિક ચાર રૂપિયાના પગારે મદદનીશ શિક્ષક તરીકે નોકરી મળી. ગંગામા દીકરાને વળાવવા છેક સ્ટેશન સુધી ગયાં. માતા-પુત્રનું એ છેલ્લું મિલન. વીરપુરમાં ભયંકર પ્લેગ ફેલાયો અને તેમાં માતા તથા મોંઘીભાભી ભરખાઈ ગયાં. માની પાછળ હર્યાભર્યા ઘરની સમૃદ્ધિ પણ વિલાઈ ગઈ. કુંકાવાવ છોડી ફરી વીરપુર આવવાનું થયું.

અહીં વીરપુરની નિશાળમાં એક નવા હેડમાસ્તર મેમણ નૂરમહંમદ અહમદ કુમકી આવેલા. એમનાં પત્ની ખતીજાબીબીને કંઈ સંતાન નહિ. એ અભણ છતાં સાહિત્યનો ભારે શોખ. જુદાજુદા છોકરાઓ પાસે વાર્તાઓ વંચાવીને સાંભળે. નાના ગૌરીશંકરની વાંચવાની રીત એમને બહુ જચી ગઈ અને એ કામ પછી એમના માથે જ આવી પડ્યું. આ રીતે વાચનનો વિસ્તાર વધ્યો. આ ખતીજાબીબીના વાત્સલ્યે ગૌરીશંકરને માતાના વિયોગમાંથી ઉગારી લીધા હતા.

મોટાભાઈ અંબાશંકર બીલખા પાસે બંધાળામાં ત્યારે શિક્ષક હતા. બીલખાના શ્રીમન્નથુરામ શર્માના આનંદ આશ્રમના મુખ્ય નિયામક ગણાતા ગૌરીશંકર ભટ્ટજીના પુત્રી ઊજમબહેન સાથે સગપણ થયેલું. બીલખામાં અંગ્રેજી ચાર ધોરણ સુધીની સગવડ હતી. માસિક સાત રૂપિયાની નોકરી પણ મળે તેમ હતી, એટલે બીલખા ભણવા જવાનું નક્કી કર્યું.


વીરપુરમાં આર્યસમાજનો રંગ દીઠેલો. બીલખામાં નવી જ ભૂમિકા મળી. ત્યાંના દક્ષિણામૂર્તિ પુસ્તકાલયમાં કબીર, નાનક, દાદુ વગેરે સંત-સાધુઓનાં ચરિત્રો વાંચવા સાથે આશ્રમમાં ટીલાં-ટપકાં, ચાખડી-ધાબળી, સંધ્યાપૂજા, વગેરેની વચ્ચે એમને લેખન માટે પણ સાધન-સગવડ મળી જતાં એમણે લેખનનો પણ પ્રારંભ કર્યો અને એક નહિ પણ એકસાથે છ નવલકથા લખવી આરંભી.

ગૌરીશંકર જોશીની આ બધી પ્રવૃત્તિ જોઈ મોટાભાઈના સસરા ગૌરીશંકર ભટ્ટજી બહુ પ્રભાવિત થયા અને પરિણામે ભટ્ટજીનાં સૌથી નાનાં પુત્રી કાશીબહેનનું ગૌરીશંકર જોશી સાથે ૧૯૧૦માં લગ્ન થયું. સસરા-જમાઈ બંનેનું એક જ નામ હોઈ ગૌરીશંકર જોશીનું નામ મણિશંકર (મણિરાય) રખાયું.

હવે અંગ્રેજી પાંચમા ધોરણ માટે ગૌરીશંકર ગોંડલ ગયા. પણ ત્યાં અનુકૂળ ન આવતાં જેતપુરની કમરીબાઈ મિડલ સ્કૂલમાં દાખલ થયા. અહીં એમણે રસોઈ પણ જાતે જ કરી લેવાની હતી.

એ પછી અંગ્રેજી છઠ્ઠા ધોરણ માટે પોરબંદર ગયા. ત્યાં અંગ્રેજી ઇતર વાચનમાં પણ રસ જાગ્યો. દરમિયાન એમને ત્યાં એક પુત્રી જન્મી હતી, પણ અકાળે એ કરમાઈ ગઈ. ૧૯૧૪માં તેઓ મેટ્રિક્યુલેટ થયા.

આ પછી રામજીભાઈના સૂચનથી પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં જોડાવા માટે અરજી કરી. તેના ઇન્ટરવ્યૂમાં એ સમયમાં શુદ્ધ ગુજરાતી ગણાતા તહમે, જ્યહારે, ત્યહારે જેવા હકારવાળા શબ્દપ્રયોગ કરવા બદલ એ નોકરી મળી શકી નહિ !



ધૂમકેતુ

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી

આથી પ્રકટેલી હતાશામાં અચાનક, બીલખામાં એમને સંસ્કૃતનો રસ લગાડનાર ડૉ. નરભેરામે એમને જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં વધુ અભ્યાસાર્થે જવા સૂચવ્યું. એ મુજબ કૉલેજમાં જોડાયા અને પ્રીવિયસમાં નાપાસ થતાં બાબરાની મિડલ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈ ગયા. થોડા મહિના પછી ત્યાંથી છૂટા થઈ જૂનાગઢ જઈને ફરી પરીક્ષા આપી અને પાસ પણ થઈ ગયા. વીરપુર આવી ત્યાં શરૂ થયેલી રાજકુમાર સ્કૂલમાં સંસ્કૃત અને ગુજરાતીના શિક્ષક થયા. થોડા માસ પછી પાછા જૂનાગઢની કૉલેજમાં પહોંચી ગયા. દરમિયાન લેખનકાર્ય પણ ચાલતું. કાવ્યો ઉપરાંત, કેટલાક કાલ્પનિક સંવાદો અને નિબંધો લખ્યા. કેટલાક નવા પરિચયોથી તેમાં બળ પણ મળ્યું. ઇન્ટરમાં સેકન્ડ ક્લાસમાં પાસ થયા પછીયે આ પ્રવૃત્તિ ચાલતી રહી. સંવાદો, નાટકો, પત્રો, લેખો, વાર્તાઓ, ઐતિહાસિક પાત્રાલેખનો, સ્વગત સંભાષણો વગેરેનું લેખન આગળ ધપતું રહ્યું. મુંબઈ જઈ બી.એ.ની પરીક્ષા આપી આવીને વીરપુર જઈ પિતાના આગ્રહથી રેલવેમાં નોકરીમાં જોડાયા. આ નોકરીમાં આગળ જતાં બઢતીની સારી એવી તક હતી, પણ






ડાબી બાજુ : નવલિકાકાર તરીકેની પોતાની સ્થપાતી પ્રતિષ્ઠાના કાળમાં તથા (ઉપર) નવરાશની પળે હીંચકા પર 'ધૂમકેતુ'.

એ છોડીને પોસ્ટ ખાતામાં પેન્શનેબલ સર્વિસમાં જોડાવા અરજી કરી. પરિણામે રેલવેની નોકરી ખોઈ. જો કે એમને પાછા નોકરી પર તો લેવામાં આવ્યા, પણ એ પોતાના સ્વભાવને અનુકૂળ ન લાગતાં ફરી હાઈ સ્કૂલમાં શિક્ષક થવાનું નક્કી કર્યું.

દરમિયાન 'નવચેતન'માં એમની 'પૃથ્વીશ' વાર્તા શરૂ થઈ હતી. એમણે લખેલા સંવાદો વાંચી બાપુલાલ નાયકે એમને પોતાની નાટ્યકંપની માટે નાટક લખી આપવા માગણી કરી. નાટકો લખવાની એમને પણ ઇચ્છા ખરી, પરંતુ બીજાં લખાણો વચ્ચે લાંબાં ત્રિઅંકી નાટકો લખવા જેટલી સ્વસ્થતાના અભાવે એ દિશામાં આગળ વધાયું નહિ. રેલવેમાં જોડાવાની ફરી મળતી તકને પણ એમણે જતી કરી. હાઈ સ્કૂલમાં એમની બદલી કન્યા હાઈ સ્કૂલમાં કરવામાં આવી જે એમને જરાય જચ્યું નહિ. મન હવે વધુ ઊંચે ઊડવા આતુર હતું. દરમિયાન ગોંડલના એમના મિત્રોમાંથી બચુભાઈ રાવત અમદાવાદમાં 'સસ્તું સાહિત્ય'માં જોડાયા હતા. પંડિત રવિશંકર પણ અમદાવાદ પહોંચી ગયા હતા, અને દેશળજી પરમાર પણ અમદાવાદ જવા ઉત્સુક હતા. ગોંડલ છોડી અમદાવાદ જવાનું આકર્ષણ વધતું જતું હતું. ઇન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ' માસિકમાં જોડાવાની એમને ઉત્કંઠા હતી. બચુભાઈએ પણ એમને અમદાવાદ ખેંચી લેવા ઘણી મહેનત કરી હતી. ગોંડલના આ મિત્રોનો સાથ લઈને રવિશંકર રાવળ 'કુમાર'ના પ્રકાશનની યોજના ઘડી રહ્યા હતા. લેખકના નામ વિના કેવળ 'મળેલું' એવા ઉલ્લેખ સાથે એમણે 'પોસ્ટ ઓફિસ' વાર્તા પણ લખેલી, જે ૧૯૨૩ના એપ્રિલમાં પ્રકટ થએલી. તે પહેલાં 'સાહિત્ય'ના ૧૯૨૨ના માર્ચના અંકમાં 'પાગલ'ના તખલ્લુસથી એક વાર્તા આવેલી. 'કુમારપાલ' વિષેનો એક ઐતિહાસિક નિબંધ પણ 'સાહિત્ય'માં છપાએલો, અને તે પહેલાં 'સિદ્ધરાજ જયસિંહ' પરનો લેખ પણ છપાયેલો અને તેમણે 'ધૂમકેતુ'ના ઉપનામથી આપેલો.



ગોંડલમાં ધૂમકેતુનું નિવાસસ્થાન

'પોસ્ટ ઓફિસ' વાર્તા પછી નવલિકાનું રૂપ એમના મનમાં ઠસી ગયું એમ લાગે છે. એ પછી તો 'તણખા'ની જ વાર્તાઓ આવી છે. સાહિત્ય-જીવન જીવવાની ઉત્કટ અને અદમ્ય ઇચ્છા એમના મનમાં પ્રવર્તી રહી હતી. રાષ્ટ્રિય ઉત્થાનના એ સમયની પણ તેમાં અસર હતી. ગોંડલના સીમિત વાતાવરણમાંથી નીકળી અમદાવાદ તરફ જ ત્યારે એમની મીટ મંડાઇ રહી હતી.

એટલામાં 'વીસમી સદી'નું પ્રકાશન બંધ પડ્યું. તે પછી પ્રકટ થવા માંડેલાં સચિત્ર સામયિકોમાંના 'રંગભૂમિ'નું આગવું સ્થાન હતું. રંગભૂમિના ઉદ્ધાર અર્થે નૃસિંહદાસ વિભાકરે શરૂ કરેલા એ માસિકમાં પછી તો વાર્તા



કાવેરીના ધોધમાં
સર ચીનુભાઈ બેરોનેટ
સાથે સ્નાનનો આનંદ લેતા
તથા
સમવયસ્ક મિત્ર
શ્રી રવિશંકર રાવળ
સાથે
૧૯૨૬માં
શિમલામાં



નિબંધો નાટકો ઈતિહાસ એમ બધું આવતું. એમાં ધૂમકેતુએ પણ બે-ચાર લેખો મોકલેલા. એમાંનો એક લેખ સૌરાષ્ટ્રમાં બહુ સમર્થ હેડમાસ્તર ગણાએલા કૌશિકરામ વિઘ્નરામ મહેતાના વાચંવામાં આવેલો. કૌશિકરામ ત્યારે અમદાવાદમાં શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં રહ્યા હતા. આ તરફ ગોંડલમાં જ્યાં કોઈ પોતાને યોગ્ય જાહેરખબર દેખાય ત્યાં ધૂમકેતુ અરજી કરતા રહેતા હતા. આ રીતે અંબાલાલ શેઠને ત્યાં એક ઈતિહાસ-શિક્ષકની જરૂર હોવાની જાહેરાત એમણે વાંચી અને અરજી કરેલી. આ અરજીની જાણ કૌશિકરામને થઈ અને એમના લેખોથી પ્રભાવિત એમણે ધૂમકેતુને માટે ભલામણ કરી અને પરિણામે ધૂમકેતુને ૧૯૨૩માં અમદાવાદ આવવાનું થયું. અહીં એમને અંબાલાલ શેઠના સમૃધ્દ પુસ્તકાલયનો લાભ મળ્યો, પ્રવાસની તકો મળી અને વિવિધ કલાનાં ઉત્તેજનો સાથે પરિચયો કેળવાયા. પત્ની કાશીબહેને ઘરની કોઈ ચિંતા રહેવા દીધી નહોતી એટલે હવે નોકરી પછીના સમયમાં એમની સાહિત્ય-પ્રવૃત્તિ વેગથી ચાલવા લાગી.

રવિભાઈ, બચુભાઈ, દેશળજી પરમાર, રવિશંકર પંડિત વગેરે જૂના મિત્રોને અવારનવાર મળવાનું પણ બનતું અને ત્યારે 'તણખા'નો વાર્તાસંગ્રહ તૈયાર કરવાનું પણ વિચારાતું. બીજી બાજુ એમના લખાણોથી પ્રભાવિત સર ચીનુભાઈ બેરોનેટના કુટુંબ તરફથી રહેવા ઘર, મોભો અને ઇચ્છિત પગાર સાથે એમને ત્યાં શિક્ષક તરીકે જોડાવાનો રવિભાઈ મારફત પ્રસ્તાવ આવ્યો. ધૂમકેતુ આનો સ્વીકાર કરી ૧૯૨૫માં ત્યાં જોડાઈ ગયા. અમદાવાદમાં ખાનપુર વિસ્તારમાં રહેવા માટે મકાન પણ મળ્યું, જ્યાં વર્ષો સુધી રહીને એમણે પોતાનું મોટાભાગનું સાહિત્યસર્જન કરેલું. વળી, સર ચીનુભાઈના કુટુંબ સાથે દેશનાં અનેક સ્થળોના પ્રવાસ પણ થયા. આવા કેટલાક પ્રવાસોનાં વર્ણન એમણે 'પગદંડી'માં ઉતાર્યાં છે.

૧૯૨૬ના મે માસમાં એમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'તણખા' પ્રકટ થયો. રવિભાઈ તથા પંડિત રવિશંકરનાં ચિત્રો સાથેની સારા કાગળ તથા સુંદર છપાઈ સાથેની એની ખાસ આવૃત્તિની કિંમત ત્યારે બે રૂપિયા હતી, જ્યારે ચિત્રો વગરની એક બીજી સાદી આવૃત્તિ પણ તે સાથે પ્રકટ કરાએલી, જેની કિંમત આઠ આના (આજના ૫૦ પૈસા) હતી. ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં તેને ઘણો સારો આવકાર મળ્યો. ગુજરાતી નવલિકાનું એક નવું સ્વરૂપ પ્રકટ થયું. અલબત્ત, 'મલયાનિલ' વગેરે દ્વારા ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાઓનું ખેડાણ તો ત્યારે થયું જ હતું, પણ અનેક કલાત્મક વાર્તાઓના સર્જનને લીધે ગુજરાતી નવલિકાના પ્રણેતા તરીકેનું સ્થાન તો ધૂમકેતુને જ અપાયું છે.

એ પછી તો 'તણખા' સહિત ૨૪ જેટલા વાર્તાસંગ્રહો એમણે આપ્યા છે, જેમાં સામાન્ય દીનદરિદ્ર પાત્રોનો ક્રાંતિરૂપ નવલિકાપ્રવેશ કરાવવાનો યશ એમને ઘટે છે. આ વાર્તાઓમાં એમણે મસ્તીભર્યા, રંગદર્શી, કલ્પનારંગ્યા વાતાવરણમાં આદર્શ કે ભાવનાનું નિરૂપણ અને ઊર્મિનું ઉત્કટ આલેખન કર્યું છે. એમની નવલિકઓ વાસ્તવલક્ષી છે અને એમાં એમનું વલણ સમાજસુધારણા પ્રતિનું દેખાય છે. ગાંધીયુગની ભાવનાઓનો પડઘો પણ એમણે એમાં ઝીલ્યો છે. માનવ-સંવેદનની સૂક્ષ્મ ક્ષણો, લાગણીઓ, સ્ત્રીની વેદના, કરુણા અને વત્સલતા, માનવઅંતરના દ્વંદ્વ, આનંદ અને વિષદનાં નિરૂપણો પણ તેમાં છે; તો બીજી બાજુ પ્રાચીન, મધ્ય અને ભવિષ્યકાળને નિરૂપતી વાર્તાઓ પણ છે. રંગદર્શી પ્રકૃતિના એ સર્જક, એટલે લાગણીઓનું નિરૂપણ, વેગ, કાવ્ય સમી ગદ્યશૈલી, વાતાવરણની ચિત્રાત્મકતા અને ક્વચિત ચિંતન તેમજ ધૂની-તરંગી પાત્રો એમની નવલિકાઓમાં પ્રકટ થાય છે. વાર્તા કથનની એમની આગવી શૈલી છે. લોકબોલીનો લહેજો, આલંકરિક અને સચોટ પ્રભાવ નિરૂપતું ગદ્ય તથા સંવાદો એમની વાર્તાઓને ઓપ આપે છે.

અલબત્ત, ક્વચિત કથળતું સંવિધાન, ગ્રામજીવન પ્રત્યેનો પક્ષપાત અને નગરસંસ્કૃતિ પ્રત્યેનો અણગમો, જૂનાં મૂલ્યોની પ્રતિષ્ઠા, ઊર્મિનો અતિરેક, ચિંતનનો વધુ મોહ, આદિ એમની વાર્તાઓની મર્યાદા પણ બની જતી લાગે છે. છતાં આનાથી મુક્ત એવી અનેક નવલિકાઓ એમણે આપી જ છે.

એમની અનેક વાર્તાઓ હિન્દી, મરાઠી, તેલુગુ ભાષામાં પણ ભાષાંતરિત થઈ છે. એમની 'પોસ્ટ ઑફિસ' વાર્તા 'ધ લેટર' નામે ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસના 'ટેન ટેલ્સ'માં અંગ્રેજીમાં પણ લેવાઈ છે, અને તેના પરથી બીજી કેટલીક વિદેશી ભાષામાં પણ એ વાર્તા ઊતરી છે. 'સ્ટોરીઝ ફ્રોમ લેન્ડ્સ'માં ૪૦ રાષ્ટ્રોની શ્રેષ્ઠ વાર્તાઓમાં પણ આ વાર્તા લેવાઈ છે.

૧૯૨૪માં 'કુમાર' શરૂ થયું. તેના પહેલા વર્ષમાં 'ગૂમ થએલી તસવીર' નામની એમની વાર્તા આવેલી. તે પછી નરકેસરી નેપોલીઅન, જંગ બહાદુર, હ્યુએન સંગ, પરશુરામ વગેરેનાં ચરિત્રો, ગામડાંની ધૂળમાં ઢંકાએલાં તથા કવિરાજ નાટિકઓ, ઈતિહાસ-દર્શન લેખમાળા અને કેટલીક વાર્તાઓ પણ આવી છે. છેલ્લે 'કુમાર'ના ૨૦૦મા અંકમાં 'નાતિયો ભીલ' નામની એમની એક ઈતિહાસ-કથા પ્રકટ થએલી.

ઈ. ૧૯૪૦માં પિતા ગોવર્ધનરામનું નિધન થયું - બરાબર એમણે પંદર દિવસ પહેલાં ભાખેલી તિથિએ જ.એ વખતે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય લખાઈ રહ્યું હતું. એ અંગે અભ્યાસ અર્થે વાંચેલા મબલખ સાહિત્યમાંથી મળેલા અનેક ઐતિહાસિક સંદર્ભો પરથી આગળ જતાં ધૂમકેતુએ ચૌલુક્ય નવલકથાવલિ રચી અને ત્યારબાદ એમણે ગુપ્તયુગને પણ નવલકથાવલિમાં ઉતાર્યો. નવલકથા લખતાં થાકે ત્યારે હળવા પ્રકારનું લેખન કરે. આ રીતે એમણે લોકશિક્ષણ માટેનાં નાનાંમોટાં પુસ્તકો લખ્યાં.

ઐતિહાસિક તેમજ સામાજિક નવલકથાઓનો એમણે આપેલો ફાલ પણ મોટો છે. ૧૯૨૩માં 'પૃથ્વીશ' થી આરંભી ૧૯૬૬માં 'ધ્રુવદેવી' સુધીના આ ફાલમાં સાંપ્રત સમાજની અભિપ્રેરણા છે, તો દેશી રજવાડાના કાવાદાવાને આલેખતી નૂતન પરિસ્થિતિમાં પ્રકટતી લોકજાગૃતિનું નિરૂપણ કર્યું છે. લોકતંત્ર, ગ્રામસ્વરાજ વગેરે ભાવનાના નિરૂપણ સાથે રાજખટપટનો યથાર્થ ચિતાર પણ એમાં મળી રહે છે. એમનાં પાત્ર-વસ્તુમાં આદર્શમયતા ને ગામડાં પ્રત્યેનો પક્ષપાત દેખાય છે; છતાં કથાવેગ, ચરિત્રનિરૂપણ, રહસ્યમયતા અને શૈલીને કારણે વાચનક્ષમતા છે. ૧૯૪૦થી '૬૨ સુધીની એમની ઐતિહાસિક નવલકથાઓમાં ચૌલુક્યયુગની કથા દ્વારા એમણે ગુજરાતની તેમજ ગુપ્તયુગની કથા દ્વારા એમણે ભારતની અસ્મિતા પ્રકટ કરવાનો ઉદ્દેશ રાખ્યો છે. રસ અને જિજ્ઞાસા સંતોષે તેવી કથાઘટનાનું એમાં સંયોજન છે. છતાં ક્યાંક સંવિધાનની શિથિલતા, પ્રસંગ અને પાત્રોની એકવિધતા, રહસ્ય, સાહસ અદ્‌ભુત આદિનું આયાસભર્યું નિરૂપણ તથા વર્ણનના પ્રસ્તારને કારણે એમની ઐતિહાસિક નવલકથાઓ શિથિલ બની જતી લાગે છે.

એમના 'સાહિત્યવિચારણા' (૧૯૬૯)ગ્રંથમાં ટૂંકીવાર્તા સ્વરૂપ વિષેના એમના વિચારો તથા કેટલાક અંજલિ લેખો છે. 'જીવનવિચારણા'માં સમાજ-હિતચિંતક ધૂમકેતુ જોવા મળે છે. 'પાનગોષ્ટિ' (૧૯૪૨)માં ચિંતન સાથેની એમની હાસ્યનિબંધિકાઓ છે. 'પગદંડી' (૧૯૪૦)માં અનુભૂતિની સાહજિકતા તથા આલંકારિક ગદ્યના સ્પર્શવાળાં પ્રકૃતિસૌંદર્યનાં વર્ણનો જોવા મળે છે, જેમાંનાં વિવિધ સ્થળોના ઐતિહાસિક સંદર્ભો એમની બહુશ્રુતતાનો પરિચય આપે છે. 'રજકણ'(૧૯૩૪)થી 'પદ્મરેણુ' (૧૯૫૧) જેવી કૃતિઓમાં ચિંતનકણિકાઓનું દર્શન છે. સૂત્રાત્મક શૈલીની સાથોસાથ ગદ્યના કુળશ કસબી ધૂમકેતુનો સંનિષ્ઠ નિબંધલેખક તરીકેનો તેમાં પરિચય મળે છે.

'એકલવ્ય અને બીજાં નાટકો' (૧૯૩૩) તથા 'ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો' (૧૯૪૨) એ એમના નાટ્યસંગ્રહો છે.

'જીવનપંથ' અને 'જીવનરંગ' એ એમની આત્મકથા છે. ૧૮૯૨થી ૧૯૨૬ સુધીનાં સંસ્મરણોનું તેમાં આલેખન છે. પ્રકૃતિનાં કલ્પનાશીલ ચિત્રાત્મક વર્ણનો, વિવિધ પાત્રો, વીતેલા જમાનાની ઘટનાઓ આદિને સુંદર રીતે એમણે આલેખ્યાં છે.

ઈ. ૧૯૩૫માં ગુજરાત સાહિત્યસભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક એમને અપાયાની જાહેરાત થઈ હતી, પરંતુ એમણે તેનો સાભાર અસ્વીકાર કરેલો. ૧૯૪૮માં ગુજરાતી સાહિત્ય પરિષદના વડોદરા-અધિવેશનમાં સાહિત્ય વિભાગના એ પ્રમુખ હતા. ૧૯૪૯ થી '૫૩ના પાંચ વર્ષના ગાળાનો સૂરત સાહિત્યસભાનો નર્મદ સુવર્ણચંદ્રક મળેલો. ૧૯૫૩માં દિલ્હી આકાશવાણી પરના સાહિત્ય સમારંભમાં ગુજરાતી વાર્તાકારોનું એમણે પ્રતિનિધિત્વ કરી સ્વમુખે એક વાર્તાનું પ્રસારણ કરેલું.

જીવનમાં ત્રણત્રણ વાર એ ઘાતમાંથી ઉગરી ગયા હતા - ૧૯૨૬માં કલકત્તામાં કોમી રમખાણમાં એક ટોળામાં ફસાઈ જતાં ઘાતમાંથી, ૧૯૩૪માં એમના આવાસ નજીક નવા બંધાતા કૂવાની આડશ તૂટી પડતાં તેમાંથી અને ૧૯૪૯માં અમદાવાદમાં ગાંધીરોડ પરની સેન્ટ્રલ બૅંક પર પડેલી ધાડ વખતે થયેલા ગોળીબારમાંથી એમનો અદ્‌ભુત બચાવ થએલો. પણ ૧૯૬૫માં ૧૮ ફેબ્રુઆરીએ એમને હર્નિયાનો દુખાવો ઊપડ્યો. હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા, અને ત્રણ અઠવાડિયા પથારીવશ રહી ૧૧ માર્ચ ગુરુવારે રાતે આઠ વાગ્યે એમનું નિધન થયું. જીવનનું સંચિત બધું એમણે પોતાનાં લખાણો દ્વારા આપ્યું છે. પોતાની નવલિકાઓ દ્વારા ગુજરાતી સાહિત્યને અનેરું પ્રદાન કરવા સાથે ગુજરાતીભાષી વાચકોમાં એમણે વાર્તાવાચનની અભિરુચિ કેળવી હતી.

□

'કુમારના' ચયનગ્રંથો

'કુમાર'ની પ્રથમ વીસ વર્ષની ફાઈલોમાંથી ચૂંટેલાં કાવ્યો, જીવનચરિત્રો અને વાર્તાઓના ત્રણ ચયનગ્રંથો પ્રકટ થઈ ગયા છે. ત્રણેયનું કુલ મૂલ્ય રૂ. ૧૧૦ છે. પેટ્રન અને સંવર્ધક સભ્યોને તે ૨૦% વળતરથી મળી શકશે. સંસ્થાઓને ૧૦% અને પુસ્તક વિક્રેતાઓને ૨૦% વળતરથી મળી શકશે. રૂબરૂમાં તે કાર્યાલયમાંથી ૧૧ થી ૫ દરમિયાન પ્રાપ્ય છે. ટપાલથી મંગાવનારે સાદા બુક પોસ્ટના રૂ. ૪ તથા રજિસ્ટર્ડ બુક પોસ્ટથી મંગવાનારે રૂ. ૮ વધુ મોકલવા.

બાપુનાં સંભારણાં

દક્ષિણકુમાર જોશી

બાપુના આ જન્મશતાબ્દી વર્ષમાં એમનાં કેટલાંક સ્મરણો તાજાં થાય છે. 'તણખા મંડળ ૧'નું પ્રકાશન ૧૯૨૬માં થયું. એમાંની ૧૯માંથી ૧૫ વાર્તાઓ સહુપ્રથમ ૧૯૨૩-૨૫ના સમયગાળામાં 'સાહિત્ય', 'ગુજરાત', 'રંગભૂમિ', 'નવચેતન', 'યુગધર્મ' આદિ સામયિકોમાં પ્રકટ થએલી અને ખૂબ લોકચાહના પામેલી. 'તણખા' મંડળ-૧ માટે ઉક્ત ૧૫ પ્રકટ વાર્તાઓ ઉપરાંત ૪ વાર્તાઓ બાપુએ નવી લખેલી. બચુભાઈ રાવત, દેશળજી પરમાર, રવિશંકર પંડિત આદિ મિત્રોએ ચાળીચાળીને પ્રસ્તુત સંગ્રહ માટે વાર્તાઓ પસંદ કરવામાં ખરા દિલથી બાપુને મદદ કરેલી. ૧૯૨૦ પછીના સમયમાં બાપુએ ટૂંકી વાર્તાના પંથે પ્રસ્થાન કર્યું તે પછી ચાળીશેક વાર્તાઓ પ્રકટ થએલી. પરંતુ બાપુ જેને લખાણનો 'વ્યાયામ' કહેતા તે લખવાનો પરિશ્રમ કરવાનું એમને સહજ હતું, એ જોતાં જે બધું લખાય તે પ્રકટ કરવાનો મોહ એમણે ક્યારેય રાખ્યો નહોતો. આથી જ 'તણખા' મંડળ ૧ની વાર્તા પસંદગીમાં ઊંચુ ધોરણ એમણે અપનાવેલું.

બાપુના જીવનનો ઇ. ૧૯૧૮-'૨૬નો ગાળો સંઘર્ષ અને મંથનનો ગણી શકાય. બાપુ ગોંડલથી ૧૯૨૨-૨૩ માં અમદાવાદ આવ્યા અને '૫ રિટ્રીટ'માં અંબાલાલ શેઠની ખાનગી કુટુંબશાળામાં શિક્ષક તરીકે જોડાયા, જેમાં નિમિત્તરૂપ હતા ચિત્રકાર મિત્ર રવિશંકર રાવળ. બાપુને રવિભાઈની પ્રથમ ઓળખાણ ૧૯૧૮માં ગોંડલમાં થએલી. જૂનાગઢની બહાઉદ્દીન કોલેજના અંગ્રેજ પ્રિન્સીપાલ સ્કૉટની પૂરા માનવકદની તસવીર તૈયાર કરવાનું કામ સ્વીકારેલું ત્યારે જૂનાગઢ જતાં વચ્ચે એક રાત ગોંડલ ઉતરેલા તે વખતે બચુભાઈ રાવત, રવિશંકર પંડિત, દેશળજી પરમાર એ સહુ મિત્રોનું મિલન યોજાયું હતું. તેમાં બાપુ પણ હતા; ત્યારથી રવિભાઈ સાથે થએલી ઓળખાણ બાપુનો જીવનપથ બદલવામાં એક અગત્યનું પરિબળ બની રહી.

બાપુએ અમદાવાદમાં અંબાલાલ શેઠને ત્યાં ખાનગી શિક્ષક તરીકે જીવન શરૂ કર્યું. સાહિત્યની લગની તો લોહીમાં ભળેલી હતી. અંબાલાલ શેઠનાં કુશાગ્ર બુદ્ધિનાં બાળકો ઘણીવાર બાપુને પૂછતાં : 'જોશીમાસ્તર ! તમને લખવાનો સમય ક્યારે મળે ? રાત્રિના સમયે કેટલા કલાક તમને લખવાનું ફાવે?' આ સવાલો પાછળનું રહસ્ય કળી જતા બાપુને વાર લાગી નહિ. પોતાની લખવાની લગની બંગલામાં સહુ કોઈને ખૂંચતી હોવાનું એ રીતે જાણ્યું ત્યારે બાપુએ મનોમન નિશ્ચય કરી લીધો કે મારે માટે ભવિષ્યમાં આ લખવાની વાત જ નોકરી માટે વિઘ્ન ઊભું કરે.

શેઠના કુટુંબ સાથે એક ઉનાળામાં નૈનીતાલ ગએલા ત્યારે સર ચીનુભાઈ બેરોનેટનું કુટુંબ પણ ત્યાં જ હતું. રવિભાઈને શેઠ અંબાલાલ અને બેરોનેટના કુટુંબો સાથે સારો સંબંધ હતો. બાપુની મનોવ્યથાને રવિભાઈએ ગ્રહણ કરી લીધેલી. એટલે બેરોનેટને ત્યાં એકવાર ચાપાણીના સમયે બોલાવીને ચૈતન્યપ્રસાદ, ગીજુભાઈ સાથે ઓળખાણ કરાવીને બેરોનેટ કુટુંબનાં બાળકો માટે શિક્ષક તરીકે બાપુની નિમણૂક કરવાનું રવિભાઈએ ગોઠવી આપેલું. બાપુનું લેખન સલામત બનતું ચાલ્યું.

અમારા માટે જ ખાસ બંધાવેલ, અમારા ખાનપુરને ઘેર કાયમી વસવાટ થયો તે પહેલાં, શાહીબાગનું મકાન છોડ્યાં પછી, આજે નેહરુબ્રિજને છેડે આવેલી આગાખાન કોલોનીમાં અમારો વસવાટ. ૧૯૨૩થી '૨૬ના સમયગાળામાં ઉનાળામાં શેઠના કુટુંબીજનો સાથે જુદાં જુદાં હિલ-સ્ટેશનો પર બાપુને જવાનું થતાં વિશાળ ભારતનો સંદર્ભ એમનની વાર્તાઓમાં પ્રવેશ્યો. ભિન્નભિન્ન સ્તરનાં પાત્રો, વાર્તાનું વિષયવસ્તુ, ઘટનાસ્થળો, આદિમાં સૌરાષ્ટ્રથી હિમાલય સુધીનો વ્યાપ જોઈ શકાય છે. 'તણખા'ની 'પોસ્ટ ઑફિસ' વાર્તા તે સમયમાં વડોદરાથી હરગોવિન્દદાસ કાંટાવાળાના તંત્રીપદે પ્રકટ થતા 'સાહિત્ય' માસિકમાં પ્રકટ થએલી ત્યારે વાર્તાને છેડે 'મળેલું' એવું છપાએલું ! બાપુની આ વાર્તાનું બીજ, પ્રથમ પુત્રી સંધ્યાના અવસાન પછી ૧૯૧૦માં બાપુની મનઃસ્થિતિની સૂચક એમની બે કાવ્યપંક્તિઓમાં જોઈ શકાય છે :

> 'તું મુજ દુઃખ વિશ્રામ, સુખમય હતી આ જિંદગી,
> કલરવ તારો હાય ! કર્ણે સુણું હું બાપલા !' ॥

બાપુએ પુત્રીવિરહનો વિષાદ અંતરમાં આજીવન સંઘરી રાખેલો તે શું આ 'પોસ્ટ ઑફિસ' વાર્તામાં વ્યક્ત નહીં થયો હોય ?

'પોસ્ટ ઑફિસ' વાર્તાનું અંગ્રેજી ભાષાંતર '૫ લેટર' એ નામે ઓક્સફર્ડ યુનિવર્સિટીએ 'ટેન ટેલ્સ'માં ૧૯૩૩માં પ્રકાશિત કર્યું. અંગ્રેજી અનુવાદના કૉપિરાઈટ ઉપર્યુક્ત સંસ્થાનો હતો. બાપુએ કહેલું : 'તે સમયમાં હૈદરાબાદ સ્ટેટ અને મદ્રાસ યુનિવર્સિટીમાં મેટ્રિકના એક જ વાર્તાસંગ્રહમાં '૫ લેટર'ને સ્થાન મળેલું. ત્યારે તેની બે લાખ ઉપરાંત નકલો છાપવાની હતી. પ્રકાશકોએ રૂ. ૨૫૦ ઓક્સફર્ડને રૉયલ્ટિના આપવાની વાત કરી. ઓક્સફર્ડે તે ના સ્વીકારી અને તે માટે કડક શરત મૂકીને સારી એવી રકમ પ્રકાશક પાસે મંજૂર કરાવેલી.' આ વાર્તાના અંગ્રેજી અનુવાદ માટે શબ્દદીઠ બાર આના (હાલના ૭૫ પૈસા) પ્રમાણે ગણતા ઓક્સફર્ડે લગભગ ૨૦૦૦ રૂપિયાનો પુરસ્કાર બાપુને ચૂકવેલો. પ્રતિષ્ઠા ધરાવતા પ્રકાશકો કેટલા જાગૃત હોય છે તેનું આ ઉદાહરણ છે.

*

ગુજરાતમાં સાહિત્ય અને કલાના ક્ષેત્રે કરેલાં ઉત્તમ કાર્ય માટે અપાતા રણજિતરામ સુવર્ણચંદ્રકને બાપુ ઘણો જ ગૌરવવંતો ગણતા. ૧૯૨૮નો એક પ્રસંગ યાદ આવે છે. પ્રથમ રણજિતરામ ચંદ્રક તે વર્ષે ઝવેરચંદ મેઘાણીને આપવાનો નિર્ણય લેવાયો. મારી ઉંમર નવેક વર્ષની હશે. સવારે મેં બાપુને એમનો લાંબો કોટ પહેરેલા, માથા ઉપરની કાશ્મીરી ટોપીને સરખી કરીને

બહાર જવાની ઉતાવળમાં જોયેલા. બાએ, બાપુને કહેલું : 'લ્યો, આનેય સાથે લેતા જાઓ.' બાપુ હસી પડ્યા. કહે, 'ગાંડાભાઈની ઊંઘ હજી ક્યાં ઊડી છે?' ત્યારે બાએ કંઈક ફોડ પાડતાં કહેલું : 'ઓલ્યા હાલરડાવાળા મેઘાણીભાઈને સ્ટેશને મળવાની એમને ઘણી ઉતાવળ છે.'

આઠ આનાં (હાલના ૫૦ પૈસા)માં ભદ્રથી સ્ટેશનનો ટપ્પો કરીને મેઘાણીભાઈને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યાની વધાઈ આપવા બાપુ સ્ટેશને સહુપ્રથમ પહોંચેલા. આગળ જોઈએ તો રણજિતરામ સુવર્ણચંદ્રક ૧૯૩૫માં બાપુને અર્પણ કરવાનો નિર્ણય જાહેર થયો ત્યારે બાપુએ તેનો સવિનય અસ્વીકાર કરેલો. આ સંદર્ભમા ત્રણેક વર્ષ પહેલાંનું બાપુનું મંથન ૧૯૩૨ની એમની નોંધને આધારે જાણવા જેવું છે. ત્યારે રણજિતરામ સુવાર્ણચંદ્રકના નિર્ણાયકોમાં હતા મટુભાઈ, અતિસુખશંકર ત્રિવેદી, આનંદશંકર ધ્રુવ, કૃષ્ણલાલ ઝવેરી અને કેશવ હ. ધ્રુવ. આનંદશંકર ધ્રુવની દોરવણી નીચેની એ સમિતિએ એવો મત પ્રકટ કર્યો કે નવલકથા-વાર્તાના સ્વરૂપો માટે ૧૯૩૨ના વર્ષ માટે વિચાર કરવો. એ સંદર્ભમાં ન્હાનાલાલ કવિનું 'સંઘમિત્રા' વિચારણાની બહાર રહ્યું. વળી, વયોવૃદ્ધ કરતાં નવીનોનો એ ચંદ્રક માટે વિચાર કરવાનો મત પણ બંધાયો. પછી તો ર. વ. દેસાઈ માટે નિર્ણય લેવાઈ ગયો. મુનશી પણ બાકાત રખાયા. તે વર્ષે એક બપોરે બાપુ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ગયા ત્યારે હીરાલાલ પારેખે એ વર્ષના ચંદ્રકના સમાચાર સૌપ્રથમ બાપુને આપ્યા. બાપુને આશ્ચર્ય થયું. પોતાને જ એ ચંદ્રક મળશે એવી એમણે ધારણા કરેલી. તેમણે તે વખતે મનોમન નિર્ણય કરી લીધો : 'હવે ભવિષ્યમાં કોઈવાર એ મળે તો એનો અસ્વીકાર જ કરવો.' બાપુ લખે છે : 'મારો એમાં ego હશે.' આમ, ૧૯૩૫માં રણજિતરામ સુવર્ણચંદ્રકનો એમણે અસ્વીકાર કરેલો; પણ ત્યાર પછીનાં વર્ષોમાં બાપુનો ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સાથેનો સંબંધ તો પૂર્વવત જ રહ્યો હતો.

*

ઈ. ૧૯૩૯-૪૦ની વાત યાદ આવે છે. અમારા દાદા ગોવર્ધનબાપાની અસ્વસ્થ તબિયત વધુ બગડ્યાનો ગોંડલથી અંબાશંકરકાકાએ તાર કરેલો. બાપુ તરત જ ગોંડલ પહોંચી ગયા. પરંતુ અઠવાડિયા સુધી બાપુનો પત્ર ન આવતાં બાએ ચિંતાથી કહેલું, 'બાપાની તબિયત તો સારી હશે ને ? તારા બાપુને પાનાં ભરીને લખવાની આળસ થતી નથી તેમને કોણ જાણે કેમ બે લીટીનું પત્તું લખવાનું જોર પડે છે.' પણ તે રાત્રે જ બાપુ આવ્યા. સાવ ભાંગી પડેલા. અમે એમને હીંચકે બેસાડ્યા. શાલનો છેડો મોં પર નાખીને હીબકે હીબકે બાપુ રડી પડ્યા. કેટલીય વારે બોલ્યા, 'બાપા સાચો જીવ હતા. પંદરેક દિવસ પહેલાં એમણે વાતવાતમાં આખા પરાના માણસોને જુદે જુદે સમયે કહી દીધેલું કે હવે સહુની સાથેનો સંબંધ પૂરો થવા આવ્યો છે.'

તે દિવસોમાં મેઘાણીભાઈએ 'જન્મભૂમિ'ની 'કલમ કિતાબ' કટારમાં નોંધેલું, "ધૂમકેતુના પિતાનો દેહ પંચ્યાશીની ઉમ્મરે પડ્યો. મને [illegible] આટલું જ કહ્યું, 'હેમચંદ્ર'ના ચરિત્રનો છેલ્લો ફરમો પ્રેસમાં હતો તેમાં એમના મૃત્યુ વિષેની ઘટનાના સંદર્ભમાં મેં ફૂટનોટ મૂકેલી - મોટા પુરુષોનો મહિમા વધારવાની આ વાત હોઈ શકે." બૌદ્ધિક રીતે બાપુને ત્યારે હેમચંદ્રાચાર્યની પોતાના મૃત્યુ વિશેની આગાહી ગળે નહિ ઊતરી હોય. પરંતુ પોતાના જ બાપાની આવી ઘટના સાંભળી બાપુનો મત બદલાયો. બાપુ નોંધે છે: 'મારા જીવનની હમણાંની ઘટનાએ મને જે અનુભૂતિ થઈ આવી તેના સંદર્ભમાં મેં 'હેમચંદ્ર'ના ચરિત્રમાં મૂકેલી ફૂટનોટ સુધારી લીધી."

તે સમયની બાપુની અનેક નોંધો વાંચીને મેઘાણીભાઈએ કહેલું, 'તમારું ઐતિહાસિક અન્વેષણ ઘણું જબરું છે. જાણે તમે ગુજરાતનો આખો ઈતિહાસ નોંધી લીધો છે. ભાઈ, પિતાનો શોક ખંખેરીને આમાંથી કાંઈક નવું સર્જન કેમ ન કરો ?' આમ, બાપુના આજીવન મિત્ર મેઘાણીભાઈએ બાપુને શોકમુક્ત થવા ઐતિહાસિક નવલકથાઓના સર્જનને પંથે ચઢાવી દીધા. અને એમની પહેલી નવલકથા 'ચૌલાદેવી' આવી. ચૌલુક્ય યુગની સિલસિલાબંધ પંદર અને પછી ગુપ્તયુગની તેર ઐતિહાસિક નવલકથાઓ બાપુએ આપી. ૧૧મી માર્ચ ૧૯૬૫માં એમના અવસાનને કારણે ગુપ્તયુગની એમની છેલ્લી નવલકથા 'ધ્રુવદેવી' અધૂરી રહી ગઈ.

એમના જન્મશતાબ્દી વર્ષમાં બાપુને મારાં-અમારા પરિવારનાં ઘણાં ઘણાં વંદન ! □

પોસ્ટ ઓફિસ

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગિરી ચમકી રહે તેમ નાના મોટા તારઓથી ચમકી રહ્યું હતું. થંડા પવનના સૂસવાટથી પોતાના જૂના અને ફાટેલ ઝબ્બાને શરીરે વધારે ને વધારે લપેટી લેતો એક વૃધ્દ ડોસો શહેરના મધ્ય ભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના બુલંદ સ્વર સાથે શહેરની એકાંત રાત્રિમાં ડોસાનો મદદગાર હોય તેમ સાથે ને સાથે આવતો હતો : એકાદ કુતરાનો અવાજ, કોઈક વહેલા ઉઠનારનો પગરખાંનો છેટેથી સંભળાતો શબ્દ કે ક્યારેક એકાદ પક્ષીનો ઉતાવળો સ્વર, એ શિવાય શહેર તદ્દન શાંત હતું : લોકો મીઠી નિદ્રામાં ઘેરાતા હતા : અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ને વધારે ગાઢ બનતી હતી : કહે નહિ છતાં કતલ કરી નાંખે એવા મીઠાં મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી, કાતિલ હથિઆરની માફક, પોતાનો કાબુ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃધ્દ ડોસો ધ્રુજતો ને શાંત રીતે ડગુ ડગુ ચાલતો શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી ચડયો; ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડોની હાર હતી, ને બીજી બાજુ શહેરોનો બાગ હતો. આંહી ઠંડી વધારે હતી ને રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો, ને શુક્રના તારનું મીઠું તેજ બરફ પડે તેમ પૃથ્વી પર ઠંડીના કટકા જેવું પડતું હતું. જયાં બાગનો છેડો હતો, ત્યાં એક છેલ્લામાં છેલ્લી ઢબનું રોનકદાર મકાન હતું, જયાં બાગનો છેડો હતો, ત્યાં એક છેલ્લામાં છેલ્લી ઢબનું રોનકદાર મકાન હતું, ને તેની બંધ બારી તથા બારણામાંથી દીવાનો ઉજાસ બહાર પડતો હતો.

ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રધ્દાભર્યો આનંદ પામે, તેમ વૃધ્દ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો. કમાન પર એક વૃધ્દ પાટીઆમાં નવા અક્ષર લખ્યા હતા: 'પોસ્ટ ઓફિસ'

ડોસો ઓફિસની બહાર પડથાળ પર બેઠો. અંદરથી અવાજ આવતો નહીં હતો, પણ બે ચાર જણા કામમાં હોય તેમ વ્યાવહારિક 'ધુસપુસ' થતી હતી.

'પોલિસ સુપરિન્ટેન્ડેન્ટ' અંદરથી અવાજ આવ્યો : ડોસો ચમક્યો પણ પાછો શાંત બની બેઠો : શ્રધ્દા અને સ્નેહ આટલી ઠંડીમાં એને ઉષ્મા આપી રહ્યાં હતાં.

અંદરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા : કારકુન અંગ્રેજી કાગળોનાં સરનામાં બોલી બોલી, પોસ્ટમેન તરફ ફેંકતો હતો :

કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, દિવાન સાહેબ, લાઈબ્રેરીઅન, એક પછી એક અનેક નામ બોલવાનો અભ્યાસી ઝપાટાબંધ કાગળો ફેંક્યે જતો હતો.

અંદરથી એક મીઠો મશ્કરી ભર્યો અવાજ આવ્યો : કોચમીન અલી ડોસા !

વૃધ્દ ડોસો હતો ત્યાંથી બેઠો થયો : શ્રધ્દાથી આકાશ સામે જોયું : આગળ વધ્યો ને બારણા પર હાથ મૂક્યો :



'આવો અલીભાઈ ! આ તમારો કાગળ !'
'તણખા' મંડળ ૧ની પ્રથમ આવૃત્તિ માટે રવિશંકર રાવળે કરેલું પ્રસંગચિત્ર

ગોકળભાઈ !

કોણ ?

કોચમીન અલી ડોસાનો કાગળ કીધો નાં ? હું આવ્યો છું ! જવાબમાં નિષ્ઠુર મશ્કરી ભરેલું હાસ્ય આવ્યું.

સાહેબ ! આ એક ગાંડો ડોસો છે. એને હમ્મેશાં પોસ્ટ ઓફિસે કાગળ લેવાનો ધક્કો ખાવો પડે છે.

કારકુને આ શબ્દો પોસ્ટ માસ્તરને કીધા, ત્યાં ડોસો પોતના સ્થાન પર પાછો બેસી ગયો હતો. પાંચ વર્ષ થયાં એ જગ્યાએ બેસવાનો એને અભ્યાસ હતો.

અલી મૂળ હોંશીઆર શિકારી હતો : પછી ધીમે ધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હમ્મેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દ્રષ્ટિ પડતી કે તરત તેના હાથમાં તેતર પડયું જ હોય !

એની તીક્ષ્ણ દ્રષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી : ને આસપાસના સુકા ભુરા પીળા 'કાળડાં'ના કે રાંપડાના ચાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા ચતુર સસલાના ભુરાપીળા રંગને ક્યારેક ખુદ શિકારી કુતરા જૂદો ન પાડી શકતાં આગળ વધી જતા ને સસલું બચી જતું ; પરંતુ અલીની ઈટાલીના ગરૂડ જેવી દ્રષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી : ને બીજી જ પળે તે રહેતું નહીં. પછી ક્યારેક મચ્છીમારનો મિત્ર પણ બની જતો : જયારે જીવન સંધ્યા પહોંચતી લાગી, ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં પહોંચી ગયો. એની એકની એક દિકરી મરીયમ પરણીને સાસરે ગઈ : એના જમાઈને લશ્કરમાં નોકરી હતી તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ; અને જેને માટે પોતે જીવન નિભાવતો હતો તે મરીયમના છેલ્લા પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહીં. અલીએ હવે જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે: પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળ વ્યાકુળ દોડતાં જોઈ હસતો. એનો - શિકારીનો આ આનંદ હતો.

શિકારનો રસ એની નસનસમાં ઉતરી ગયો હતો; પરંતુ જે દિવસે મરીયમ ગઈ ને તેને જીંદગીમાં પહેલી વખત એકલતા લાગી, ત્યારથી અલી શિકાર કરતાં ભૂલી સ્થિર દષ્ટિથી અનાજનાં ભરચક્ક લીલાં ખેતર પર દષ્ટિ ફેરવતો જોઈ રહ્યો ! એને જીંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સુષ્ટિ અને વિરહનાં આંસુ છે. પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે બેસી હૃદયફાટ રોયો; ખુલ્લા દિલથી મોકળે સાદે રોયો : ને ત્યાર પછી હમેશાં સવારમાં ચાર બજે ઉઠીને પોસ્ટ ઓફિસે આવતો. એનો કાગળ કોઈ દિવસ હોય નહીં, પણ મરીયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રધ્ધામાં ને આશા ભર્યા ઉલ્લાસમાં તે હમેશાં સૌથી પહેલો પોસ્ટ ઓફિસે આવી બેસતો.

પોસ્ટ ઓફિસ - કદાચ જગતમાં સૌથી રસહીન મકાન - એનું ધર્મક્ષેત્ર - તીર્થસ્થાન બન્યું. એક જ જગાએ ને એક જ ખુણે તે હમેશાં બેસતો; એને એવો જાણ્યા પછી સૌ હસતા : પોસ્ટમેન મશ્કરી કરતા. ને ક્યારેક મજાકમાં એનું નામ લઈ એને પોતાની જગ્યા પરથી પોસ્ટ ઓફિસના બારણા સુધી, કાગળ ન હોય, છતાં ધક્કો ખવરાવતા. અખૂટ શ્રધ્ધા હોય ને અનંત ધૈર્ય હોય તેમ એ હમેશાં આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

અલી બેઠો હતો એટલામાં એક પછી એક પટાવાળા આવવા લાગ્યા; ઘણું કરીને પટાવાળા એ વીસમી સદીમાં અધિકારીઓની સ્ત્રીના ખાનગી કારભારી જેવા છે. એટલે આખા શહેરના દરેકે દરેક ઓફિસરનો ખાનગી ઈતિહાસ અત્યારે વંચાતો !

કોઈના મથા પર સાફો તો કોઈના પગમાં ચમચમાટી કરે તેવાં બૂટ એમ સૌ પોતપોતાનો વિશિષ્ઠ ભાવ દર્શાવતા હતા. એટલામાં બારણું ખુલ્યું; દીવાના અજવાળામાં સામે ખુરશી પર તુંબડા જેવું માથું ન દિલગીરી ભર્યો હંમેશનો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટ માસ્તર બેઠા હતા ; કપાળ પર, મોં પર કે આંખમાં કયાય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડસ્મિથનો 'વિલેજ સ્કૂલ માસ્તર', આ સદીનો કારકુન, કે પોસ્ટ માસ્તર હોય છે !

અલી પોતાની જગ્યાએથી ખસ્યો નહીં.

પોલિસ કમિશનર ! કારકુને બૂમ પાડી ને એક...થનથનાટ કરતા જુવાને પોલિસ કમિશનરના કાગળ લેવા હાથ આગળ ધર્યો.

સુપરિન્ટેન્ડેન્ટ !

બીજો એક પટાવાળો આગળ આવ્યો; ને એમ ને એમ એ સહસ્રનામાવલી કારકુન હંમેશાં વિષ્ણુભક્તની જેમ પઢી જતો.

અંતે સૌ ખુટ્યા. અલી ઉઠ્યો, ને 'પોસ્ટ ઓફિસ'માં ચમત્કાર હોય તેમ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો ! અરે ! સૈકા પહેલાંનો ગામડીઓ !

આ માણસ ગાંડો છે ? પોસ્ટ માસ્તરે પૂછ્યું :

'હા કોણ ? અલી નાં ? હા સાહેબ પાંચ વરસ થયાં ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે ! એનો કાગળ ભાગ્યે જ હોય છે !' કારકુને જવાબ આપ્યો.

'કોણ નવરૂં બેઠું છે ! હમ્મેશ કાગળ ક્યાંથી હોય ?'

'અરે ! સાહેબ પણ એનું મગજ ચસ્કી ગયું છે ! તે પહેલાં બહુ પાપ કરતો, એમાં કોઈક સ્થાનકમાં દોષ કર્યો. ભાઈ ! કર્યાં ભોગવવાં છે !' પોસ્ટમેને ટેકો આપ્યો.

'ગાંડા બહુ વિચિત્ર હોય છે !'

'હા અમદાવાદમાં મેં એક વખતે ગાંડો જોયો, તે આખો દિવસ ધૂળના ઢગલા કરતો : બસ બીજું કાંઈ નહીં. એક ગાંડાને હમેશાં નદીને કાંઠે જઈ સાંજે એક પથ્થર પર પાણી રેડવાની ટેવ હતી !'

'અરે ! એક ગાંડાને એવી ટેવ હતી કે આખો દિવસ આગળ ને પાછળ ચાલ્યા જ કરે ! બીજો એક કવિતા ગાયા કરતો ! એક જણ પોતાને જ લપાટો માર્યા કરતો, ને પછી કોઈક મારે છે એમ જાણી રોયા કરતો !'

આજે પોસ્ટ ઓફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું : હમ્મેશાં આવું એકાદ પ્રકરણ છેડી એના પર બે ચાર મીનીટ વાત કરી આરામ લેવાની ટેવ લગભગ બધા જ નોકરવર્ગમાં દારૂની ટેવની જેમ પેસી ગઈ છે ! પોસ્ટ માસ્તર છેવટ ઉઠ્યા ને જતાં જતાં કહ્યું :

'સાળું ગાંડાની પણ દુનિયા લાગે છે ! ગાંડા આપણને ગાંડા માનતા હશે અને કદાચ ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી છે !'

છેલ્લો શબ્દ બોલતાં પોસ્ટ માસ્તર હસીને ચાલ્યા ગયા. એક કારકુન વખત મળ્યે જરા ગાંડાઘેલાં જોડી કાઢતો ને એને સૌ ખીજવતા. પોસ્ટ માસ્તરે પણ છેલ્લું વાક્ય એટલા જ માટે હસતાં હસતાં એના તરફ ફરીને કહ્યું હતું.

પોસ્ટ ઓફિસ હતી તેવી જ શાંત બની રહી. અલી એક વખત બે ત્રણ દિવસ આવ્યો નહીં, પોસ્ટ ઓફિસમાં અલીનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાન દ્રષ્ટિ કોઈનામાં ન હતી. પણ એ કેમ ન આવ્યો ? એવી કીતક બુદ્ધિ સૌને થઈ. પછી અલી આવ્યો. પણ તે દિવસે એ હાંફતો હતો, ને એના ચહેરા પર જીવનસંધ્યાનાં સ્પષ્ટ ચિન્હ હતાં.

અલીએ આજે તો અધીરા બનીને પોસ્ટ માસ્તરને પૂછ્યું : માસ્તર સાહેબ મારી મરીયમનો કાગળ છે ?

પોસ્ટ માસ્તર એ દિવસે ગામ જવાની ઉતાવળમાં હતા, ને તેનું મગજ આ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું.

'ભાઈ ! તમે કેવા છો ?'

'મારૂ નામ અલી !' અલીનો જવાબ અસંબંધ હતો.

'હા. પણ આંહી કાંઈ તમારી મરીયમનું નામ નોંધી રાખ્યું છે ?'

'નોંધી રાખોને ભાઈ ! વખતે કાગળ આવે ! ને હું ન હોઉં તો તમને ખપ આવે !' પોણી જીંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર મરીયમનું નામ એના પિતા શિવાય બીજાને મન બે પૈસા જેટલી કિમ્મતનું છે !

પોસ્ટ માસ્તર તપી ગયા. 'ગાંડો છે કે શું ? જા જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહીં જાય !' પોસ્ટ માસ્તર ઉતાવળમાં ચાલ્યા ગયા. ને અલી ધીમે પગલે બહાર નીકળ્યો, ત્યારે એક વખત ફરીને પોસ્ટ ઓફિસ તરફ જોઈ લીધું ! આજે એની આંખમાં અનાથતાના આંસુની છાલક હતી : અશ્રદ્ધા ન હતી પણ ધૈર્યનો અંત આવ્યો હતો ! અરે ! હવે મરીયમને કાગળ ક્યાંથી પહોંચે ?

એક કારકુન એની સાથે ચાલતો હતો; અલી એના તરફ ફર્યો: ભાઈ ! કારકુન ચમક્યો પણ તે સારો હતો.

'કેમ ?'

'જુઓ આ મારી પાસે છે' એમ કહી પોતાની પાસે ડાબલી હતી તેમાંથી પાંચ ગીની કાઢી. કારકુન ભડક્યો :

'ભડકો નહિ. તમારે આ ઉપયોગી ચીજ છે. મારે એનો હવે ઉપયોગ નથી. એક કામ કરશો ?'

'શું ?'

'આ સામે શું દેખાય છે ?' અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ધરી.

'આકાશ !'

'ઉપર ઈશ્વર છે. એની સાક્ષીમં તમને આ પૈસા આપું છું. તમારે મારી મરીયમનો કાગળ આવે તો પહોંચાડવો.'

કારકુન આશ્ચર્યમાં સ્થિર ઉભો 'ક્યાં ? ક્યાં ? પહોંચાડવો !'

'મારી કબર ઉપર !'

'હેં !'

'સાચું કહું છું. આજ હવે છેલ્લો દિવસ છે ! અરેરે ! છેલ્લો. મરીયમ ન મળ્યો; કાગળ ન મળ્યો. ' અલની આંખમાં ઘેન હતું. કારકુન ધીમે ધીમે એનાથી જૂદો પડી ચાલ્યો ગયો. એના ખીસામાં અઢી તોલા સોનું પડ્યું હતું.!

* * *

પછી અલી કોઈ દિવસ દેખાયો નહીં, ને એની ખબર કાઢવાની ચિંતા કોઈને હતી નહીં એક દિવસ પોસ્ટ માસ્તર જરાક અફસોસમાં હતા : એની દીકરી દૂર દેશાવર માંદી હતી ને તેના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા !

ટપાલ ખોલી ને કવરનો થોકડો પડ્યો. રંગ પરથી પોતાનું કવર છે એમ ધારી પોસ્ટ માસ્તરે ઝપાટાબંધ એક કવર લીધું. એના પર સરનામું હતું : કોચમીન અલી ડોસા.

વીજળીના આંચકાની માફક તેણે તે નીચે નાંખી દીધું, પણ શંકાની થોડી ક્ષણમાં એનો અધિકારીનો સજેલો સ્વભાવ ચાલી જઈ માનવ સ્વભાવ બહાર આવ્યો હતો. એને એકદમ સાંભર્યું કે આ ડોસાનું કવર : અને કદાચ એની દીકરી મરીયમનું.

લક્ષ્મીદાસ ! એણે એકદમ બૂમ પાડી.

આ તે જ માણસ હતો કે જેને અલીએ છેલ્લી વખત પૈસા આપ્યા હતા.

કેમ ! સાહેબ ?

'આ તમારા કોચમીન અલી ડોસા ! આજ હવે કાં છે એ ?'

'તાપાસ કરશું.'

તે દિવસે પોસ્ટ માસ્તરના સમાચાર ન આવ્યા : આખી રાત્રિ શંકામાં વિતાવી, સવારે ત્રણ વાગ્યામાં તે ઓફિસમાં બેઠા હતા. ચાર બજે તો ડોસો આવે, ને હું કવર આપું, એવી આજ એની ઇચ્છા હતી.

વૃધ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટ માસ્તર હવે સમજી ગયા હતા : આજ આખી રાત્રિ તેણે સવારે આવનાર કાગળના સમાચારના ધ્યાનમાં ગાળી હતી; પાંચ પાંચ વર્ષ આવી રાત્રિઓ ગાળનાર તરફ એનું હૃદય આજે પહેલ વહેલું માનવી લાગણીથી ઉછળી રહ્યું હતું. બરાબર પાંચ વાગે બારણા પર ટકોરો પડ્યો. પોસ્ટમેન હજી આવ્યા ન હતા : પણ આ ટકોરો અલીનો હતો એમ લાગ્યું. પોસ્ટ માસ્તર ઉઠ્યા; આજે પિતાનું હૃદય પિતાના હૃદયને પિછાને તેમ તે દોડ્યા : બારાણું ખોલ્યું.

આવો અલીભાઈ ! આ તમારો કાગળ ! બારણામાં એક વૃધ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો; છેલ્લાં આંસુની ધાર હજી એના ગાલ પર તાજી હતી, ને ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર ભલમનસાઈની પીંછી ફરતી હતી.

એણે પોસ્ટ માસ્તર સામે જોયું ને પોસ્ટ માસ્તર જરાક ભડક્યા. એની આંખમાં મનુષ્યનું તેજ ન હતું. !

કાં સાહેબ ! અલી ડોલા...

લક્ષ્મીદાસ, એક બાજુ તરફ બારણ પાસેથી સરીને અંદર આવ્યો.

પોસ્ટ માસ્તરની આંખ ફાટી ગઈ : 'હેં ! બારણામાં કોઈ હતું નહીં' ને લક્ષ્મીદાસ તરફ ફર્યા.

'શું અલી ડોસા ? તમે છો નાં ?'

'જી ! અલી ડોસા મરી ગયેલ છે ? તે એનો કાગળ લાવો મારી પાસે !'

'હેં કે દી ? સાચું ? લક્ષ્મીદાસ ?'

'જી હા ! પંદર દિવસ થયા ! સામેથી પોસ્ટમેન આવતો હતો તેણે અધુરો જવાબ વાળ્યો.'

પોસ્ટ માસ્તર દિઙ્ગઢ બની ગયા. હજી મરીયમનો કાગળ બારણમાં પડ્યો હતો; અલીની મૂર્તિ નજર સમક્ષ ખડી થઈ; લક્ષ્મીદાસે છેવટ અલી કેમ મળ્યો હતો તે પણ કહ્યું; પોસ્ટ માસ્તરના કાનમાં ટકોરો ને નજર સમક્ષ અલીની મૂર્તિ ખડી થઈ ; એનું મન શંકામાં પડ્યું : 'મેં અલીને જોયો કે માત્ર શંકા હતી કે લક્ષ્મીદાસ હતો ?'

* * *

પાછી રોજનીશી ચાલી. પોલિસ કમિશનર ! સુપરિન્ટેન્ડેન્ટ ! લાઈબ્રેરીઅન ! કારકુન ઝપાટા બંધ કાગળ ફેંક્યે જતો હતો.

પણ દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટ માસ્તર આજે એકી નજરે જોઈ રહ્યા છે ! કવર એટલે એક આનો ને પોસ્ટ કાર્ડ એટલે બે પૈસા - એ દષ્ટિ ચાલી ગઈ છે. આફ્રિકાથી, વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું ?

પોસ્ટ માસ્તર વધારે ને વધારે ઉંડા ઊતરે છે !

મનુષ્ય પોતાની દષ્ટિ છોડી બીજાની દષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.

* * *

તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટ માસ્તર અલીની કબર પર જઈ ધીમે પગલે જતા હતા. મરીયમનો કાગળ સાથે જ હતો. કબર પર કાગળ મુકી પોસ્ટ માસ્તર ને લક્ષ્મીદાસ પાછા વળ્યા.

'લક્ષ્મીદાસ આજે સવારે તું સૌથી વહેલો આવ્યો કાં ?'

'જી હા !'

'અને તેં કીધું અલી ડોસા...'

'જી, હા.'

'પણ - ત્યારે - ત્યારે સમજાણું - નહીં - કે'

'શું ?'

'હા, ઠીક કાંઈ નહીં,' પોસ્ટ માસ્તરે ઉતાવળે વાત વાળી લીધી. પોસ્ટ ઓફિસનું આંગણું આવતાં પોસ્ટ માસ્તર લક્ષ્મીદાસથી જુદા પડી વિચાર કરતા અંદર ચાલ્યા ગયા : એનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું : ને આજે હજી એની દિકરીના સમાચાર ન હતા માટે એ પાછા સમાચારની ચિંતામાં રાત્રિ ગાળવાના હતા. તે આશ્ચર્ય, શંકા ને પશ્ચાતાપના ત્રિવિધ તાપથી તપતા પોતાના દીવાનખંડમાં બેઠા, ને પાસે કોલસાની શઘડીમાંથી મધુર તાપ આવ્યા કરતો હતો. **'મળેલું.'**

(નોંધ : મૂળ આ વાર્તા ૧૯૨૩ ના એપ્રિલ માસના 'સાહિત્ય'ના અંકમાં પ્રકટ થએલી ત્યારે લેખક તરીકે 'મળેલું' એવું નામ પ્રસિધ્ધ થએલું ! એના દસ્તાવેજી મૂલ્ય માટે ધૂમકેતુની જન્મશતાબ્દીના આ વર્ષમાં વિશ્વવિખ્યાત આ વાર્તાનું મૂળ જોડણી સાથે પુનર્મુદ્રણ કર્યું છે. - તંત્રી)

લઘુકથા

કંગાળની અમીરી

હેમાંગકુમાર ત્રિવેદી

ડોરબેલ સાંભળી મેં બારણું ખોલ્યું અને ચીંથરેહાલ ભૂદરજીનો ચહેરો દેખાયો. વણનોતર્યો ભૂદરજી જ્યારે જ્યારે મારે ત્યાં આવે ત્યારે ત્યારે મારું હૃદય આંચકો અનુભવતું.

ઑફિસમાં નવો નિયુક્ત થઈને આવ્યો ત્યારે સૌપ્રથમ મારી મુલાકાત ચપરાસી ભૂદરજી સાથે થયેલી. સ્વાભાવિક રીતે તેણે જ સામેથી મારી સાથે ઓળખાણ કરી અને એકાદ મહિનામાં એવી આત્મીયતા કેળવી કે તે મારી પાસે પચાસ રૂપિયા ઉછીના માગતા સ્હેજે ખચકાયો નહિ.

ધીમે ધીમે જૂનું ઋણ નવા ઋણમાં ફેરવાઈ જવા લાગ્યું. પછી તો ભૂદરજી ઑફિસને બદલે ગમે તે સમયે મારે ઘેર પણ આવી ચડતો અને કોઈ ને કોઈ બહાને મારા ખિસ્સાને કંગાળ બનાવવા લાગ્યો. ક્યારેક એની મા બીમાર હોય, તો ક્યારેક સ્કૂલમાં તેની દીકરીની ફી ભરવાની હોય. સ્ટાફના મિત્રો તો ક્યારેક તેને જુગારી તરીકે ઓળખતા હોવાથી ઉછીના પૈસા આપતા નહિ, પરંતુ મારો સ્વભાવ ના પાડવા ટેવાયેલો ન હોવાથી આ માગણનો મારે ત્યાં ઉછીના લેવા આવવાનો સંબંધ દિનપ્રતિદિન દઢતર થતો ગયો હતો.

'સાહેબ ! સાહેબ !' તેણે મને વિચારમુક્ત કર્યો. મારાથી અચાનક જ પુછાઈ ગયું, 'બોલ કેટલા પૈસા જોઈએ છે ? કોણ બીમાર છે ?' તે મારા પ્રશ્નમાં રહેલો કડવો ઘૂંટ ગળી ગયો અને કહેવા લાગ્યો, 'સાહેબ ! ચાલો મારી સાથે.'

તેના આગ્રહમાં મને જુગાર રમવાના આમંત્રણની બૂ આવી અને મેં ન જવાનાં બહાનાં શોધવા માંડ્યા. તેનો આગ્રહ વિનંતીમય થવા લાગ્યો. એ બલાને ટાળવાના મારા પ્રયાસો નિષ્ફળ જતાં મને મનોમન આ જુગારી પર ગુસ્સો આવ્યો અને ફરી વખત આવા કામે મને બોલાવવા ન આવવો તેમ દઢપણે કહી દઈ, તેને માનહાનિભેર વિદાય કરવાનું મેં નક્કી કર્યું.

તે મારે પગે પડ્યો અને રડમસ અવાજે કહેવા લાગ્યો, 'સાહેબ, તમે અત્યારે મારા વિશે ભલે ગમે તે વિચાર કરતા હો, પણ મહેરબાની કરીને મારે ઘેર પાંચ મિનિટ આવી જાવ. મારે ઘેર આજે દીકરીનો જન્મ થયો છે અને મારી બહુ જ ઇચ્છા છે કે તેને ગળથૂથી તમે જ પાવ.' □

બુધ્ધિ કસો

૧૨ વર્ષનો મહેશ તેના પિતાશ્રી પાસે સાઈકલ માગવા લાગ્યો. પિતાએ વચન આપ્યું, 'જ્યારે તારી ઉંમર મારી ઉંમરના ત્રીજા ભાગની થશે ત્યારે તને સાઈકલ અપાવીશ.' જો તેના પિતાની ઉંમર હાલ ૫૬ વર્ષની હોય તો મહેશને સાઈકલ ક્યારે મળશે ?

ઈશ્વર પણ કશાકથી ડરતો હશે ને !

— વિનોદ ભટ્ટ —

આ લેખની માંડણી મારા હિન્દી ભાષાના લોકપ્રિય વ્યંગકાર મિત્ર પ્રદીપ ચૌબેની એક મર્મકથાથી કરીશ.

'પછી એ સાપે નોળિયાને દોસ્તીદાવે કહ્યું કે આપણે બન્ને આ રીતે એકબીજાથી ડરીને ક્યાં સુધી જીવ્યા કરીશું ? આપણા બાપદાદા તો મૂર્ખ હતા તે એકબીજા સાથે લડીને ખપી ગયા. હવે આપણે એકબીજાથી ડરવાને બદલે શાંતિમય સહઅસ્તિત્વથી રહેવું જોઈએ. બન્નેએ સુલેહ કરી લીધી ને સાથે બહાર નીકળ્યા. એક મકાનમાં સાથે રાતવાસો કરવાનું નક્કી કર્યું. સાપે નોળિયાને જણાવ્યું કે હું આ રૂમમાં રહું છું ને તું બાજુના રૂમમાં રહે. બન્નેની સલામતી માટે આપણે વચ્ચેનો દરવાજો બંધ રાખીશું, ઓ. કે.? વચ્ચેનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. સાપને કેમેય કરી ઊંઘ આવતી નહોતી. તેને નોળિયાના જ વિચારો આવ્યા કરતા હતા. નોળિયો શું કરી રહ્યો છે એ જોવા સાપે બારણાનાં 'કી- હોલ' પર આંખ માંડી. નોળિયો પણ તેને એ જ રીતે, 'કી-હોલ'માંથી જોતો હતો.'

ભયની લાગણી દરેક પ્રાણીમાં ઓછે-વત્તે અંશે હોય જ છે. માત્ર લોખંડ કે લાકડા જેવા નિર્જીવ પદાર્થોને જ ભય અંગે કશી ગતાગમ હોતી નથી, પણ મચ્છર-માખી, કીડી-મંકોડાને ભય શું છે તેની ખબર હોય છે. જે માણસના હાથમાં લાકડી હોય તેને કરડવાનો વિચાર તો કૂતરો પણ કરતો નથી. લાઠીની ભાષા તે સારી પેઠે જાણતો હોય છે. સિંહ અગ્નિથી ડરતો હોય છે, એટલું જ નહીં તે ચાલતો હોય ત્યારે વારંવાર પાછળ જોઈ લેતો હોય છે એ ભયે કે તેના પર કોઈ પાછળથી હુમલો - ના કરી બેસે. તે ભૂલી જતો હોવો જોઈએ કે તે સિંહ છે, કે પછી તેનામાં લઘુતાગ્રંથિ હશે !

એવો કોઈ માણસ નહીં હોય જે એક યા બીજી ચીજથી ક્યારેય ડર્યો નહીં હોય. કોઈનાથી નહીં ડરનાર ઈશ્વરથી ડરતો હશે. મને તો વહેમ છે કે ખુદ ઈશ્વર પણ કશાકથી તો ડરતો જ હશે. ભય એ બિલકુલ સ્વાભાવિક લાગણી છે. ફર્ડિનાન્ડ ફોચ નામના ફ્રેન્ચ માર્શલે કહ્યું છે કે 'None but a coward dares to boast that he has never known fear...' (ભીરુ માણસ જ એવી શેખી મારવાની હિંમત કરી શકે કે ભય શું છે એની તેને ક્યારેય ખબર પડી નથી.)

ગાંધીજી નાનપણમાં અંધારાથી ડરતા હતા એવું તેમણે આત્મકથામાં કબૂલ કર્યું છે. ગાંધીજી આશ્રમમાં ચાદર ઓઢીને પ્રવચન આપતા હતા. એટલામાં એક સાપ તેમની ચાદર પર દેખાયો, શક્ય છે તે ગાંધીજીનું અહિંસા પરનું પ્રવચન સાંભળવા આવ્યો હોય. ગાંધીજીને આની જાણ નહોતી. સાપને જોનાર દ્વારા તેમને એમ કહેવામાં આવ્યું કે બાપુ, તમે સ્હેજ પણ હાલ્યાચાલ્યા વગર સ્થિર બેસી રહેજો, એક સાપ તમારી ચાદર પર છે. પછી સિફતથી સાપને પકડી લેવામાં આવ્યો. ત્યારબાદ કાકાસાહેબ કાલેલકરે બાપુને પૂછ્યું : 'તમારા શરીર પર સાપ ચડ્યો છે એવું જાણ્યું ત્યારે તમને કેવી લાગણી થયેલી ?' 'ઘડીભર તો હું ગભરાઈ ગયો હતો...' બાપુએ ભયનો નિખાલસ સ્વીકાર કરતાં કહ્યું. એને બદલે બાપુએ એવું કહ્યું હોત કે હું લેશમાત્ર ડર્યો નહોતો, જેને રામ રાખે તેને કોણ ચાખે ! - તો મારી જેમ ઘણાને લાગત કે બાપુએ નીડર હોવાનો દંભ કર્યો છે.

સિકંદર કે જેણે વિશ્વ જીત્યું હતું તે પણ ઈતિહાસકારોએ ચીતર્યો છે એવો બહાદુર નહોતો. શેક્સપીઅરે જે જુલિઅસ સીઝરના મોઢે કહેવડાવ્યું છે કે 'જે માણસ મૃત્યુના સતત ભય હેઠળ જીવે તે સેંકડો મરણની પીડા ભોગવે છે. હું માત્ર એક જ મોત ઈચ્છું છું.' આવી બહાદુર વાણી ઉચ્ચારનાર સીઝરને આકાશમાં ત્રાટકતી વીજળીનો બહુ જ ડર લાગતો હતો. તેને ભયથી કંપારી છૂટી જતી હતી. હિટલર, મુસોલિની ને સ્ટાલિન જેવા પોલાદી મનોબળ ધરાવતા સરમુખત્યારો સતત ભયના ઓળા હેઠળ જીવતા ને કેટલીકવાર ઊંઘમાં બીકથી ચીસ પાડી ઊઠતા. કહેવાય આખા રાજ્યના માલિક, પણ પોતાના ઘરમાં નિરાંતે ઊંઘી શકતા નહીં. કોઈ હુમલો કરશે એ ભયે દરરોજ તે સૂવાનાં સ્થળ બદલતા, હિટલરે તો પોતાના પાંચ પાંચ ડુપ્લિકેટ્સ રાખ્યા હતા. 'ડર સિવાય બીજા કશાથી ડરવાની જરૂર નથી', એવી સુફિયાણી સલાહ આપનાર અમેરિકન પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે પ્રામાણિકપણે કહેવું જોઈતું હતું કે તે શેનાથી ડરતા હતા! આપણો ગ્રેટ રાઈટર મોપાસાં, તેને કોઈ વાર એવું લાગે કે ઓરડાના ખૂણામાં તે એકલો જ બેઠો છે તો બીકથી તેના આખા શરીરે પરસેવો વળી જતો ને કવિ લૉર્ડ બાયરનને ઊંઘમાં ભયંકર સપનાં આવતાં એટલે તે પથારીમાં સૂતી વખતે પોતાની બન્ને બાજુએ ભરેલી પિસ્તોલ રાખતો.

બાળપણમાં પડેલ સંસ્કાર, આઘાતજનક અનુભવ કે કોઈ ઘટના સાથે ભયની લાગણી જોડાએલી છે. નાની ઉંમરે મને એક કૂતરું કરડી ગયું હતું ત્યારની કૂતરાની બીક મારા મગજમાં ઘૂસી ગઈ છે. દરેક કૂતરાની આંખમાં મને ઈન્જેક્શનની ૧૪ સોયો દેખાય છે. ઘણાંખરાં બાળકોને બચપણમાં જ માબાપ તરફથી ડરના સંસ્કાર સીંચવામાં આવે છે. તોફાન કરતા અથવા તો વહેલા ના સૂઈ જતા બાળકને 'એ બાવો આયો' કે પછી 'માળિયામાં મિયાઉં છે, બોલાવું ?' કહી બચપણથી જ બીકની તાલીમ આપવામાં આવે છે. એની પાછળની માની ભાવના એટલી જ કે બાળક પજવે નહીં. પછી એ બચ્ચાને બાવા, અંધારા કે માળિયામાંની મિયાઉં જીવનભર પજવતી રહે છે - તેના મનમાળિયામાં જ અધિકૃત પ્રવેશ મેળવી લે છે. માની સાથે મેળામાં ગયેલું બાળક ભીડમાં થોડા સમય માટે પણ ખોવાઈ ગયું હોય તો મોટી ઉંમરે તેને ભીડની બીક લાગતી હોય છે.

મોટાભાગની પરિણીત સ્ત્રીઓને તેમના પતિ કરતાંય વધારે બીક અંધારા, ઉંદર કે ગરોળીની લાગતી હોય છે. અત્યંત બુદ્ધિશાળી કે જિનિયસ કક્ષાના માણસોને પણ એકાદ ચીજનો ભય લાગતો હોય છે. આ ભયની પાછળ કોઈ જ તર્ક કામ નથી આપતો. શંકાની જેમ ભય પણ એક વાર મનમાં ઘૂસી ગયા પછી તેને બહાર કાઢવાનું કામ કેટલાક કિસ્સાઓમાં તો દુષ્કર જ નહીં, અશક્ય છે. ભૂતના અસ્તિત્વને વૈજ્ઞાનિક રીતે સ્વીકારવામાં નથી આવ્યું છતાં ઘણા માણસોને ભૂતની બીક લાગતી હોય છે. જેનાથી અન્ય લેખકો પણ ડરે છે એવા એક ખૂંખાર ગણાતા ગુજરાતી લેખકને

ભૂતનો ખૂબ ડર લાગે છે - સારું છે આવી બધી વાતોની ખબર ભૂતોને નથી પડતી...

કઈ વ્યક્તિને શાની બીક લાગતી હશે એ કળવું મુશ્કેલ છે. નોબેલ પ્રાઈઝ વિજેતા અર્નેસ્ટ હેમિંગ્વેની વાત કરીએ તો વ્હેલ માછલી તેનો આખેઆખો પગ ચાવી ગએલી છતાં તે જેટલો ગભરાયો નહોતો એથી પણ વધારે ગભરાટ તેને ઇન્કમટેક્ષખાતામાંથી મળેલ નોટિસને લીધે થયો હતો. મારા એક મિત્રને પુલ પર ચાલતાં ડરે લાગે છે ને ચક્કર ચડી જાય છે. કેટલાકને ઊંચાઈનો ડર હોય છે. ફ્રેન્ચ વડાપ્રધાન જ્યોર્જિસ ક્લિમેંસો (Georges Clemenceau)ની ગણતરી બહાદુરોમાં થતી પણ તે પ્લેનમાં મુસાફરી કરતા ડરતા. આ કારણે તે શક્ય હોય ત્યાં સુધી પ્લેનમાં બેસવાનું ટાળતા. પ્લેનમાં બેસતી વેળાએ તેમણે પાઈલૉટને એકદમ નરમ અવાજે વિનંતી કરી હતી, 'બહુ જ સાવધાનીથી પ્લેન ઉડાડજે, ખૂબ ધીમે ઉડાડજે, ખૂબ ધીમે ને ઘણું નીચે હોં ભાઈ !' મારી અંગત વાત કરું તો પ્લેનમાં બેસવાનો રોમાંચ હું ક્યારેય અનુભવી શક્યો નથી. જ્યારે પણ તેમાં બેઠો છું, ઉભડક જીવે જ બેઠો છું. પ્લેનમાં બેઠો હોઉં ત્યારે મને હાથી પરથી કૂદી પડેલા પેલા નાદિરશાહની સલાહ યાદ આવી જતી : 'જે પ્રાણીની લગામ આપણા હાથમાં ના હોય તેના પર સવારી ના કરાય...'

એક વિદ્વાન પ્રોફેસર જ્યારે ખુરશીમાં બેસે ત્યારે તરત જ પોતાના બન્ને પગ ઉપર લઈ લે છે. પછી જ્યારે ખુરશીમાંથી ઊભા થવાનું થાય ત્યારે પહેલાં જમીન પર હાથ ફેરવી લે છે. એ જગ્યા પર સાપ નથી એની ખાતરી કર્યા પછી જ પગ નીચે મૂકે છે. તેમને સતત એવો ભય રહ્યા કરે છે કે તેમની આસપાસ સાપ ફર્યા કરે છે, જે તેમને પગે કરડશે. એકવાર મેં તેમને પૂછ્યું કે સાપ છે કે નહીં એ જોવા તમે જમીન પર હાથ ફેરવો છો એ જ વખતે તમને હાથે સાપ કરડે તો ? ત્યારે તે મક્કમ અવાજે બોલ્યા, 'સાપ પગે જ કરડે...' તેમની આ માન્યતા પાછળ કોઈપણ જાતનો તર્ક નહીં હોવા છતાં તે એવું દૃઢપણે માને છે કે સાપ તેમને પગે જ કરડે...વર્ષો અગાઉ તેમના દાદા મંદિરમાં પૂજા કરતા હતા ત્યારે તેમને પગે સાપ કરડ્યો હતો.

મારા જાણીતા એવા જ બીજા એક પ્રોફેસરને તો સતત એવો ભય રહ્યા કરે છે કે રાત્રે કોઈ તેમનું ખૂન કરી નાખશે. આ કારણે તે બહારગામ એકલા જતા નથી. રાત્રે એકલા રહેવાને બદલે એકાદ મિત્ર કે ઓળખીતાને સાથે રાખે છે. કોઈ તેમને શા માટે મારી નાખશે એની તેમને જાણ નથી. તેમની પાસે એટલા પૈસા નથી, કોઈ તેજોદ્વેષથી તેમને પતાવી દે એવું જ્ઞાન પણ સદ્‌ભાગ્યે તેમની પાસે નથી, તેમની એવી કોઈ જાહેર પ્રતિભા નથી કે કોઈ શત્રુ તેમને હણવા માટે રિવૉલ્વર ખરીદવા પાછળ પૈસા બરબાદ કરે ! ઘણા મિત્રોએ તેમને આ અંગે સમજાવવા કોશિશ કરી, એમ પણ કહ્યું કે કલા ખાતર કલાની જેમ કોઈ તમારું કારણ વગર ખૂન કરે તો ખૂનીને સખ્ત કેદની સજા થાય, કોઈ શા માટે અમથી સજા ભોગવે ! પણ કોઈનીય દલીલ તેમના ગળે ઊતરતી નથી.

કેટલાક માણસોને મૃત્યુની બહુ જ બીક લાગતી હોય છે. (આ લખનાર પણ તેમાંનો એક છે) છાતીમાં સ્હેજ દુખવા માંડે કે તરત પરિવારના સભ્યોને એકઠા કરીને પોતાના વિલની વિગતો ઢીલા અવાજે વાંચવા બેસી જાય છે. મૃત્યુ એટલું ભયંકર નથી હોતું, તેનો કાલ્પનિક ભય ભયંકર હોય છે. ટાગોરના શબ્દોમાં કહીએ તો જે રીતે મા પોતાના બાળકને એક સ્તન પરથી બીજા સ્તન પર લે છે એ રીતે માણસ જીવન તરફથી મૃત્યુ તરફ જતો હોય છે. મૃત્યુથી મરનાર કરતાં તેના ભયથી મરનારની સંખ્યા અનેક ગણી મોટી હોય છે. મારા એક ઓળખીતાને માઈલ્ડ હાર્ટ ઍટેક આવ્યો હતો ને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અમે તેમની ખબર કાઢવા ગયા ત્યારે તેમને ઘણું સારું હતું. એ સાંજે તેમની બાજુના ખાટલાવાળો દર્દી ગુજરી ગયો. તેને મરતો જોતાં જ તેમને ભયને લીધે જોરદાર ઍટેક આવ્યો ને તે તરત જ અવસાન પામ્યા.

સલામતીની ભાવનાય આમ તો ભયની ગ્રંથિમાંથી જન્મે છે. માણસ ભયને કારણે જ પાસે શસ્ત્ર રાખતો હોય છે. વાઘ કે ચિત્તો પોતાની સલામતી માટે રિવૉલ્વરનું લાયસન્સ કઢાવતો નથી અથવા તો જંગલનો રાજા ગણાતો સિંહ આપણા પ્રધાનોની જેમ બુલેટપ્રૂફ બખ્તર નથી પહેરતો. આ બુલેટપ્રૂફ બખ્તર એ ભયનું બખ્તર છે, મૃત્યુના ભય સામેનું બખ્તર. મારા મિત્ર ભૂપત વડોદરિયાએ ડર વિશે ચર્ચા કરતા લખ્યું છે, 'કુદરતે માણસમાં ડરની લાગણી મૂકી છે તે ખરેખર તો માણસની આત્મરક્ષાના એક પહેરેગીર તરીકેની ફરજ બજાવે તે માટે છે, પણ એક માણસ પહરેગીર રાખે, દરવાજે એક દરવાન રાખે અને પછી ખુદ તે પહેરેગીરથી જ ડરે તો ?' પરંતુ મારા માનવા પ્રમાણે તો માણસે પોતાના આત્મરક્ષકોથી ય ડરવું જોઈએ. આ પાઠ આપણને શ્રીમતી ઇન્દિરા ગાંધીના જીવનમાંથી શીખવા મળ્યો છે, જેને તે પોતના જીવનના પહેરેગીર માનતા હતા, સમજતા હતા, તેમણે જ તેમને જીવનના દ્વારેથી ધક્કો મારીને મૃત્યુના દ્વારે પહોંચાડી દીધાં.

હું કોઈનાથી નથી ડરતો એમ જે કહેતો હોય તે પોતાનો ડર છુપાવવા જ આવું કહેતો હોય છે, બહાદુરીનું મ્હોરું રાખતો હોય છે. ડરની આ લાગણી દબાવવાથી દબાવી શકાતી નથી. હું ભૂતથી સ્હેજ પણ નથી ડરતો એવું કહેનાર પણ ભૂતના વહેમવાળું મકાન ખરીદતાં સાત વાર વિચાર કરશે. એમાં રાતવાસો કરવાનું સાહસ તે બનતા સુધી તો નહીં જ કરે - સિવાય કે કોઈની સાથે મોટી શરત લાગી હોય !

આપણને જ્યોતિષીએ કહ્યું હોય કે તમારી પાણીમાં ઘાત છે, પાણીથી ખાસ સંભાળવું, અને આમ પણ પાણીની બીક લાગતી હોય ત્યારે બાજુમાં ઊભેલો કોઈ બાહોશ તરવૈયો દરિયામાં ઝંપલાવવા ઉશ્કેરે તો પણ પાણીમાં પડવાની હિંમત નહીં ચાલે, કેમ કે પેલો તરવૈયો કદાચ આપણો તાબેદાર હશે, પણ દરિયો તાબેદાર નથી એની આપણને પાકી ખબર છે.

માણસને કશાનો ડર લાગતો હોય તો એ માટે તેણે ક્ષોભ અનુભવવાની જરૂર નથી, કારણ કે કશાથી ગભરતો ના હોય એવો સ્વસ્થ માણસ આ પૃથ્વી પર શોધવો મુશ્કેલ છે...રશિયન પ્રમુખ નિકિતા ક્રુશ્ચોફ એક જાહેરસભામાં સ્ટાલિનની નિંદા કરી રહ્યા હતા. તેનાં કાર્યોને ભાંડી રહ્યા હતા ત્યારે શ્રોતાગણમાંથી એક અવાજ આવ્યો, 'તમે તો સ્ટાલિનના સાથીદર હતા, તો એ વખતે તમે તેમને રોક્યા કેમ નહીં ?' 'આ કોણ બોલ્યું ?' ક્રુશ્ચોફે ગર્જના કરતાં પ્રશ્ન કર્યો. સભામાં સન્નાટો છવાઈ ગયો, ભયનું એક લખલખું પસાર થઈ ગયું. બોલનાર આંગળી ઊંચી કરીને હિંમતથી કહી શક્યો નહીં કે પ્રશ્ન તેણે પૂછ્યો હતો. પછી શાંત અવાજે ક્રુશ્ચોફે કહ્યું, 'હવે ખબર પડીને કે સ્ટાલિનનો મેં કેમ વિરોધ નહોતો કર્યો !' પોતાના ડરપોકપણા વિશે બર્નાર્ડ શૉએ તેની આગવી શૈલીમાં કહ્યું છે કે 'મનુષ્ય એ એક એવું પ્રાણી છે, જેનાથી હું સંપૂર્ણપણે અને નામર્દની જેમ ડરું છું.' □

પ્રશીત-વિજ્ઞાન

ડૉ. નગીન મોદી

વૃક્ષ અને પ્રાણીઓ બરફમાં થીજી ગયાની એક સરસ (fanciful) વાર્તા જાણવા જેવી છે. જૂના જમાનામાં સાઈબેરિયાના જંગલમાં જીવતા મહાકાય હાથી શૂન્ય ડિગ્રી સેન્ટિગ્રેડથી ય ખૂબ નીચા તાપમાને થીજી ગયા હતા અને વર્ષો પછી તેમને ગરમી આપી જીવતા કરાયા હતા. આવું જો ખરેખર બનતું હોય તો માણસને પણ નીચા તાપમાને થિજાવી દઈ, ભવિષ્યમાં તેને ફરી વાર જીવતો કરી શકાય. આપણે આ વાત ગાનીએ કે ન માનીએ, પરન્તુ અમેરિકામાં કેટલાંય વર્ષોથી ક્રાયોજેનિક સોસાયટી, આ ક્ષેત્રમાં કાર્યરત છે. હૃદયરોગ કે કેન્સર જેવા રોગથી કોઈ માણસ આજે મૃત્યુ પામે પણ તે બીજી રીતે તદ્દન તંદુરસ્ત હોય તો આજે અસાધ્ય ગણાતા આ રોગનો ભવિષ્યમાં સચોટ ઇલાજ જડે ત્યાં સુધી તેના શબને થીજાવીને જાળવી રાખવામાં આવે તો તેને ફરી વાર ગરમી આપીને જીવતો કરી શકાય. આજે તો મરી ગયેલા માણસને થિજાવી દઈ ભવિષયમાં જીવતા થવા ઇચ્છતા માણસના શબને આ સોસાયટી થિજાવી દઈ સાચવી રાખે છે. કેન્સર કે હૃદયરોગના રામબાણ ઇલાજની રાહ જોતાં કેટલાંયે શબ આ ક્રાયોજેનિક સોસાયટીના શીતાગારમાં સંગ્રહાયેલાં છે. આ તદ્દન સાચી વાત છે; છેક હસી નાખવા જેવી વાત નથી. શબને ફરી વાર યોગ્ય તાપમાને ગરમ કરતાં માણસ જીવતો થશે કે નહિ એ તો ભવિષ્ય જ કહેશે, પણ આજે તો અનેક મૃત જનો પુન: જીવિત થવાની અપેક્ષાએ આ સોસાયટીના શીતાગારમાં આરામથી પોઢેલાં છે.

આ સોસાયટીના કાર્યને પૂર્તિ મળે તેવી બીજી પણ એક વાર્તા છે. એક રશિયન ખેડૂત ખેતરમાં કામ કરતો હતો ત્યારે તેના પર અચાનક હિમપ્રપાત થયો અને એ થીજીને ઠીંકરું બની મરી ગયો. પરંતુ અત્યંત ઠંડીને લીધે તેના શરીરના કોષોનું વિસર્જન થયું ન હતું. તેથી પાછળથી તેના શરીરને ગરમી આપી જીવતો કરી શકાયો હતો.

આધુનિક વિજ્ઞાનજગતમાં ગંભીર શસ્ત્રક્રિયાવેળા માણસના શરીરને થિજાવી દેવાના પ્રયોગો થયા છે. માણસને અતિ નીચા તાપમાને થિજાવી દેતાં તેના કોષોનું વિસર્જન થતું અટકી જાય છે. જેમ શરીરનું તાપમાન ઘટતું જાય તેમ તેની શ્વાસોચ્છવાસની ક્રિયા પણ ધીમી પડે છે. માણસના હૃદય કે મગજ સાથે સંકળાયેલી અતિ મુશ્કેલ શસ્ત્રક્રિયા વેળા તેના શરીરને ૮૯ થી ૮૨ અંશ ફેરનહીટ સુધી ઠંડું પાડવામાં આવે છે. તેથી જીવન ટકાવી રાખવા તેને જોઈતા પ્રાણવાયુની માગ પણ અડધી થઈ જાય છે.

અવકાશમાં રહેલા દૂરના ગ્રહો સુધી જેને પહોંચાડવામાં હજારો વર્ષ લાગે તે માણસના શરીરને થિજાવી દઈ, ગરમી આપી પુન: જીવતો કરી શકાય તો દૂરદૂર રહેલા ગ્રહ સુધી તેને પહોંચાડવાની માણસ જાતની મહેચ્છા જરૂર પાર પડે એવું અત્યારે તો લાગે છે.

એક તરફ પરમાણુ બૉમ્બની શોધથી અતિ ઊંચા તાપમાનનો યુગ શરૂ થયો. પરમાણુના વિભાજન દ્વારા લાખ્ખો ડિગ્રી ફેરનહીટ તાપમાન પેદા કરી શકાય છે, એ હવે સ્વીકૃત હકીકત છે; તેમ બીજી બાજુ અતિ શીત તાપમાનનો યુગ છેલ્લા પચીસ-ત્રીસ વર્ષ થયા શરૂ થઈ ચૂક્યો છે. આ વિદ્યા પ્રશીત-વિજ્ઞાન (ક્રાયોજેનિક્સ) તરીકે ઓળખાય છે.

ક્રાયોજેનિક્સ શબ્દની ઉત્પત્તિ, 'ક્રાયોબ' એટલે ઠંડુંગાર અને 'જેનરેટ' એટલે પેદા કરવું, એ બે શબ્દોમાંથી થઈ છે. ક્રાયોજેનિક્સ એટલે પ્રશીત તાપમાન પેદા કરવું તે અને તેને લગતી વિદ્યા તે પ્રશીત-વિજ્ઞાન.

આ પ્રશીત-વિજ્ઞાનનો ઇતિહાસ માત્ર ૫૦-૬૦ વર્ષ જૂનો છે. બીજા વિશ્વયુદ્ધ વેળા પ્રશીત-વિજ્ઞાન માત્ર પ્રયોગશાળામાં સીમિત કાર્ય કરતું હતું. પણ આજે અવકાશયાન કે સ્વયંસંચાલિત પ્રક્ષેપાત્રોમાં વપરાતાં પ્રવાહી બળતણ એ પ્રશીત-વિજ્ઞાનની સિદ્ધિ છે. પ્રવાહી હાઈડ્રોજન કે ઑક્સિજન વાયુનું તાપમાન એટલું નીચું હોય છે કે તે તાપમાને જીવતો માણસ તરત જ થીજી જાય. આ પ્રવાહી આજે વિપુલ પ્રમાણમાં પેદા કરી શકાય છે. ઊંચા તાપમાનની આગભઠ્ઠીઓની જેમ શીતકભઠ્ઠીઓ પણ ઉપલબ્ધ છે.

અમેરિકામાં નોંધાયેલું લઘુતમ તાપમાન -૧૨૭° ફેરનહીટ છે. અમેરિકામાં એક વેળા નોંધાયેલું વિક્રમસર્જક લઘુતમ તાપમાન - ૭૦ ફેરનહીટ હતું. આ તાપમાને માણસ થીજીને અચૂક મરી જાય, પણ વિજ્ઞાનીઓ એમ માને છે કે આ તાપમાન પણ સાપેક્ષપણે ઉષ્ણ છે.

દોઢસો વર્ષ પહેલાં કેલ્વિન નામના વિજ્ઞાનીઓ ઍબ્સોલ્યૂટ શૂન્ય તાપમાનની કલ્પના કરી હતી. આ તાપમાન ધ્રુવપ્રદેશોમાં રહેતા તાપમાનથી ઘણું નીચું છે.

ચાર્લ્સના નિયમ પ્રમાણે વાયુ શૂન્ય ડિગ્રીથી નીચા એક ડિગ્રી ઓછા તાપમાને પહોંચે તો તેના કદમાં ૧/૨૭૩ જેટલો ઘટાડો થયા છે. એટલે કેલ્વિને કહ્યું તે પ્રમાણે શૂન્ય ડિગ્રી સેન્ટિગ્રેડથી -૨૭૩ ડિગ્રી સેન્ટિગ્રેડ સુધી તાપમાન ઘટાડતાં વાયુ તેનું કદ ગુમાવી દે છે. આ માન્યામાં ન આવે તેવી વાત છે. કેલ્વિનના મત પ્રમાણે -૨૭૩ ડિગ્રી સેન્ટિગ્રેડ એટલે કે ઍબ્સોલ્યૂટ શૂન્ય તાપમાને પદાર્થના અણુઓ પોતાની ગતિ ગુમાવી દે છે. સમય જતાં કેલ્વિનની આ વાત સાચી ઠરી. -૨૭૩.૧૫ અંશ સેન્ટિગ્રેડ એ કેલ્વિનનું ઍબ્સોલ્યૂટ શૂન્ય તાપમાન ગણાય છે. ફેરનહીટના માપ પ્રમાણે ઍબ્સોલ્યૂટ શૂન્ય એટલે -૪૫૯.૭ અંશ ગણાય છે.

ફેરેડે જેવા વિજ્ઞાનીઓએ વાયુને ૧૧૦° સેન્ટિગ્રેડ સુધી ઠંડો પાડવાને સમર્થ થયા હતા. પરંતુ ૧૮૮૦માં ઑક્સિજન, નાઈટ્રોજન તથા કાર્બન ડાયોક્સાઈડ વાયુને એથી ય નીચા તાપમાન સુધી ઠંડા પાડી શક્યા હતા.

ઑક્સિજન, કાર્બન મોનૉક્સાઈડ અને નાઈટ્રોજન વાયુ અનુક્રમે -૧૮૩°, -૧૯૦° અને -૧૯૫° સેન્ટિગ્રેડ તાપમાને પ્રવાહી રૂપ ધારણ કરે છે. એમ મનાતું હતું કે હાઈડ્રોજન વાયુનું પ્રવાહીકરણ ન થઈ શકે; પરન્તુ ૧૯૦૦માં જેમ્સ દેવારે હાઈડ્રોજન વાયુને -૨૪૦° સેન્ટિગ્રેડ તાપમાને પ્રવાહી બનાવ્યો હતો. પ્રવાહી નાઈટ્રોજનની મદદ વડે હાઈડ્રોજન વાયુને ભારે દબાણ આપી તેને પ્રવાહી બનાવી શકાયો હતો. આજે પણ થર્મોસમાં રહેલી કાચની શીશીની બે દીવાલ વચ્ચે પ્રવાહી નાઈટ્રોજન ભરી વાપરવામાં આવે છે. પરંતુ પ્રવાહી હાઈડ્રોજનનું તાપમાન ઍબ્સોલ્યૂટ શૂન્યથી હજી ૩૩° કેલ્વિન ઊંચુ હતું. પણ હજી ઍબ્સોલ્યૂટ શૂન્ય તાપમાન પ્રાપ્ત કરવાનો વિજ્ઞાન સામેનો પડકાર જેમનો તેમ ઊભો હતો. સને ૧૯૦૮માં હિલિયમ વાયુને જે તાપમાને પ્રવાહી બનાવ્યું, તે તાપમાન ઍબ્સોલ્યૂટ શૂન્ય હતું.

આ કાર્ય માટે દેવારની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શીશીમાંના બે કાચની દીવાલ વચ્ચે પ્રવાહી હાઈડ્રોજન ભરી, શીશીમાં હિલિયમ વાયુને રાખી તેના પર દબાણ આપતાં હિલિયમ વાયુ પ્રવાહી બન્યો હતો. અને ત્યારે તેનું તાપમાન ૧° કેલ્વિનથીય નીચું હતું. આ સંશોધન બદલ ડચ વિજ્ઞાની ઓન્સને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. પણ ઓન્સ અહીં અટક્યો ન હતો; તે પ્રશીત-વિજ્ઞાનમાં આગળ ને આગળ સંશોધન કરતો ગયો. તેણે ઘણા પદાર્થોનો એક વિશિષ્ટ ગુણધર્મ શોધી કાઢ્યો અને તે આજે અતિસંવાહકતા તરીકે ઓળખાય છે.

સીસું ૭.૨૨° કેલ્વિન તાપમાને, જ્યારે ટીન ધાતુ ૩.૭૩° કેલ્વિન તાપમાને અતિસંવાહક બને છે. બીજી ઘણી ધાતુઓ ઉપર એમણે આવા પ્રયોગો શરૂ કર્યા. પંચોતેર વર્ષ પહેલાં અતિસંવાહકતાની શોધ થઈ હતી. સને ૧૯૫૦ના મેથીઆસ નામના વિજ્ઞાનીએ ઘણી ધાતુઓને અતિસંવાહક બનાવી હતી.

પ્રશીત-વિજ્ઞાનની શોધનો વહેવારુ ઉપયોગ પ્રથમ વાર ૧૯૫૦ની આસપાસના ગાળામાં પરમાણુ ઊર્જાના સંશોધનમાં હાઈડ્રોજન તત્ત્વનો સમસ્થાનિક ડ્યુટેરિઅમને છૂટા પાડીને થયો હતો.

હાઈડ્રોજન અને ઑક્સિજન જેવાં ઓછા પરમાણુભારાંકવાળાં તત્ત્વોના પ્રવાહીનો બળતણ તરીકેનો ઉપયોગ પ્રશીત-વિજ્ઞાનને આભારી છે. વિમાન અને સબમરીનમાં પ્રવાહી ઑક્સિજનનો શ્વાસોચ્છ્વાસ માટે ઉપયોગ થાય છે.

ઇલેક્ટ્રૉનિક ઉદ્યોગોમાં પ્રશીત-વિજ્ઞાનનો ઉપયોગ ખૂબ મહત્ત્વનો છે. પ્રશીત તાપમાનનો ઉપયોગ કરી અતિ સંવાહક પદાર્થો પેદા કરી આ ઉદ્યોગમાં ઘણાં સાધનો બનાવાયાં છે.

સને ૧૯૬૩માં મૅગ્નેટો હાઈડ્રોડાયનેમિક જનરેટર બનાવી પ્રશીત-વિજ્ઞાને સૌને આશ્ચર્યમાં ડુબાડી દીધી. આ જનરેટર દ્વારા વિદ્યુતશક્તિનું ઊર્જામાં રૂપાંતર થાય છે. આમ કરવા માટે વાયુ અથવા પ્લાઝમાને બળવાન ચુંબકીય ક્ષેત્રમાંથી પસાર કરવામાં આવે છે.

સંચાર માધ્યમને વધુ કાર્યક્ષમ બનાવવા માટે પણ પ્રશીત તાપમાનનો ઉપયોગ થાય છે.

પ્રશીત-વિજ્ઞાનની બીજી બે શાખાઓ છે; અને તે છે પ્રશીત જીવવિજ્ઞાન અને પ્રશીત શસ્ત્રક્રિયા. પ્રશીત જીવવિજ્ઞાન એ પ્રાણીના જીવંત તંતુઓ માટેની વિદ્યાશાખા છે, જ્યારે પ્રશીત શસ્ત્રક્રિયા પ્રવાહી નાઈટ્રોજનના તાપમાને થતી શસ્ત્રક્રિયા છે.

ખોરાકને લાંબો સમય ટકાવી રાખવા શીત તાપમાનનો ઉપયોગ થાય છે. શીત તાપમાને નુકસાનકર્તા જીવાણુનો નાશ થાય છે. લોહી, જીવંત તંતુઓ અને અસ્થિમજ્જાને લાંબો સમય ટકાવી રાખવા માટે શીત તાપમાન દ્વારા પ્રયોગો થતા રહ્યા છે. પ્રશીત શસ્ત્રક્રિયા દ્વારા પાર્કિન્સન રોગ, આંખ અને કાનના અંદરના ભાગનો બગાડો મટાડી શકાય છે.

પ્રશીત-વિજ્ઞાનની જરૂરિયાત આજે વિજ્ઞાનના ઘણા ક્ષેત્રોમાં ઊભી થઈ છે. પ્રવાહી ક્લોરિન, પ્રાણવાયુ કે હાઈડ્રોજનનો અવકાશયાનમાં બળતણ તરીકે ઉપયોગ થાય છે. ઇલેક્ટ્રૉનિક સાધનો, ઔષધ બનાવવામાં, શસ્ત્ર-ક્રિયા વેળા, યાંત્રિક વીજળી પેદા કરવા માટે પ્રશીત-વિજ્ઞાનનો છૂટે હાથે ઉપયોગ થાય છે. 'લેસર'ની શોધ પણ નીચા તાપમાનને જ આભારી છે. અતિસંવાહકતા મેળવવા પણ ખૂબ નીચા તાપમાનની જરૂર પડે છે. મેસર અને લેસરનું આધુનિકીકરણ પણ આ વિજ્ઞાને કર્યું છે. આમ, પ્રશીત-વિજ્ઞાને આજના યુગમાં વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે અને નવીનવી શોધોને લીધે તે સ્થાન વધારે સુદૃઢ થતું રહેશે એ નિ:શંક હકીકત છે. □

સિરાકુસા અને એન્ના

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા

ભૂમધ્યને બે કાંઠે : ૮



સિરાકુસા હેલેનિક (Hellenic) એટલે કે પ્રાચીન ગ્રીક નગર તરીકે વિખ્યાત છે, અને તે એક ઐતિહાસિક અગત્યવાળું પુરાતત્ત્વ કેન્દ્ર છે. ગ્રીસના મહાપ્રસ્તારમાં સિરાકુસા અધિકતમ શક્તિમાન શહેર હતું. એ જમાનાના અવશેષો ત્યાં અનેક છે, અને સુરક્ષિત રહેલા છે. ઇ. પૂ. ૭૩૪માં સૌ પ્રથમ ત્યાં ગ્રીક રાજ્યનું આગમન થયેલું, ને ધીરેધીરે એનું સામર્થ્ય વધીને સિસિલીના બીજા ભાગોમાં પ્રસરેલું. ઇ. પૂ. ૪૮૦માં ગ્રીક રાજવીઓએ કાર્થાજની સત્તાને હંફાવેલી. પછીના વર્ષોમાં કાર્થાજ સાથેના યુદ્ધોમાં સિરાકુસા આગળ પડતું રહેલું, પણ એનું પતન થયું રોમન સામ્રાજ્યના હાથે.

ગણિતશાસ્ત્રી આર્કિમિદિસ સિરાકુસાના વતની હતા. એમની યુદ્ધ વિષયક યુક્તિ પ્રયુક્તિઓએ સિરાકુસાને ઘેરો નાખીને પડેલા રોમના સૈન્યને ખાસ્સું થકાવેલું. પણ એ સૈન્યે એક છાપો માર્યો જેમાં, શાંતિથી અભ્યાસમાં રત, આ વિદ્વાન ભૂલમાં હણાઈ ગયા. જે નગરના ગ્રીક વિજેતાઓને પ્લેટો જેવી વ્યક્તિની અભિધાનો લાભ મળ્યો હતો, તે નગરની પડતી તે પછીની સદીઓમાં વધારે ને વધારે થતી રહી. દ્વિતીય વિશ્વયુદ્ધમાં પણ એનો ઘણો વિનાશ થયો, પણ સદ્‌ભાગ્યે હજારો વર્ષ પહેલાંના પેલા અવશેષો ઘણે અંશે ત્યારે યે બચી ગયા હતા.

સિરાકુસાના રાષ્ટ્રિય સંગ્રહાલયમાં તો આ ઇતિહાસની પણ પહેલાંની નિશાની જેવી ચીજો પ્રદર્શિત થયેલી છે, દરેક યુગના ચલનની એ સાક્ષી પૂરે છે. ગ્રીક શૈલીના માટીકામનાં કાળાં ને સોનેરી ચિત્રાંકનવાળાં ફૂલદાન, રોમન શૈલીની નાની મૂર્તિઓ, ઉપરાંત ઇજિપ્શિયન શૈલીનાં. પેપિરસના રેસામાંથી બનેલા કાગળ પરનાં ચિતરામણ વગેરે નકલો તો ઠેરઠેર ફેરિયાઓ પાસે, દુકાનોમાં, ને લારીમાં ભીડ કરી રહેલી દેખાય છે. ખરીદનારાં પ્રવાસીઓની ભીડ પણ ઓછી નથી હોતી.

સિરાકુસામાં મારે આ ગ્રીક અને રોમન ઉત્ખનન જોવાં હતાં. એક સવારે હું નીકળી. સવારથી જ સૂરજનો ત્રાસ સીધો અને અસહ્ય હતો. શહેરના રસ્તાઓ પર ભીડ થઈ ગઈ હતી. એક મોટો માર્ગ ખાસ આ પુરાતન સ્થાને જવા માટે બનાવાયો છે. ત્યાં મોટરોની અવરજવર થતી હતી, પણ કોઈ નાગરિક એ તરફ જતાં નહતાં. આ દીર્ઘકાલીન નિર્માણો પ્રત્યે કુતૂહલ તો આગંતુકોને જ હોયને !

ખોલેલા જપાની પંખા જેવા અર્ધગોળ આકારવાળું લાક્ષણિક ગ્રીક નાટ્યસ્થાન સિરાકુસામાંના બધા અવશેષોમાં પ્રમુખ છે. ૧૩૮ મીટરનો એનો વ્યાસ છે, ને તેથી એ મોટામાં મોટાં ગ્રીક થીએટરોમાંનું એક ગણાય છે. એની શરૂઆત તો ઇ. પૂ. ૬૦૦ની સદીમાં લાકડાંના બાંધકામથીથઈ હતી, પણ ઇ. પૂ. ૩૦૦ ને ૨૦૦ની સદીઓમાં ટેકરીના ઢોળાવને ખોદીખોદીને આ થીએટર પથ્થરથી બનાવાયું, ને મોટું કરાતું ગયું. એના પથ્થરનાં સોપાનો જરૂર તૂટેલાં છે, પણ એનો અર્ધચંદ્રાકાર અખંડ છે. પથ્થરની કેટલીક બેઠકો પર ગ્રીક રાજા-રાણીઓનાં નામ કોતરેલાં છે. અત્યારે તો થીએટરનો ઘણો ભાગ દોરડાં બાંધીને પ્રવાસીઓને ચડવા-ઊતરવા માટે બંધ કરી દેવામાં

આવ્યો છે. પ્રવાસીઓ પર નજર રાખવા અને એમને મના કરવા માટે નિમાયેલા રક્ષકો તડકામાં ઊભા રહેવાને બદલે દૂરનાં ઝાડ નીચે બેસીને વાતો કરતા રહે છે - જો કે નજર પ્રવાસીઓ પર ખરી. મના કરેલા ભાગમાં કોઈ જાય તો તરત એમની બૂમ પડે !

થીએટરની ઉપરના ભાગમાં કમાનો હતી, જે વરસાદ કે ખરાબ વાતાવરણ વખતે આશરો લેવા માટે વપરાતી. એથીયે ઉપર પથ્થરના બનેલા ખડકમાં ગુફાઓ કોરાયેલી હતી. એને કબરોનો રસ્તો કહે છે. અલબત્ત, હજારો વર્ષની આ ગુફાઓ ને કબરો તો ક્યારની યે લૂંટાઈ ગયેલી. નગરપુત્ર આર્કિમિદિસની સમાધિ પણ આની પાસે જ છે.

જરા દક્ષિણે, લાક્ષણિક લંબગોળાકારવાળી રોમન રંગભૂમિ છે. ઈ. પૂ. ૨૦૦ની સદીના જમાનામાં ઈટાલીના મુખ્યપ્રદેશથી આટલે દૂર આ ભવ્ય સ્થાપન બનાવવામાં આવ્યું હતું. રોમન કળા પર ગ્રીક કળાની ઊંડી અસર પડેલી, ને રોમન કળાકારો ગ્રીક કલ્પનો અને અભિગમોથી ખૂબ પ્રેરણા પામેલા. આ રોમન એમ્ફિથીએટરની બાંધણીમાં પણ સિરાકુસાના એક ગ્રીક સ્થપતિએ જ એને સંપૂર્ણ સૌષ્ઠવ બક્ષ્યું હતું તેમ મનાય છે. રોમમાંના કોલિસિયમની જેમ અહીં પણ ત્યારે તો હિંસક પ્રાણી સામે ગ્લેડિયેટરના બળ-ચાતુર્ય કે પરાજય બતાવવા ખેલ યોજાતા. હવે આના તેમજ ગ્રીક થીએટરના પરિધની અંદર નિયમિત રીતે દર વર્ષે નાટક ભજવાય છે. ગ્રીક મંચ ઉપર કરુણ નાટક રજૂ થાય છે - ગ્રીષ્મના દિવસોની સંધ્યાએ. રોમન થીએટરમાં તો એ સપ્ટેમ્બરને દિવસે પણ ખુરશીઓ મૂકેલી હતી, મંચ પર વિદ્યુદ્વિષય સામાન હતો. ત્યાં તારુણ્ય-પ્રિય આધુનિક સંગીતના કાર્યક્રમો થાય છે.

નજીકમાં, ૬૫ મીટર લાંબી, ૫ થી ૧૧ મીટર પહોળી, ૨૩ મીટર ઊંચી પાષાણી કમાનવાળી એક ગુહા છે. એના ખુલ્લા પ્રવેશના આકારને લીધે ચિત્રકાર કારાવાજિજઓએ એનું નામ 'ડિઓનિસસનો કાન' પાડ્યું. ડિઓનિસસ ઈ. પૂ. ૩૫૦ના વર્ષમાં સિરાકુસામાં અધિપતિ હતા. નામ તો પડ્યું હતું ૧૫૮૬માં, પણ આ ગુહામાં ધ્વનિ-રક્ષણનું એવું તત્ત્વ હતું કે એને લઈને રાજાના નામને સાંકળીને એક જુદી જ વાયકા ચાલુ થઈ. તે એમ કે, ડિઓનિસસ આ ગુહાનો ઉપયોગ કેદ તરીકે કરતા, અને ઊંચે પાષાણોની વચ્ચે થયેલી ફાટમાંથી કેદીઓએ સાવ ધીમા અવાજે કરેલી ગુસપુસ પણ બરાબર સાંભળી શકતા !

એની અંદર ઠંડક હતી, અને આખરે છાંયડો હતો. આસપાસ ઘણાં ઝાડ-પાન હતાં, અને થોડો પવન પણ જણાતો હતો. તડકામાં ઘણી વાર બળ્યા-ઝળ્યા પછી કાળા પાષાણોનો ઠંડો સ્પર્શ સારો લાગ્યો. આખા પુરાતત્ત્વ વિભાગને જોયા પછી બહાર આવીએ ત્યાં પેલી નકલો વેચાતી હોય. બેએક મોટાં વાહનમાંથી આઈસ્ક્રીમ અને સ્વાદિષ્ટ બદામ-જળ વેચાતાં હતાં. દરેક જણને ઠંડાં પીણાંની બહુ જ જરૂર હોય, ને દરેક જણ કંઈક તો ખરીદે જ. હોશિયાર લોકો હતા એ ! રોજ બરાબર વકરો કરતા હશે !

થાય છે તો મને પણ કે આટલા જૂના, અજાણ્યા ભૂતકાળની વાતો શું કરવાની ? પણ ઇટાલી ગયાં હોઈએ, ને ઇતિહાસથી છટકી કેવી રીતે શકીએ? વળી, એ દૂરવર્તી વૃત્તાંતો સાથે ત્યાંનું સાંપ્રત જીવન પણ ઘણી રીતે સંકળાયેલું છે. હોટેલ આર્કિમિદિમાં એ મને થોડે અંશે જોવા મળ્યું. જૂના જમાનાની હવેલી જેવું એ મકાન હતું. શોભા માટેનાં ચિત્રો, ચીજવસ્તુઓ સિરાકુસાના ગૌરવને લગતી. શહેરનો એક મોટો નકશો પણ ખરો. શહેરનું મૂળ વતની એક કુટુંબ ઘરની જેમ એનું સંચાલન કરે. બધાં સદસ્યોનાં મુખ પર હંમેશાં સ્મિત હોય.

એક જે સદસ્ય આત્મવિશ્વાસથી અંગ્રેજી બોલે. તે હતી કુટુંબની દીકરી. જરા જાડી કહેવાય એવી ખરી, પણ બહુ જ રૂપાળી લાગે. આંખો મોટી અને ચમકદાર. વાળ કાળા ભમ્મર ને ખભાથી લાંબા. મોઢું હસતું ને અંગ્રેજીમાં વાત કરવી તો એને બહુ ગમે. એનું નામ કાતોરિના, પણ અંગ્રેજીકરણથી એણે મારે માટે 'કૅથિ' કરેલું. બાર-તેર વર્ષ પહેલાં એક અમેરિકન ખલાસીને પરણીને એ અમેરિકા ગયેલી, ને કેટલાંક વર્ષ રહેલી. પછી તો ઘણી વાતો કરી એણે; એ ખલાસીએ ખૂબ દારૂ પીવા માંડ્યો, ને કૅથિને હેરાન કરવા માંડ્યો. એવી રીતે રહેવા એ તૈયાર નહતી - ને નહતા તૈયાર એના પિતા. જિંદગીમાં પહેલીવાર દરિયાપાર જઈને પિતા પુત્રીને સુખરૂપ ઘેર પાછી લઈ આવ્યા. સાથે નાનો પૌત્ર પણ હતો. હવે સાતેક વર્ષના થયેલા એ બાળકનું નામ ઍલેક્ઝાન્ડર. પણ ટૂંકાવીને વહાલમાં 'ઝાન્ડ્રો' કહે. કુટુંબના રહેવાના ઓરડાઓમાંથી એ અવરજવર કર્યા કરે. કૅથિ એની પાછળ ઝાન્ડ્રો, ઝાન્ડ્રોની બૂમો પાડ્યા કરે. જમવાના મોટા ઓરડામાં જ એક બાજુ ટી.વી. મૂકેલું હતું. જમનારાઓની ભીડ જરા ઓછી થાય એટલે એ ચાલુ થાય. કૉમેડિ આવે ને દાદીમા બોખા મોંએ શું હસે ! મા તો પાકશાસ્ત્રમાં નિષ્ણાત, એટલે રસોડામાં વ્યસ્ત હોય. કૅથિ રસોઈ કરવામાં અને પીરસવામાં મદદ કરે. પછી મોડી રાતે બધું પતાવીને પોતાના જુદા ઘેર જતી રહે.

ફરી હું સિરાકુસા જવાની ? રૂપાળી કાતોરિના કે એના હસમુખા કુટુંબને ફરી મળવાની ? આ યાદ પણ જૂની જ થતી જવાની ને ? આ વૃત્તાંત પણ ઇતિહાસ જ બનવાનો ને ?

એક જ બોગીવાળી રમકડા જેવી ટ્રેન સિસિલીની બરાબર વચ્ચેના પ્રદેશ તરફ જતી હતી. હવે ભૂમિનું ચરિત્ર સાવ જુદું જ હતું. ઑલિવ અને નારંગીની વાડીઓ ઘણી આવી, પણ ઘણા ભાગમાં કશું જ નહીં ઊગેલું. ત્યારે ક્યાંતો ઝાંખરાં, ક્યાંતો હોય તો એકાદ ઝાડ. બસ, આમ ને આમ લાંબા સમય સુધી.

આખો પ્રદેશ નીચા, મુદું ઢોળાવોથી બનેલો હતો. ક્યાંતો માટી સાવ કાળી હતી, ક્યાંતો સૂકા, પીળા ઘાસથી ઢંકાયેલી હતી. કોઈકોઈ ઢોળાવ ઉપર એકલવાયાં ઘર આવે. બસ, એકએક જ. સિંહના રંગ જેવા પીળચટ્ટા ગોળાકાર પર એક નાનો, સૂનો લંબચોરસ; તે હોય કોઈનું ઘર. નહીં ઝાડનો છાંયો, નહીં પાડોશનું નામ.

એક જાતના રણ જેવો ભાવ થતો હતો આ દૃશ્યનો. પણ છતાં એમાં એક જાતની સુંદરતા હતી. પેલાં નીરસ ગામો ને સૂકાં ખેતરો કરતાં વધારે સારું લાગતું હતું. એક સરસ રસ્તો પાટાને લગભગ સમાંતર જતો હતો. ટ્રેનના લયતાલમાં મારી આંખોને હાલરડાંનો લહેકો મળતો હતો, પણ જોવાનું યે કશું ચૂકવું નહતું.

એત્ના

એક ગ્રીક પુરાણકથા છે કે આગ ઝરતી આંખો અને સર્પસમાં એક સો શીર્ષવાળા તથા તીણી સિસોટીથી માંડી વિધવિધ પ્રકારની ગર્જના જેવા અવાજો કાઢી શકનાર પ્રચંડ શક્તિશાળી તાયફોને એક વાર દેવોના દેવ ઝીઅસની નિમ્ન જગત પરની સત્તાને પડકારી અને એ બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અંતે ઝીઅસે તેને ભૂમિ પર પટકી દઈ તેની ઉપર પર્વતશિખર મૂકી દીધું. પર્વત તળે ચગદાયેલો તાયફોન જ્યારે શ્વાસોચ્છ્વાસ લે છે ત્યારે આ પર્વતમાં હલચલ મચી જાય છે. એક માન્યતા એવી પણ છે કે વામન કદ અને વિકૃત પગોવાળો હેરાનો પુત્ર હેફાસ્ટસ અગ્નિનો દેવતા અને અગ્નિ-સંલગ્ન કળા, ખાસ કરીને શસ્ત્રો બનાવવામાં નિષ્ણાત હતો. મોટા ભાગના દેવોનાં શસ્ત્રો એણે ઘડેલાં. એનાં આ શસ્ત્રોની કોઢ આ પર્વતની અંદર છે. એ જ રીતે મહાકાય એકાક્ષી સાયક્લોપ્સ પણ અહીં જ ભૂગર્ભમાં પોતાનાં વજ્ર ઘડે છે. આ તો થઈ પૌરાણિક કથાઓ. હકીકતે ભૂમધ્ય સાગરમાં મોટામાં મોટા ટાપુ સિસિલીની પૂર્વ કંઠાર પાસે આવેલા એત્ના જ્વાળામુખીને સાંકળતી વાર્તાઓ છે. યુરોપમાં એ ઊંચામાં ઊંચો અને વિસુવીઅસ જ્વાળામુખી કરતાંય વધુ પ્રાચીન આ જ્વાળામુખી પર્વત છે. દુનિયાના ૬૦૦ જેટલા સક્રિય જ્વાળામુખીમાં એત્નાની પણ ગણના છે. છેક ઇ.સ. પૂર્વે આઠમી અને પાંચમી સદીમાં એ વિસ્ફોટ પામ્યાની નોંધો છે. ત્યારથી છેક હમણાં સુધીમાં અનેક વાર આ જ્વાળામુખી ફાટતો રહેવાથી તેની આસપાસ હજારો ચોરસ માઈલના વિસ્તારમાં તેમાંથી નીકળેલો લાવા તથા રાખ ફેલાઈ ગયાં હોઈ સમગ્ર ભૂમિ અતિશય ફળદ્રુપ બની છે, જેમાં દ્રાક્ષ, ઑલિવ, શાકભાજી અને અન્ય ફળો તથા મકાઈનો મબલખ પાક ઊતરે છે, અને એથી સ્વાભાવિક રીતે જ તે ભાગમાં માનવ વસ્તી પણ ગીચ છે. એથી ઉપરના એના ઢાળ પર પાઈન, બીચ, ફર્ન, અખરોટ વગેરેનાં વૃક્ષો છવાએલાં છે.

અવારનવાર ફાટતા રહેવાથી એની ઊંચાઈ પણ બદલાતી રહી છે, જે ૧૦૭૫૮ ફુટથી ૧૦૮૭૦ ફુટની આસપાસ રહી છે. સરળ શંકુ આકારના તેના શિખર ઉપર બરફ પણ છવાયેલો રહે છે, જે ઉનાળામાં ઓગળી જાય છે. એનો ઢાળ પણ પાનખર અને ઉનાળામાં સરળતાથી ચડી શકાય તેવો છે. શિખરની પૂર્વ બાજુએ ત્રણેક માઈલ પહોળી અને ૨૦૦૦ થી ૪૦૦૦ ફુટ ઊંડી ખીણ છે. અને એને ૨૦૦ જેટલાં ઉપમુખો પણ છે, જેમાંનાં કેટલાંકની ઊંચાઈ ૩૦૦૦ ફુટ જેટલી છે.

અવારનવાર જ્યારે એ ફાટ્યો ત્યારે આસપાસમાં નુકસાન પણ થાય એ સ્વાભાવિક છે. આ રીતે સોળમી સદી સુધીમાં લગભગ દર છ-સાત વર્ષે એ ફાટતો રહ્યો છે. એ દર વખતે તેમાંથી વહેતા લાવારસના થર આ પર્વત ઉપર ઠરતા રહ્યા છે. તેનાથી આ પર્વતને સારી એવી મજબૂતી પણ મળતી રહી છે. ઇ. ૧૧૬૯માં એ ફાટ્યો ત્યારે ૧૫૦૦૦ જેટલા માણસો માર્યા ગયા હતા. ૧૬૬૯માં ફાટ્યો ત્યારે ૪૦ દિવસ સુધી તેમાંથી લાવારસ વહેતો રહેલો. ૧૯૨૩માં ફાટ્યા પછી ફરી ૧૯૨૮માં ફાટ્યો ત્યારે એક મિનિટે ૨૦ ફુટની ગતિએ આગળ વધતો લાવારસ મેસ્સિના-કટાનિયા રેલમાર્ગ પર ફેલાઈ જતાં એ માર્ગ બંધ થઈ ગએલો. આ લાવાનો પ્રવાહ છેક સમુદ્ર સુધી પહોંચેલો ને તેના માર્ગમાં આવતાં બે ગામ નાશ પામેલાં. એ પછી ૧૯૭૦માં અને હમણાં ફરી ફાટ્યો હતો. આમ, છેક ઇસ્વીસન પૂર્વેના કાળથી માંડી આજ સુધી હજીય જાણે તેના પેટાળમાં ગ્રીક અગ્નિદેવતા હેફાસ્ટસ (રોમન અગ્નિદેવ વલ્કન)ની કોઢ ચાલતી રહી છે ! - બિ.

અમેરિકન ફિલસૂફ અને કવિ રાલ્ફ વાલ્ડો એમર્સનની ઇટાલીની મુસાફરી પણ સિરાકુસાથી જ શરૂ થઈ હતી. ૮૫ માઈલ ઉત્તરે આવેલા જીવંત અગ્નિગિરિ (એત્ના)ના દર્શનની પ્રેરણાથી એમને એમનું સૌપ્રથમ કાવ્ય સ્ફૂર્યું હતું. ઇટાલીનાં મધ્યયુગીન ગામો અને કોમળ ઉત્સંગોવાળા દૃશ્યપટને જોઈને એ અત્યંત ઉત્સાહિત થયા હતા : 'જ્યાં જ્યાં જાઉં છું ત્યાં હું આ સુંદર વસ્તુઓથી વીંટળાયેલો હોઉં છું, અને બધું ઇટાલિયન છે: એક પણ ઘર, એક પણ ઝૂંપડું, એક પણ ખેતર એવું નથી કે જેને આંખ એક પળ માટે પણ અમેરિકન કલ્પી શકે.' આ શબ્દો એમર્સને તો ૧૮૩૨માં લખેલા, પણ હજી ઇટાલીના ગ્રામીણ પરિસર અને શહેરોના જૂના વિભાગો માટે સાચા છે.

વળી, એત્ના જ્વાળામુખીની નજીકના લાવામય પ્રદેશનું આવું જ, વિરોધાભાસી, સ્વરૂપ છે : એક બાજુ હરિયાળું જીવન, અને બીજી બાજુ મૃત્યુની કાલિમા. પ્રતીકાર્થમાં પણ આધુનિક ઇટાલીની આવી જ અવસ્થા છે. પ્રાચીન અને નૂતન, શાશ્વત અને પરિવૃત્તિ, શાંતિ અને કોલાહલ. એનાં સંગ્રહાલયોમાં ઉત્કૃષ્ટ કળા છે, તો એને જોવા જનારાં ઉચ્છૃંખલ હોઈ શકે છે. ભૂતકાળનું જે ગૌરવ છે, ગાંભીર્ય છે તે વર્તમાન દિન-રાત્રીઓમાં સચવાતું નથી. કદાચ તેથી જ, આ અકૃત્રિમ અરવ ભૂમિ પરનું ગમન મને બહુ ગમ્યું.

રસ્તામાં કેટલાંક તૂટેલાં, તરછોડાયેલાં, જૂનાં સ્ટેશન આવ્યાં, ને ગયાં. બેએક જગ્યાએ વળી નવો એક ઓરડો બાંધેલો, ને એ જ બનતો હતો આખું સ્ટેશન. એન્ના ગામનું સ્ટેશન આવું, એક ઓરડાનું, જ બનેલું હતું. આસપાસ ક્યાંયે ગામ દેખાતું નહતું. બીજા કોઈ પ્રવાસી ઊતર્યાં નહિ.

એક ઇટાલિયન ત્યાં ઊભો હતો. એણે કહ્યું કે એન્ના (Enna) ગામ સ્ટેશનથી પાંચ માઈલ દૂર હતું, ને છેક કેન્દ્ર સુધી કોઈ બસ જતી નથી. વળી બસ હતી પણ ક્યાં ? એ ટેક્સી-ડ્રાઈવર તરીકે ટ્રેનના સમયે સ્ટેશને આવી જતો હતો. એને ભાડું આપ્યા વગર છૂટકો નહતો.

મેં ઊંચે નજર કરી. એ ટેકરી પર કશું પણ દેખાતું હોય તો તે કિલ્લા જેવી એક દીવાલ હતી. કોઈ ગામનું તો નામ પણ નહતું. કઈ જાતની જગ્યા હતી આ ? કઈ ઝંઝટમાં નાખી હતી મેં મારી જાતને ? આકાશમાં વાદળો ભેગાં થયેલાં હતાં, તે હવે વરસવા લાગ્યાં. 'હા, હા, શા માટે નહીં ?' મેં મનમાં કહ્યું, પ્રવાસમાં ભાગ્યે જ મારા પર વરસાદ પડે. પણ આ વખતે વરસાદ મારી સાથે રહેતો લાગ્યો. રોમમાં એક રાતે એવા જોરશોર ને ઢોલ-નગારાં સાથે પડેલો કે ક્યાંય સુધી ઊંઘ ઊડી ગયેલી - જો કે એ જલવર્ષણ ખૂબ તાલબદ્ધ અને રોમાંચક પણ હતું જ.

ટેક્સી રસ્તા પર ઊંચે ચડતી ને વળતી ગઈ, ને સામેના પહાડ પર એક દીવાલ દેખાઈ. એને ઓછાયે, એને અડીને, એનાથી ઢંકાઈને, બીજું એક ગામ સંતાયેલું હતું. એનું નામ કાલાશિબેત્તા હતું. પછી તો સૂર્ય બહાર નીકળ્યા પછી દૂરના બીજા બે પહાડો પર રહેલાં આવાં ગુપ્ત ગ્રામ પણ દેખાયાં. અસ્સોરો અને લિઓન્ફોર્તે. અદ્દભુત રચના હતી. કેટલું વિસ્મયાવહ

અને આલેખનયોગ્ય હતું આ દૃશ્ય ! બરાબર આ જ દર્શન સતત થયા કરે તેવો કક્ષ મને એન્નાની એક હોટેલમાં મળી ગયો; અને એક સંપૂર્ણ, સ્પષ્ટ, સુંદર કમાનવાળા ઇન્દ્રધનુએ મારી બારીની બહારથી મને આવકારી.

એન્નાનો ઈતિહાસ પણ જ્ઞાત જગતના આરંભથી જ શરૂ થાય છે. સાવ ટૂંકમાં કહું કે, એ સિસિલીની આદિ જાતિએ વસાવેલું ગામ છે, ને સદીઓ સુધી એ સિસિલીના અંતર્પ્રદેશમાં રહેલું એક માત્ર ગામ હતું. હજી પણ એ ભૂકેન્દ્રમાંનાં શહેરોમાં સૌથી વધારે રસપ્રદ શહેર છે.

વિઆ રોમા નામને રસ્તે થઈને હું એને છેડે આવેલા કાસ્તેલ્લો દિ લોમ્બારદિયા અથવા લોમ્બાર્ડી કિલ્લા તરફ ગઈ. એની કર્કશ દીવાલોની અંદર ઝાડપાનથી લચેલો બાગ છે, ને તૂટેલા મંદિર અને મિનારાના અવશેષો છે. બારમી સદીમાં સ્વાબિઅન વિજેતા રાજવીએ અહીં પોતાનો નિવાસ બનાવેલો. બીજા બે ત્રણ પ્રવાસીઓ સિવાય બીજું કોઈ હતું નહીં. ત્યક્ત પ્રાસાદની મુલાકાતમાં પણ કોઈને રસ ન હતો.

એ સારું હતું. શાંતિવાળી જગ્યાઓ આ ગામમાં બીજે ક્યાંય જલદી મળે તેમ નહતી. સાંકડા રસ્તાઓમાંથી મોટરો સળવળીને જતી હતી. અટક્યા વગરના વાહન-પ્રવાહથી ચાલનારાં હેરાન થતાં હતાં, ધીમા પાદચારીઓને લીધે વાહન-ચાલકો અકળાતાં હતાં. રસ્તા જ એવા સાંકડા, ત્યાં ફૂટપાથ હોય તો યે કેવી હોય ? માંડ એક કે દોઢ ફૂટની. વાહન જતું હોય ત્યારે દીવાલ સરસા થઈને ઊભા જ રહી જવું પડે.

દુઓમો કહેવાતું ગામનું મુખ્ય દેવળ અંદરથી ઘણું સરસ છે. ૧૪મીથી ૧૬મી સદીઓ વચ્ચે એ બંધાતું, બળતું, તૂટતું, વધતું રહેલું, તેથી સ્થાપત્ય શૈલીઓનું એમાં મિશ્રણ દેખાતું હતું - બારોક, ગૉથિક, પ્રાચીન ગ્રીક, અને અરબ પણ. અખરોટના લાકડાની કોતરણીવાળી છત હતી, અને સુશોભનીય દીવાલો, ખોટા ભપકા ને દંભ વગરનું ભક્તિપ્રેરક ગર્ભગૃહ હતું. શું સ્વપ્નો હશે આવાં અનુપમ સ્થાપત્યો બંધાવનારામાં! શું કસબ હશે એ બનાવનારામાં !

દુઓમોનાં પગથિયાં પર મૂકેલી જાહેરાતથી જાણ્યું કે રાતે ત્યાં મધ્યયુગીન સંગીતનું અનુષ્ઠાન થવાનું હતું. સાંભળવા જવું ગમ્યું હોત, પણ એ રાતે હું ખૂબ થાકેલી હતી. દુઓમોની અંદરના, ઇટાલિયન મહા-ચિત્રકારોએ કરેલાં ચિત્રો જોઈને પણ ઘણી તૃપ્તિ થઈ હતી.

આ પછી ગામ પાસેથી શું મેળવવાનું હોય? બીજાં ચર્ચ હતાં, એક મોટું સંગ્રહાલય પણ હતું, ને બજાર બનતો રસ્તો વીસમી સિવાયની સદીઓની હાંસી ઊડાવતો હતો. પણ એન્નામાં મારું મન એની શાંત જગ્યાઓમાં અને દૂર સુધી વિસ્તરેલા પહાડી પરિસરમાં અટવાયેલું રહ્યું. બપોરે ઊંઘરેટું અને અનુદ્યમી ગામ સાંજ પડતામાં અજબ સ્ફૂર્તિવાળું બની જતું. યુવાન કૉલેજિયનો દર ચાર રસ્તે ટોળે વળી ઊભા રહેતા, નહીં તો ઝપાટાબંધ ગાડી ચલાવવાનો ઉદ્યમ કરતા.

કેવું સરસ ગામ હતું નહીં તો ! કેટલો અનન્ય સંનિવેશ હતો એનો ! મારી બારીમાંથી જોતાં હોટેલના બગીચાનો ઢોળાવ દેખાતો, ને જમણી બાજુ પર નીચે સર્પાકારે જતો આસ્ફાલ્ટનો રસ્તો. પહાડના ઢોળાવો પર ભરડો લીધો હતો એણે. ગાડીઓ રાતદિવસ ઊતરચડ કર્યા કરતી. એ અવાજને મારો ઓરડો દૂર રાખી શકતો નહતો.

સાંજે ચોતરફ કેસરી-ગુલાબી રંગ પ્રસરતો જોઉં છું. આકાશમાં ક્યાંયે સાંધો નથી. પહાડો પરના ગામોમાં વિદ્યુત-દીપ પ્રજવળ્યા છે. ધુમ્મસ સરકતું જાય છે. કંપિત આલોકવાળાં આ જનધામ આકાશી મૃગજળ જેવાં લાગે છે - દૂરનાં વધારે લલચાવે છે. અંધારામાં લટકતાં, સાદ દેતાં ઉજ્જવળ સ્વપ્ન જેવાં, રાત્રીને પેલે તીર આવવાનાં કહેણ મોકલતાં, પહાડોની ટોચ ઉપરથી જાદુઈ પાવો વગાડતાં, એન્નાની આસપાસનાં આ અજબ શાં ગામો છે. અત્યારે એ મારાં છે. મારું બીજે ક્યાંય બીજું કશું નથી. (ક્રમશઃ)

(કંકાવટી પાન ૧૨૨નું અનુસંધાન)

પછી તો કંઈક જનોએ પૂછ્યું અને તેણે વિધવિધ ઉત્તરો આપ્યા. એક દિવસે એક લેખક મહાશય આવ્યા. તે પણ પ્રશ્ન દબાવી ન શક્યા. સુલેખાના સદ્‌નસીબે ત્યારે વડોદરામાં ટાઈફોઈડનો વાવર હતો. લેખકના આગમન સુધીમાં સુલેખાના માથામાં વાળના અંકુરો ફૂટી, વિકસી પથરાઈ ચૂક્યા હતા. સુલેખાએ લેખકને ટાઈફોઈડમાં વાળ ઊતરી ગયા હોવાનું કારણ ધરી દીધું. લેખકે અફસોસ વહાવ્યો.

સાચું કારણ કેવળ હું જ જાણું. આમ તો કોમવાદી પક્ષો માટે તેને ભારે સૂગ. પરંતુ પક્ષના એક સ્ત્રી-નેતાએ સાધુ ભેળા ભળવા મુંડન કરાવ્યાનું જાણ્યા બાદ તેના મનમાં પણ મુંડન કરાવવાનો તંરગ જાગ્યો હતો. તે મને કહ્યા કરતી, હું તેને દબાવ્યા કરતી. છેવટે સ્પ્રિંગ ઊછળી, પરંતુ નવા વર્ષની સવારે આ થશે એનું તો મેં પણ નહીં કલ્પેલું.

કોઈ એક ઘટના પાછળ એક નહીં અનેક કારણો હોય છે. અહીં પણ એવું જ હતું. નવા તરંગના સંદર્ભે તેણે મને કહેલું 'મુંડન કરાવવા છતાં બિલકુલ પર્સીસ ખંભાતાની જેમ જ મારો દેખાવ અકબંધ રહેશે.' હું તેની સાથે તરત સંમત થઈ ગઈ હતી. કારણ તે પુરાવો પેશ કરે એવી મારી બિલકુલ ઇચ્છા ન હતી. છતાં તેણે કરવા ધારેલું કર્યું અને કેશકર્તન કરેલી હાલતમાં તસવીરો ખેંચાવી દસ્તાવેજી પુરાવા ઊભા કર્યા. હજી પણ તેના સંતોષની પરિસીમા આવી ન હતી. પરાકાષ્ટાની રચના માટે તેણે મને હાથમાં લીધી.

કહે, 'તું લેખક ખરી કે ?' મેં હા પાડી. પૂછે, કેવી લેખક ?' મારો ઉત્તર, 'હાસ્યલેખક.' મને ભરમાવે, 'નામી હાસ્યલેખકો તો એવું એવું લખે છે કે ગુજરાતીમાં એકેય સારી હાસ્યલેખિકા નથી.' મેં તેને ગાંધીજીના ત્રણ વાંદરામાંનો કાન પર હાથ મૂકનાર વાંદરો બની જવા કહ્યું. તેણે મારી વાત કાને ધરી નહીં. મારા કુશળ હાસ્યલેખક હોવાનો પુરાવો જગતને આપવા તેણે મને રીતસરનો પડકાર ફેંક્યો.

કહે, 'બસ, એક હાસ્યલેખ મારા અનુરોધ પર લખી બતાવ.' મને પાનો ચઢ્યો. અગાઉ સો વાર કહેલી વાત એકસો એકમી વખત કહેવા જતી મને અટકાવીને કહે, 'યાદ છે ? એક કોર્સના અંતે નિબંધ લખવાનો થતાં તેં તારા સરને ગમે તે વિષય આપવા કહેલું અને 'ઈશ્વર' એ વિષય આપવા છતાં તેં એવો નિબંધ લખ્યો હતો કે સર સડક થઈ ગયા હતા. તું વટભેર ચાલી હતી. પરંતુ મને એવો ક્લિષ્ટ વિષયોનો બિલકુલ શોખ નથી. મેં કહ્યું, 'વિષય કહી નાખ.' કોઈ પણ એક શું, એકસો વિષય પર લેખ લખી શકું.'

તેણે કહ્યું : 'બસ, એક જ લેખ મારી ટાલ પર લખી બતાવ.' હું સડક થઈ ગઈ. સુલેખા વટભેર ચાલી. હવે સૌ 'ચાણક્ય'ની અસર ગણી તેને કેશકર્તનનું કારણ પૂછતાં નથી. □

ઈ. ૧૭૩૯માં મુઘલ શહેનશાહ મુહમ્મદશાહની ફોજને હરાવીને ઈરાનનો નાદિરશાહ દિલ્હી આવી લાગ્યો અને ૫૮ દિવસ સુધી દિલ્હીમાં રહ્યો. પહેલીવાર બંને સમ્રાટો દીવાને ખાસમાં રૂબરૂ મળતાં મુહમ્મદશાહનો એક દરબારી સોનાનાં પાત્રોમાં બંને માટે કોફી લઈ આવ્યો. પણ કોફી એમની સામે ધરતાં તેને વિચાર આવ્યો કે કોફીનું પાત્ર એ પહેલું પોતાના શહેનશાહને ધરશે તો નાદિરશાહ ક્રોધે ભરાઈને ત્યાં ને ત્યાં પોતાનો શિરચ્છેદ કરી નાખશે; જો પહેલું નાદિરશાહને ધરશે તો પોતાના માલિક શહેનશાહને એવું લાગશે કે પોતે ભયનો માર્યો શહેનશાહને બેવફા નીવડ્યો છે. પણ દરબારી ચતુર હતો. તેણે તરત એ દ્વિધામાંથી માર્ગ શોધી કાઢ્યો. તેમાંના એકને કોફી ન ધરતાં તેણે કોફીનું સુવર્ણપાત્ર સીધું મેજ પર મૂકી દઈ શહેનશાહ મુહમ્મદશાહને કહ્યું, 'હજુર, આપના માનવંતા મહેમાનને આ નાચીઝ હાથે કોફી ધરવાનો અવિવેક હું નહિ કરું, આપના હાથે જ તે શોભે.' અને મુહમ્મદશાહે જાતે કોફીનું પાત્ર નાદિરશાહ સમક્ષ ધર્યું.

દરબારીની આ સમયસૂચકતા વરતી જઈ નાદિરશાહ હસતોહસતો બોલ્યો, 'આપના તમામ અધિકારીઓ જો આ દરબારીના જેવા વિવેકશીલ અને બુદ્ધિશાળી હોત તો મને અને મારા કઝિલબાશોને દિલ્હીમાં જોવાનો વારો તમને ન આવ્યો હોત.'

જેસલમેરના મહારાજા રાવલ ચાચિગનું મૃત્યુ રાજપૂતોની મૃત્યુ પરંપરાને જેબ આપે તેવું અને તેણે જાતે માગી લીધેલું હતું. એ બીમાર પડ્યો, અને એને લાગ્યું કે, એ બીમારી જીવલેણ જ નીવડવાની છે, ત્યારે તેણે મુલતાનના સૂબાને એક પત્ર લખી પોતાના યુદ્ધ આપવા (જુદ્ધ દિન)ની વિનંતિ કરી. પત્રમાં સ્પષ્ટ લખેલું કે પોતે રાજપૂત પરંપરા અનુસાર રણક્ષેત્રમાં દેહ પાડવા ઇચ્છતો હતો, એ સિવાય યુદ્ધનું કોઈ કારણ નહોતું. સૂબાએ એ વિનંતિનો સ્વીકાર કરતાં તેના હર્ષનો પાર ન રહ્યો. તેણે સ્નાન કરી, પોતાની તેગભવાનીની પૂજા કરી, બ્રાહ્મણોને છૂટા હાથે દાન કરી, સંસારમાંથી પોતાની વૃત્તિ સંપૂર્ણપણે પાછી ખેંચી લઈને મુસ્લિમ સૂબાની ફોજ સામે રણે ચડ્યો, અને ચાર કલાક ચાલેલા એ યુદ્ધમાં એ એના સાથીઓ સાથે મોતને ભેટ્યો.

બ્રિટિશ હકૂમત સમયના આ દેશનો પ્રથમ ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સ બ્રિટિશ રાજવી જ્યૉર્જ ત્રીજાનો જેટલો માનીતો હતો એટલો જ આ દેશમાંના તેના દુષ્કૃત્યોના કારણે બ્રિટનનાં સામાન્યજનોને અળખામણો થઈ પડેલો. ઉમરાવસભાએ એની સામે કેસ ચલાવવાનું નક્કી કરતાં સૌ પહેલાં એડમંડ બર્કે તેની સામે જુબાની આપી જે હેસ્ટિંગ્સ સામેના સંગીન પુરાવા રૂપે અને તેમાં તેણે દર્શાવેલા વાગ્વૈભવ માટે આજે પણ જાણીતી છે. આ રીતે તેણે લોકમાનસ ઉત્તેજિત કર્યા પછી હેસ્ટિંગ્સ વિરુદ્ધ જુબાની આપવાનો વારો શેરિડનનો આવ્યો. બર્ક એકલો વક્તા હતો. જ્યારે શેરિડન એક ચુનંદો વક્તા હોવા સાથે ચુનંદો અભિનેતા પણ હોઈને ત્રણત્રણ દિવસ સુધી શ્રોતાઓને તેણે મંત્રમુગ્ધ રાખ્યા. લોકલાગણી એણે એટલી હદે ઉત્તેજી મૂકેલી કે વેસ્ટમિન્સ્ટર હૉલમાં તેને સાંભળવાની તક મેળવવાની પડાપડીના કારણે હૉલમાં એક બેઠકની ફી પચાસ ગિની સુધી પહોંચેલી !

ઈ. ૧૬૮૧માં ઔરંગઝેબે રામસેજના કિલ્લાને ઘેરો ઘાલ્યો. એની વિશાળ ફોજ સામે કિલ્લેદાર ઝાઝું ટકી શકે એમ નહોતો, પણ અનુભવે તે ખૂબ ઘડાયેલો અને ચકોર બુદ્ધિનો હતો. મુઘલ સેનાનો સામનો કરવા કિલ્લા પર લોખંડની એકેય તોપ પણ તેની પાસે નહોતી, છતાં તે જરાય નાહિંમત ન થયો. તેણે તાબડતોબ સુતારોને લાકડાની તોપો તૈયાર કરવાનું અને મોચીઓને ચામડાની ગોફણો તૈયાર કરવા કહી દીધું. એ તૈયાર થયેલ લાકડાની તોપોમાંથી સળગતા ઘાસનો અને ગોફણોમાંથી પથ્થરોનો વરસાદ મુઘલ સેના પર વરસાવવાનો હુકમ કર્યો. તોપમાંથી છૂટતો સળગતા ઘાસનો ધુમાડો અને ગોફણોમાંથી છૂટતા પથ્થરો કમાલ કરી ગયા અને મુઘલ સેનાને ઘેરો ઉઠાવી લેવો પડ્યો. ખાફીખાને આની નોંધ લેતાં લખેલું છે કે, 'લાકડાની અકેક તોપે લોખંડની દસ તોપો જેટલું કામ આપેલું.'

અશોક હર્ષ

વિદ્યાર્થીઓને ઓછા લવાજમે 'કુમાર'

સુરતના શ્રી રમેશ બી. શાહ તરફથી વિદ્યાર્થીઓને ઓછા લવાજમે 'કુમાર' મળી શકે અને સુપથ્ય સંસ્કારી વાચનનો લાભ નવી પેઢી ઉઠાવી શકે એ સદાશયથી અમને જે રકમ મળી છે તેમાંથી શાળા-કૉલેજના દસ વિદ્યાર્થીઓને રૂ. ૭૫ ને બદલે રૂ. ૫૦માં એક વર્ષ સુધી 'કુમાર' મળી શકશે. લાભ લેવા માગતા વિદ્યાર્થીએ રૂ. ૫૦નો મની ઑર્ડર કરવો અને સાથે સંસ્થાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર બીડવું.

કંકાવટી

સુલેખાની કેશમુક્તિ

ચંદ્રિકા પંડ્યા



મારી સખી સુલેખા સ્વભાવે બહુ ટીખળી. પહેલાં તેનાં પિયરિયાં, પછી તેનો પતિમાનવ (પતિદેવ શબ્દ સુલેખાને ગમતો નથી.) અને છેવટે હવે તેનાં સંતાનો તેના આ સ્વભાવથી ટેવાઈ ગયાં છે.

ગઈ ૬ઠ્ઠી નવેમ્બરે વહેલી સવારે સુલેખાનો દીકરો વીલું મોં લઈને મારે ઘેર આવ્યો. તે બોલવા પ્રયત્ન કરતો હતો, પણ તેનાથી બોલી શકાતું ન હતું. માસીનું સંબોધન કરે અને અટકી જાય. છેવટે એક શબ્દ જેટલું આગળ તે વધ્યો : 'માસી, મમ્મી.... માસી, મમ્મી ...!' મારું હૃદય જોરથી ધબકવા લાગ્યું, છતાં હિંમત રાખી નીરજની પીઠ પસવારતાં મેં તેને પૂછ્યું, 'શું થયું, તારી મમ્મીને ?'

'મમ્મીને થયું નહીં. મમ્મીએ કર્યું.' મેં ફરી પૂછ્યું : 'શું કર્યું ?' નીરજ બે અક્ષરનો એક નાનકો શબ્દ પરાણે બોલી શક્યો, 'ટાલ'.

દિવાળીની રાત્રે અમે છેલ્લે મળ્યા ત્યારે તો સુલેખાના માથે વાળ જ વાળ હતા. એક રાતમાં શુંનું શું થઈ ગયું એ વિચારે નીરજની સાથે મને પણ મૂર્છા જેવું થઈ આવ્યું. પરંતુ અન્યનાં મોટાં દુઃખો જોઈ સાંત્વન અનુભવવાના માનવસ્વભાવ પ્રમાણે મેં ભગવાન રામને યાદ કરી સાંત્વન લીધું કે મૃગનયની જેવી મહાચતુર સુલેખાએ કેવળ કેશકર્તન કર્યું હતું, વનવાસ લીધો ન હતો.

નવા વર્ષે પણ સુલેખાને મળવા જવા પગ ઉપડ્યા નહીં. છેવટે તે સપરિવાર આવી પહોંચી. તેના પતિમાનવ અને સંતાનોએ ખાસ્સી હૈયાવરાળ મારી સમક્ષ ઠાલવી.

નવા વર્ષના પ્રભાતે સુલેખાના પતિ સુશ્રુતે સુલેખાના માથે સૂરજ જોયો અને તેને અંધારાં આવી ગયાં જેવું લાગ્યું. દીકરીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને એડ્વિન ઓલ્ડ્રીન ચંદ્રને જોતા જ રહી ગયેલા તેમ તાકતી જ રહી ગઈ. દીકરો પુરુષની જાત એટલે તેને પ્રતિષ્ઠાનો ખ્યાલ પહેલો આવ્યો. મા ક્યાંય પહોંચે અને અચાનક આઘાતના લીધે સુલેખાને જોતાં જે વધુ બૂરો પ્રભાવ જોનાર પર સંભવે તેને ખાળવા સુલેખાના પહોંચતાં પહેલાં તે પહોંચી જતો અને પૂર્વમાહિતી પ્રસારિત કરતો.

વાળ જતા રહેવાના કારણે સુલેખાના મગજ પર શી અસરો થઈ હશે એ વિચારે હું મૂંઝવણ અનુભવતી હતી, પરંતુ મેં જોયું કે વાળનું વજન દૂર થયાથી તેનું મગજ વધારે તેજ ચાલવા લાગ્યું હતું. કહેવાય છે કે મુશ્કેલી મનુષ્યને ઘડે છે. શા માટે ? શા માટે ? શા માટે ? ચારેકોરથી એક જ પ્રશ્નની ઝડી વરસતી અને સુલેખા ઉત્તર આપવા વધુ ને વધુ સજ્જ થતી જતી. મજા તો એ છે કે ક્યારેક પ્રશ્નો પોતે જ ઉત્તર ધરાવતા હોય છે.

ઘરની બહાર તેણે પહેલું પગલું મૂક્યું અને એક પડોશીએ પ્રશ્ન કર્યો : 'આવું કેમ કર્યું છે ? જાત્રાએ જવાના છો ?' સુલેખાએ હકારમાં ડોકું હલાવ્યું. એક ઉત્તર ત્યાર પૂરતો તૈયાર થયો. પણ સુલેખા મૂલતઃ તો મૌલિક. ધીરેધીરે તેણે તેના પોતાના આગવા જવાબો પણ શોધવા માંડ્યા.

નોકરી પર કશીક વાતે તેને અન્યાય થતો જણાયો. તેના વિરોધમાં વાળવિહીન મસ્તકે અને હાથમાં જપમાળા લઈને ઑફિસની બહાર બેસવાની તેણે તૈયારી કરી. બૉસે તેને સાંત્વના આપી કે અન્યાય નહીં થાય અને તે ઘેર આવી. વાળ બાબતે માસીએ ઊધડો લેવા માંડ્યો કે તરત તેણે અન્યાયની વાત કરી અને વિરોધ પ્રદર્શિત કરવાના તેના આ નવતર નુસખા બદલ માસીએ કદાચ ગૌરવ પણ અનુભવ્યું હશે.

ત્યાર બાદ હું તેને ઘેર ગઈ ત્યારે પણ મારો આઘાત શમ્યો ન હતો. દુઃખ અને આઘાત બહુ દબાવવાથી સ્ફોટક બને અને સ્ફોટક બને ત્યારે ગુસ્સાનું સ્વરૂપ લે. મેં સુલેખાને ગુસ્સે થઈ કહી દીધું : 'તું ભારતીય નારી નથી ?'.

ઉત્તર આપવાના બદલે તેણે સુશ્રુતને બૂમ મારી : 'પતિમાનવ, જરા અહીં આવો તો !'

સુશ્રુત હાજર. સુલેખાએ પૂછ્યું - 'તમારી રાષ્ટ્રિયતા કઈ ?' સુશ્રુત કહે, - 'ભારતીય.' પછી પૂછ્યું, 'અને આપણાં સંતાનોની ?', સુશ્રુત કહે ,- 'ભારતીય .' ત્રીજો સવાલ : 'મારી ?' સુશ્રુતે પૂછ્યું, 'કેમ તને તારી રાષ્ટ્રિયતા ભારતીય હોવામાં શંકા છે?' સુલેખા હસીને કહે : 'મને નહીં, આ ચંદ્રિકાને શંકા છે.'

એક પડોશીએ થોડા દિવસ સંયમ વર્ત્યો, પરંતુ છેવટે તેમણે પણ પૂછી લીધું. પહેલા પડોશીએ આપેલી ચાવીને ફેરવીને સુલેખાએ કહી દીધું, 'તિરુપતિ જવાની છું.' સુલેખાને ભારતીય હોવા બદલ પહેલી વાર રોમાંચ થયો. ભારતમાં તિરુપતિ નામનું, થેન્ક ગોડ, એક સ્થાન છે કે જ્યાં કેશરહિત થવાનો મહિમા છે. એમ તો નોકરી પરની સત્યાગ્રહ મુદ્રા ટાણે તંગ પરિસ્થિતિ હળવી કરવાના આશયે તેના બૉસે પૂછ્યું હતું, 'તિરુપતિ જઈ આવ્યા ?' પરંતુ ત્યારે તેણે વજનદાર સ્વરભાર સાથે કહ્યું હતું: 'ના'

એક પરિચિત માર્ગમાં મળ્યા. વાળની હાલત વિશે એ જ પ્રશ્ન. તિરુપતિનો ઉત્તર, પરંતુ તે પ્રતીતિકર લાગે માટે એક કલૉઝનો સુલેખાએ ઉમેરો કરી કહ્યું : 'સ્વૈચ્છિક નિવૃત્તિ પછી પેન્શન ઝટ મળતું નથી. આ બધું ઝટ પતે માટે તિરુપતિની બાધા રાખી હતી.'

મારી અને સુલેખાની એક કોમન મિત્ર રમા મુંબઈથી આવી હતી. સ્વભાવે સંવેદનશીલ. મને કહે 'ચાલ, સુલેખાને ઘેર જઈએ.' મારું હૃદય ધડકવા લાંગ્યું. હવે શું થશે ? હવે શું થશે ? હવે શું થશે ?

વળી, સુલેખા તો માથું યે ઢાંકતી નહીં. કહે, 'ટાલ એન્જોય કરું છું.' રમાને લઈને એને ત્યાં પહોંચી તો એ જ હાલ. રમા હક્કાબક્કા. મેં હાથમાં કેપ પકડાવી દીધી. રમાને સહેજ કળ વળી. રમાએ પણ સવાલ કર્યો. સુલેખાના હોઠ ભારે સાજા. કહે 'દિવાળીની રાતે એક હવાઈ આવીને વાળમાં ભરાઈ ગઈ. બધા વાળ બળી ગયા.' રમાએ સહાનુભૂતિનો સાગર ઠાલવી દીધો.

(અનુસંધાન પાન ૧૨૦ પર)

કથાસરિત્સાગર

—કનુભાઈ જાની—

લમ્બક બીજો : તરંગ પહેલો (ચાલુ)

ઉદયન[1]જન્મ

પછી, થોડા દિવસો બાદ એ સુશીલા નારીએ ત્યાં(આશ્રમમાં) પુત્રરત્નને જન્મ આપ્યો, (બધી રીતે) વખાણવાલાયક (એ હતો). એ તો જેવી સત્સંગતિ તેવો આચાર. 'શ્રીમાન ઉદયન નામે મહાયશસ્વી રાજા અહીં જન્મ્યો છે અને એનો પુત્ર[2] સર્વ વિદ્યાધરોનો અધિપતિ થશે' એમ એ વખતે આકાશવાણી થઈ. મૃગાવતીના તો મનમાંથી પણ જે નીકળી ગયો હતો એવો રૂડો અવસર આવી પડ્યો. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ એ બાળક ઉદયન વધવા લાગ્યો. એની વયની સાથોસાથ જાણે વયસ્યો (મિત્રો) હોય એમ ગુણો પણ ખીલતા ગયા. ક્ષત્રિયોચિત બધા જ સંસ્કારો જમદગ્નિએ[3] એને આપ્યા. વિદ્યામાં વિનીત થયો અને ધનુર્વેદમાં[4] પણ પાણીવાળો બન્યો. સ્નેહથી માતા મૃગાવતીએ સહસ્રાનીકનું નામ કોતરેલું કડું પોતાને હાથેથી ઉતારીને પુત્રના હાથમાં પહેરાવ્યું.

એકવાર મૃગયાર્થે ભમતા ઉદયને, અરણ્યમાં, એક શબરે બલપૂર્વક પકડેલા એક સાપને જોયો. એ સુંદર સર્પ પર એને દયા આવી.. શબરને એણે કહ્યું, 'હું કહું છું કે એ સાપને તું છોડી દે.' ત્યારે શબરે જવાબ વાળ્યો, 'પ્રભુ, આ તો મારી આજીવિકા છે. હુ બહુ ગરીબ છું. સાપ રમાડીને તો જીવું છું. પહેલાંનો એક સાપ મરી જતાં, આવડા મોટા આખા આ વનમાં ભમતાં ભમતાં, આને જોતાં, મંત્ર ને ઔષધિ ને એવી એવી કૈંક કરામતોથી માંડ મેં આને મેળવ્યો છે.' આ સાંભળીને, માતાએ આપેલું કડું કાઢીને ઉદયને એ શબરને આપ્યું, એટલે પેલાએ સાપને છોડી દીધો. કડું લઈને શબર ગયો. પછી પ્રસન્ન થયેલો સાપ ઉદયન સમક્ષ આવીને બોલ્યો, 'હું વાસુકિનો મોટો ભાઈ, નામે વસુનેમિ. તમે મારું રક્ષણ કર્યું છે. તો, (કૃપા કરીને) આ વીણા સ્વીકારો, અત્યંત મધુર ઘોષવાળી છે, એના શ્રુતિભાગો[5] બરાબર વિભક્ત કરેલા છે. અને (સ્વીકારો) આ પણ -તામ્બૂલી[6] (નાગરવેલ), સાથે સાથે (આ) ક્યારેય ન કરમાય એવી માલા, ને આ ચમત્કારી તિલક.'[7]

સર્પ ગયો પછી ઉદયન આ બધાં (વીણાદિ) સાથે જમદગ્નિના આશ્રમે આવ્યો. માતાની આંખે તો જાણે અમૃત ઊમટ્યાં.

દરમ્યાનમાં પેલો શબર જે ભટકતો ભટકતો વનમાં આવી ચડેલો, ને જેને વિધિવશાત્ પેલું કડું મળેલું તે, દુકાને એ વેચતાં પકડાયો. કડા પર રાજાનું નામ કોતરેલું. રાજસેવકો એને લઈ ગયા રાજભવનમાં. '(અલ્યા,) આ કડું તને મળ્યું ક્યાંથી ?,' એમ ત્યાં, શોકાર્ત રાજા સહસ્રાનીકે પૂછ્યું. એટલે શબરે પેલા ઉદયપર્વતે સાપ પકડવાથી માંડીને પોતાને કડાની થએલી પ્રાપ્તિ સુધીનું બધું માંડીને કહ્યું. શબર પાસેથી આ જાણ્યું અને (સામે જ) પત્નીના હાથ પરનું કડું જોયું કે રાજા સહસ્રાનીક વિચારને ઝોલે ચડી ગયો.

'રાજા, શાપ ગયો તારો, તે વસે ઉદયાચળે,
જામદગ્ન્યાશ્રમે પત્ની સપુત્રા તે મૃગાવતી.'

એવી દિવ્યવાણીએ, (ગ્રીષ્મ પછીની) જલધારા જેમ મયૂરને તેમ પ્રિયવિરહાગ્નિવેઠતા આ રાજાને, આનન્દમગ્ન કરી દીધો. પછી મિલનોત્સુકતાને કારણે લાંબો (બનેલ) દિવસ જેવો જેમજેમ વીત્યો કે બીજે જ દિ' સવારના પહોરમાં, પેલા શબરને આગળ કરીને, ઉદયગિરિના એ આશ્રમ તરફ, સૈન્ય સહિત, રાજા સહસ્રાનીકે પ્રિયતમાને પ્રાપ્ત કરવા ઝટપટ કૂચ કરી.

ઇતિ મહાકવિશ્રીસોમદેવભટ્ટ વિરચિત
કથાસરિત્સાગરના કથામુખલમ્બકનો પહેલો તરંગ.

ઊડતો વિદ્યાધર - વિરૂપાક્ષ મંદિરની દીવાલે શિલ્પ (આશરે ઈ. ૭૪૦)



પાદટીપ

૧ ઉદયન : પાછું 'મેઘદૂત' યાદ આવે : 'પ્રાપ્યાવન્તીમુદયનકથાકોવિદગ્રામવૃદ્ધાન્' (૩૦). માળવાને ગામડેગામડે ઉદયનકથા લોકહૈયે હતી. ચન્દ્રવંશી રાજા વત્સરાજ. કૌશામ્બીનો રાજા. ઉજ્જયિનીરાજ ચંડસેનની કુંવરી વાસવદત્તાએ એને સ્વપ્નમાં જોયો, ને પ્રેમમાં પડી. રાજા ચંડસેને છલથી એને બંદી કર્યો, તો એ વળી કુંવરીનું હરણ કરીને ભાગ્યો ! શ્રીહર્ષદેવના નાટક 'રત્નાવલિ'નો એ નાયક. અનેક કૃતિઓ એના જીવનપ્રસંગો પરથી રચાઈ. રોમેન્ટિક હીરો. મૂળ બૃહત્કથામાં વત્સરાજનો પુત્ર નરવાહનદત્ત નાયક હતો. એનાં અનેક પ્રેમ-પરિણયોની કથા તે બૃહત્કથા. મૂળમાં પ્રેમકથા. પછી સંઘદાસગણિએ એને બનાવી ધર્મકથા. ત્યાં નાયક નરવાહનદત્ત નથી, વસુદેવ છે. એટલે જ કૃતિનામ છે 'વસુદેવહિંડી'. આ કથાનાં બે રૂપો : પ્રથમ ખંડ તે 'વસુદેવહિંડી', સાંડેસરાસાહેબને કારણે આપણને 'વસુદેવહિંડી' ગુજરાતીમાં (સંપાદિતરૂપે) મળે છે. 'મજ્ઝમખંડ'ની રાહ જોવાની રહી !

કથાસરિત્સાગરમાં નાયક નરવાહનદત્ત છે, ને કથા-જટાજૂટ એની આસપાસ છે; છતાં એના પિતા ઉદયન અને એમની બે પ્રિયતમાઓ વાસવદત્તા અને પદ્માવતી તથા એમનો સન્નિષ્ઠ બુદ્ધિશાળી મંત્રી યૌગન્ધરાયણની કથાઓ પણ ઓછી રોચક નથી. લોકોનમુજબ ઉદયનકથા કદાચ, મૂળમાં, બૌદ્ધ કથા હશે; જો કે આ તો બૌદ્ધ કથાઓથી બહુ જુદી છે.

૨ મૂળમાં છે 'પુત્રોડસ્ય', પણ હિન્દી ભાષાન્તરમાં 'અસ્યા' માનીને કે અનવધાને 'રાણીનો પુત્ર થશે વિદ્યાધરોનો રાજા' એમ કર્યું છે ! ૭૦મા શ્લોકમાં પુત્રજન્મ એ હતો 'મૃગાવત્યાશ્ચિત્તવિસ્મૃતમુત્સવમ્', ત્યાં વિસ્મૃતનું 'આશ્ચર્ય' કર્યું ! ૭૯માં શ્લોકમાં સાપ રાજા સમક્ષ ઉપસ્થિત થઈ બોલવા માંડે, ત્યાં એ મનુષ્યના રૂપમાં આવીને બોલવા લાગ્યો એમ છે નહિ; હા, ગૃહીત ખરું. ભાષાન્તરમાં એ ગૃહીત જ રખાય. એ સાપે, હિન્દી પ્રમાણે તો, ત્રણ જ વસ્તુઓ આપી (૮૦-૮૧), હકીકતે ચાર થાય. ૮૨મા શ્લોકમાં 'માતાની આંખે અમૃત વરસાવતો એ જમદગ્નિને આશ્રમે આવ્યો' એમ (હિન્દી પ્રમાણે) કરવા જતાં કાર્યકારણ-વિપર્યય થાય - આવ્યો ને દેખાયો પછી અમૃત વરસે કે પહેલાં ? ભાષાન્તર તો, વારંવાર સાફ કરતા રહેવું પડે એવી ક્રિયા છે - મહાદેવભાઈ કહે છે તેમ ગાય જેમ વાછરડાને ચાટી ચાટીને સાફ કરતી રહે છે તેમ. ભાષાન્તરમાં બેધ્યાનપણું પણ ન ચાલે; એ ધ્યાનયોગ છે.

૩ જમદગ્નિ : મૂળમાં પરશુરામના પિતા, ભૃગુવંશી ઋચિકા અને સત્યવતીના પુત્ર. વેદવેદાંગ-પારંગત. એમની પત્ની રેણુકા. એનાથી પાંચ પુત્રો. રેણુકાએ એક વાર ગાંધર્વયુગલને જલક્રિડા કરતું જોયું. ઈર્ષ્યા જાગી. પ્રબળ કામેચ્છાયુક્ત મલિન વિચારોની આંધિ મનમાં ફૂંકાઈ. તેજ ગયું. ઋષિએ એ જાણ્યું. પત્નીને નિસ્તેજ જોઈ. ક્રોધાગ્નિ ભભૂક્યો. પુત્રોને આજ્ઞા કરી : 'આનો શિરચ્છેદ કરો.' પહેલા ચાર ધ્રૂજ્યા, મૂંગા રહ્યા કે ભાગ્યા હશે. પણ સૌથી નાના પરશુરામે, 'આજ્ઞા ગુરૂણામવિચારણીયા' ગણીને, પરશુ ઝીંકી ! પિતા ખુશ ! 'માગ વરદાન'. કહે, 'મારી માતાને જીવતી કરો.' મૂળના જમદગ્નિ સાથે આવી આવી કથાઓ જોડાએલી છે. અહીંના જુદા લાગે છે.

૪. ધનુર્વેદ તે વેદાંગ. માત્ર ધુષ્યનું જ નહિ, અસ્ત્ર-શસ્ત્ર-શાસ્ત્ર. પ્રાચીન (બ્રાહ્મણકાલીન કે વેદકાલીન) ભારતીય સમાજમાં વેદની સાથોસાથ જ શસ્ત્રવિદ્યા પણ સૌ શીખતા - બ્રાહ્મણ પણ. એનાં ઘણાં દૃષ્ટાંતો ક.સ.સા.માં મળશે.


'વિદ્યા'માં ગણાવાના વિષયો હતા વેદ, વેદાંગ, ધર્મશાસ્ત્ર, પુરાણ, મીમાંસા, તર્ક વગેરે. કાળક્રમે આ વિષયોમાં વધારાઘટાડા થયે ગયા છે. આરંભે 'વિદ્યા' તે ચાર વેદ. પછી વિદ્યા ચૌદ ગણાઈ: ચાર વેદ, છ વેદાંગ, ઉપરાંત ધર્મ, પુરાણ, મીમાંસા ને તર્ક. રાજશેખરે વળી કાવ્યશાસ્ત્ર ઉમેર્યું. પછી ઉમેરાયાં કામસૂત્ર, શિલ્પશાસ્ત્ર અને દંડનીતિ. એમ વિદ્યા અઢાર થઈ. વિષ્ણુપુરાણ અનુસાર આ અઢારમાં આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર આવે.

ચાર વેદો પછી તરત જે ચાર ઉપવેદો ગણાતા એમાં ધનુર્વેદનો સમાવેશ થતો. આ ચારમાંનો પ્રત્યેક ઉપવેદ મુખ્ય વેદનો આનુષંગિક ભાગ ગણાતો. દા.ત. આયુર્વેદ તે કેટલાકને મતે ઋગ્વેદનો તો સુશ્રુતને મતે અથર્વવેદનો ભાગ, ધનુર્વેદ તે યુજર્વેદનો ભાગ, ગાંધર્વવેદ તે સામવેદનો ભાગ, અને સ્થાપત્યશાસ્ત્ર તે અથર્વવેદનો.



ગાંધર્વ . અજંતાના એક ભીંત ચિત્રમાનું આલેખન

૫ શ્રુતિ : સૂર કે સ્વરનાં સ્થાનો નિશ્ચિત છે પણ એની વચમાંના મધુર નાદ તે શ્રુતિ. સંગીતમાં શ્રુતિઓ બાવીસ છે. આપણું શાસ્ત્રીય સંગીત સ્વરને પ્રાધાન્ય આપે છે; પારંપરિત લોકસંગીતમાં શ્રુતિઓનો છૂટથી ઉપયોગ થાય છે.



૬ તામ્બૂલી: તામ્બૂલવલ્લી : નાગરવેલ. 'તામ્બૂલીનાં દલૈસ્તત્ર રચિતાપાનભૂમયઃ' (રઘુવંશ, ૪.૪૨). ભારતવર્ષમાં જે કેટલીક પરંપરાઓ હજારો વર્ષથી ઊતરી આવેલી લાગે, તેમાંય વધતી ચાલેલી લાગે તેમાંની એક તામ્બૂલભક્ષણ. હવે તો પાનનો ધંધો એટલે રોકડિયો ધંધો ને સમાચારવિતરણ જ નહિ, સમાચારવિસ્તરણકેન્દ્ર. કાદમ્બરીનું એક ચિત્ર છે 'તામ્બૂલભૃત ગલ્લોડયં ભલ્લં જલ્પતિ માનુષ' આજેય આ ચિત્ર આવું જ રોજ જોવા મળશે : ગલોફામાં પાન ભરાવીને વ્યાખ્યાન આપતા મોટામોટા વિવેચકો, મોંમાંથી સીકરો ઉડાડતા પોતાની આગલી હરોળ તિતર-બિતર કરી શકે છે.

૭ શ્લોક ૮૦-૮૧માં શ્લોકોમાં વસુનેમિ ખુશ થઈને પોતાનો જાન બચાવનાર ઉદયનને કેટલીક ચમત્કારિક વસ્તુઓ ભેટમાં આપે છે. એમાં ૧ વીણા, ૨ માલા અને ૩ નાગરવેલ એ બાબતમાં ભાષાન્તરકારોમાં મતભેદ નથી. પેન્ઝર ચોથી વસ્તુ તિલક, અલગ લઈને, ગણાવે છે; જ્યારે હિન્દીમાં 'તિલકની યુક્તિવાળું પાન' એમ લેવાયું છે. પણ ચારવાળી વાત તર્કયુક્ત લાગે છે. 'તિલક' પણ સાધારણ નથી, 'યુક્તિવાળું' છે - કઈ યુક્તિ તે અધ્યાહૃત છે. લગાડતાં જ અલોપ થવાય કે એવું કાંઈક હોય.

૮ ભારતીય જીવનમાં ને કથાઓમાં નાગનું મહત્ત્વ દર્શાવતો અલગ લેખ 'કુમાર'માં આવી ગયો છે. આપણી-પૂર્વના બધા દેશોની-કથાઓમાં નાગકથાઓનો પાર નથી. બદલો લેતા ને બદલો વાળતા બંને પ્રકારના નાગોની કથાઓ છે - ઉપકાર પર વરસતા ને ઉપકાર છતાંયે ડંખતા. આવી બધી કથાઓનું મૂળ બૌદ્ધ જાતકોમાં હોવાનું પેન્ઝર વગેરે વિદ્વાનો માને છે. જાતકોમાં ઘણી નાગકથાઓ છે. તે સિવાય પણ છે. 'આરામશોભા' જુઓ કે 'નલદમયન્તીકથા'. અહીં નાગકથાઓ બૌદ્ધકથાઓથીયે જૂની હોવાની સંભાવના છે. યુરોપમાં પણ નાગકથાઓ કેવી કેવી ક્યાં ક્યાં છે એની માહિતી પેન્ઝરે (I 101 પાદટીપ) આપી છે. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

૧૮મી સદીના કેટલાક ગૌણ કવિઓ

પ્રાસ્તાવિક

અંગ્રેજી પ્રજાના રાજકીય જીવનના અને કાવ્યસાહિત્યના ઈતિહાસના એક વિશિષ્ટ યુગમાં પોપ એની હાસ્યકટાક્ષ યુક્ત કાવ્યકૃતિઓ દ્વારા અનોખી મુદ્રા ઉપસાવી ગયો. અંગ્રેજી કાવ્યસાહિત્યમાં આ પ્રકારની નર્મમર્મયુક્ત કવિતાના 'હાઈ પ્રીસ્ટ' તરીકે તે પંકાઈ ગયો. તત્કાલીન સમાજનો સૂર Tone તેની કવિતામાં ઉત્તમ રીતે પ્રકટ થાય છે. પણ એ સૂર પ્રકટાવનાર તે જ એકમાત્ર કવિ નથી. એના કેટલાક સમકાલીન ગૌણ કવિઓમાં પણ એ યુગના પડઘા ઓછેવત્તે અંશે સંભળાય છે.

મેથ્યુ પ્રાયર (Mathew Prior - 1664-1721) આ કવિઓમાં કંઈક વિશેષ ધ્યાન ખેંચે છે. પોતાના યુગની કેટલીક ગૂંચો અને દેખીતા વિરોધાભાસો તે પોતાની કવિતામાં પ્રત્યક્ષ કરાવી શક્યો છે. એ પોતે રાજનીતિજ્ઞ પણ હતો. યુટ્રેક્ટની સંધિ (Peace of Utrech - 1713) ની ઘટનામાં તેણે પણ ચર્ચાવિચારણામાં સક્રિય ફાળો આપ્યો હતો; અને એ કારણે વ્હિગ પક્ષમાં અળખામણો થઈ પડ્યો હતો.

કવિ મેથ્યુ પ્રાયરની કવિતામાં વિનોદ કટાક્ષ ચાતુર્ય અને ઊર્મિલતાનું એક અનોખું મિશ્રણ દેખાય છે. એની એ આગવી રીતિ છે; અને લોકભોગ્ય વાણીમાં રજૂઆત કરવા માટેની પરિચિત ભાષા પર તેનો પ્રશસ્ય કાબૂ છે. કવિ કાઉપરે એની આ કુશળતા પર વારી જઈને નોંધ્યું હતું કે એની કવિતા ગદ્યાળુ બન્યા વિના ગદ્યની લગોલગની બાનીમાં સરસ રીતે રજૂ થઈ છે. એ શૈલી એની પોતાની વિશિષ્ટ અને અનુકરણ ન થઈ શકે તેવી છે. 'the familiar style...of all styles the most difficult to succeed in, to make verse speak the language of prose without being prosaic.'

કવિ પ્રાયરની સફળતા એની હળવી કાવ્યરચનામાં છે. એની એક ગંભીર કૃતિ સોલોમન ઑર ધ વેનિટી ઑફ ધ વર્લ્ડ (Solomn or the Vanity of the World -1718) નીરસ રચના છે; પણ હળવી કલમે લખાયેલી 'અલ્મા ઑર ધ પ્રોગ્રેસ ઑફ ધ માઈન્ડ (Alma or the Progress of the Mind -1718) પ્રસન્ન કરે તેવી કૃતિ છે અને તેથી પણ વિશેષ પ્રસન્નતા એનાં હળવાં ઊર્મિકોમાંથી મળે છે.

જોનાથન સ્વિફ્ટ (Jonathan Swift 1667-1745) એની 'અ મોડેસ્ટ પ્રપોઝલ' (A Modest Proposal - 1729) અને 'ગલિવર્સ ટ્રાવેલ્સ' (Gulliver's Travels - 1726) જેવી ખ્યાતનામ કૃતિઓથી અંગ્રેજી સાહિત્યમાં એક સમર્થ કટાક્ષકાર તરીકે પ્રતિષ્ઠા પામી ચૂક્યો છે. પરંતુ તેની કેટલીક કાવ્ય રચનાઓ પણ રસપ્રદ છે. મેથ્યુ પ્રાયરની જેમ તેણે પણ જેને વ્યવહારભાષા કહી શકીએ તેની લગોલગ બેસે તેવી ગદ્યાત્મક ભાષામાં કવિતા રચવાનું વલણ દાખવ્યું; અને જે ગદ્યમાં વ્યક્ત કરી શકાય તે એવી જ સફળતાથી કાવ્યમાં પણ રજૂ થઈ શકે એ કેટલાંક કાવ્યો દ્વારા તેણે દર્શાવવાનો પ્રયત્ન પણ કર્યો.

And let me in these shades compose
something in verse as true as prose.

આ બાબતમાં તે મેથ્યુ પ્રાયર કરતાં પણ એ આગળ નીકળી ગયો. પ્રાયર ગદ્યાત્મક ભાષા પોતાની કવિતામાં પ્રયોજતો હતો; પણ એની એવી ભાષાને કેટલીકવાર કાવ્યની પાંખો ફૂટતી હતી. સ્વિફ્ટે તો સીધાસાદા ગદ્યને જ પોતાના ભાવની અભિવ્યક્તિ માટે ખપમાં લીધું - અને છતાં એ ગદ્યાત્મક ભાષામાં પણ કટાક્ષ, ચમત્કૃતિ-ચાતુર્યની ઊણપ નહોતી. નિખાલસતાથી એ પોતાના વિશે લખે છે :

Swift had the sin of wit, no venial crime.
Nay' tis affirmed he sometimes dealt in rhime.
Humour and mirth had place in all he writ;
He reconciled divinity with wit.

એની પ્રિયતમા સ્ટેલા (Stella) વિશેનાં કાવ્યોમાં તો તે વધુ નિખાલસ બનતો દેખાય છે. સ્ટેલાના સૌંદર્યને અંજલિ અર્પતી કાવ્યપંક્તિઓમાં મનોહર તરંગ છે.

સ્વિફ્ટનાં 'ધ બીસ્ટ્સ કન્ફેસન' (The Beasts' Confession) અને 'ઑન ધ ડેથ ઑફ ડૉક્ટર સ્વિફ્ટ' (On the Death of Dr. Swift બંને ૧૭૩૦ના અરસામાં રચાયેલાં) સુવાચ્ય કાવ્યો છે. એમાં કટાક્ષ તો છે જ. પણ પોતાના જ મૃત્યુ વિશેના કાવ્યમાં સ્વિફ્ટે પોતાનું કટાક્ષચિત્ર આલેખ્યું છે. સ્વિફ્ટના કટાક્ષની પાછળ કરુણની એક સેર ગદ્યમાં તેમજ પદ્યમાં પ્રવર્તતી દેખાય છે. પોતાના મૃત્યુ વિશેના કાવ્યમાં એણે નિર્મમ બનીને પોતાની વૃત્તિઓનું પૃથક્કરણ કર્યું છે; અને તે સાથે તત્કાલીન સમાજની ખાસિયતો પર પણ વ્યંગ કર્યો છે :

Behold the fatal day arrive !
'How is the Dean' ? - He's just alive.'
Now the departing prayer is read.
'He hardly breathes' - 'The Dean is dead.'

* * *

Perhaps I may allow the Dean
Had too much satire in his vein;

And seemed determined not to starve it,
Because no age could more deserve it.
Yet malice never was his aim;
He lashed the vice, but spared the name;

* * *

He gave the little wealth he had
To build a house for fools and mad.
And showed by one satiric touch
No nation wanted it so much.

જહોન ગે (John Gay 1685-1732) પોપ અને સ્વિફ્ટનો મિત્ર ઊંચું દૈવત દાખવતો કવિ નથી. કંઈક સુખદ અકસ્માતથી જ તેને કવિ તરીકે કંઈક નામના પ્રાપ્ત થઈ. આરંભની કારકિર્દીનાં કાવ્યોમાં એ એના સમકાલીન કવિઓની રીતિએ જ પગરણ માંડે છે - સાદાસીધા વિષયો પર સસંકોચ કલમ અજમાવે છે. એની 'રુરલ સ્પોર્ટ્સ' (Rural Sports - 1713) પોપને અર્પણ થઈ છે. એમાં ગોપજીવનને લગતાં કેટલાંક મનગમતાં પ્રતીકો છે, પણ પોપના 'પેસ્ટરલ્સ' Pastoralsનું એ સ્હેજે સ્મરણ કરાવી જાય છે. અલબત્ત, સંધ્યાકાળે ખેડૂતો ઘેર પાછા ફરવાની તૈયારી કરી રહ્યા છે અને ગાયો પણ મમતાળુ હાથ પોતાના દેહ પર ફરે તેવી અપેક્ષા સેવતી ઊભી છે તે ચિત્ર ગમી જાય તેવું છે :

Or when the ploughman leaves the task of day,
And trudging homeward whistles in the way;
When the big uddered cows with patience stand',
Waiting the strokings of the damsel's hand.

ગેની 'શેપહર્ડ્ઝ વીક' કેટલેક અંશે 'મોક હીરોઈક' (Mock-heroic) છે. આ યુગના કવિઓમાંથી ઘણાખરાને મોક-હીરોઈકની રચના કરવાનું અનુકૂળ રહ્યું છે. 'શેપહર્ડ્ઝ વીક'માં એમ્બ્રોઝ ફિલિપ્સ (Ambrose Philips -1674-1749)ના ગોપજીવનનાં કાવ્યો (Pastorals)ના ચાંદુડિયા પાડવાનો ગેનો હેતુ છે - પ્રયત્ન છે. પણ એ હેતુ સિદ્ધ કરતાં ક્યાંક ક્યાંક ગેની સર્જનશક્તિ ઝળકી ઊઠતી દેખાય છે.

'ટ્રિવિઆ ઓર ધી આર્ટ ઓફ વોકિંગ ધ સ્ટ્રીટ્સ ઓફ લંડન' (Trivia or the Art of Walking the Streets of London - 1716) સ્વિફ્ટના આ પ્રકારના કાવ્યની અસર તળે રચાયેલી કૃતિ છે. ગેની કવિતા પર એના મિત્રકવિઓનું ખાસું ઋણ છે. આ કાવ્યમાં પણ મોક-હીરોઈકના અંશો છે.

ગેને અસાધારણ સફળતા મળી હોય તો તેની 'ધ બેગર્સ ઓપેરા' કૃતિમાં. સ્વિફ્ટના એક સૂચન પરથી 'ઇટાલિયન ઓપેરા'ની પેરડિ રૂપે તેણે એ રચી. પણ એ કૃતિએ તેને પ્રસિદ્ધ કરી દીધો. જહોન્સને તેની બેહદ પ્રશંસા કરતા કહ્યું કે કોમેડિના આ પ્રકારે પ્રથમ તો તેમાંના નવીન વિષયથી આકર્ષણ જમાવ્યું, પણ પછી તો અમુક કક્ષાના પ્રેક્ષકવર્ગ માટે તે એક નજરાણું બની ગયું છે અને લાંબા સમય સુધી તે તખ્તા પર ભજવાયા કરશે.

અને જહોન્સનની આગાહી સાચી નીવડી.

'ધ બેગર્સ ઓપેરા'માં માર્ગ પરના એક ધાડપાડુ અને તેની સ્ત્રીઓની વાત છે. એ દ્વારા તેણે રાજકીય અને ઊંચી સામાજિક વ્યક્તિઓનું ચિત્ર ઉપસાવ્યું છે. એમાં તાત્પર્ય એ છે કે ધાડપાડુ, ડાકુ, ઠગ વગેરે જે અનીતિ, ખૂનામરકી, દગાબાજી આચરે છે તે ઊંચા સમાજની વ્યક્તિઓ દ્વારા કે રાજકીય પુરુષો દ્વારા આચરવામાં આવતી ખૂનામરકી અને દગાબાજીથી ભિન્ન નથી - ભેદ એટલો જ છે કે એક ઊંચા વર્ગના માનવી છે; બીજા નીચલા સ્થાને છે. ઓપેરાને અંતે એક ભિખારી સ્ટેજ પર આવીને ઉદ્‌ગાર કરે છે : Through the whole piece you may observe such a similitude of manners in high and low life, that it is difficult to determine whether (in the fashionable vices) the fine gentle men imitate the gentlemen of the road, or the gentlemen of the road, the fine gentlemen.

આ કવિઓ ઉપરાંત કેટલાક કવિઓએ ઓછેવત્તે અંશે પોતાની સર્જકતાનો પરિચય કરાવ્યો છે તેમાં ટોમસ પાર્નેલ (Thomas Parnell), એમ્બ્રોઝ ફિલિપ્સ (Ambrose Philips), ટોમસ ટિકેલ (Thomas Tickell) વગેરેનો સમાવેશ કરી શકાય. (ક્રમશઃ)

*

શ્રી વિઠ્ઠલભાઈ - 'સંસ્કાર' પરિવાર પારિતોષિક

૧૯૯૨ના વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રકટ થનાર મૌલિક વાર્તાઓ, કાવ્યો, જીવનચરિત્રો અને અન્ય લેખો પૈકી શ્રેષ્ઠ ઠરનાર પ્રત્યેક કૃતિને રૂ. ૧૨૫નું પારિતોષિક અપાશે. સહુ સર્જકોને પોતાની રચનાઓ મોકલી આપવા નિમંત્રણ છે.

*

પ્રો. અનંતરાય રાવળ એવોર્ડ

પ્રો. અનંતરાય રાવળ સ્મારક સમિતિએ દર વર્ષે વિવેચનક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બજાવનારને પ્રો. અનંતરાય રાવળ એવોર્ડ આપવાનું ઠરાવ્યું છે તે અનુસાર ૧૯૯૧નો પ્રથમ એવોર્ડ ડૉ. રમણલાલ જોશીને આપવાનો નિર્ણય લેવાયો છે.

*

બુદ્ધિ કસોનો જવાબ

૧૦ વર્ષ પછી જયારે મહેશની ઉંમર ૨૨ની અને તેના પિતાની ૬૬ની હશે ત્યારે.

ધારાવાહી લઘુ-નવલ

રવજી માસ્તરનું મૃત્યુ

ધીરેન્દ્ર મહેતા

૨ વજી માસ્તર હવે તો ખાસ નવરાય પડતા નથી, ત્યાં એમનેય ખબર પડતી નથી કે મનમાં આવા બધા વિચારો કેમ કરીને પેસી જાય છે ને ધમાચકડી મચાવે છે!

આમ તો એમને હવે પહેલાંની જેમ મોં ખુલ્લું રાખીને, જીભને બહાર દેખાવા દઈને, હસતો ચહેરો કરીને માથે હાથ ફેરવતાં ફેરવતાં અઢેલીને બેસવાની ફુરસદ ક્યાં મળે છે, કારણ કે ગામલોકને જગન ભારાડીની વાત સડસડાટ ગળે ઊતરી ગઈ છે. પોસ્ટકાર્ડ લખનારાય હવે તો આવી આવીને ટ્રંક કોલ બુક કરાવે છે. ગામડાગામમાં કામધંધો તો કાંઈ હોય નહિ, પહેલાં કોકના ઓટલા ભાંગતા હતા તે હવે અહીંયાં આવીને બેસી રે' છે_ઘણાને તો આ કાળા ભૂંગળામાં બોલવાનું નર્યું કૌતુક જ હોય છે. વાતમાં માલ કાંઈ હોય નહિ, ખાલી ઠીઠિયારા કર્યા કરતા હોય પણ ઝટ મૂકે નહિ. સામેની વ્યક્તિ એમને દેખી શકતી હોય એમ પાછા ચેનચાળાય કરતા જાય. ક્યારેક તો બબ્બે ત્રણત્રણ જણ ભેળા આવે. રીસિવરની ઝૂંટાઝૂંટ કરતા હોય તો કોક વાર વળી બધા એકસાથે માથું નાખીને રાડારાડ કરવા લાગે. પાછળ રાહ જોતાં બેસી રહ્યા હોય એ બધા એમને જોઈને ખી ખી કરવા લાગે ને ધાંધલ ધમાલ મચી જાય. આ ઘોંઘાટમાં પેલા વાત કરનારા પૂરું સાંભળે નહિ એટલે હેં_ હેં_ કર્યા કરે, વચમાં વચમાં પાછળ ફરીને ક્યારેક પેલા ઘોંઘાટિયાઓને પણ સરસ્વતી સંભળાવી દે, ને તેય પાછું રીસિવર મોઢા પર રહેવા દઈને જ, એટલે એ પણ એમાં ઝિલાય સામાવાળાને, સંભળાય એટલે એ વાતનો ખુલાસો કરતા ખડખડ હસી પડે અને ઊભી થયેલી આ પરિસ્થિતિ સમજાતાં બીજા બધાય ખીં ખીં નયારા કરી ઊઠે_ પાછું એનું એ.

આ તો નિશાળિયાને શાંત પાડવા જેવું કામ. રવજી માસ્તર હવે સાચા માસ્તર! કોકે કહ્યુંય ખરું,

'માસ્તર, હવે એક ફુટી રાખો, ફટકારવા માટે, એ વગર આ કોઈ માનવાના નહિ.'

રવજી માસ્તરને ગુસ્સો તો એવો જ આવી જતો.

પાછા સમજાવ્યા સમજે નહિ. કોકનો કોલ વહેલો જોડાઈ જાય તો એની પહેલાં આવનારો માથાકૂટ કરવા લાગે, હું એના કરતાં વહેલો આવ્યો હતો ને -

રવજી માસ્તર કહે, ફોનમાં બે મિનિટથી વધારે વાત કરાય નહિ, પણ માને શાના? માસ્તર, તમારે જે ચારજ થાય તે લઈ લેજોને! બેચાર રૂપિયા આમ કે આમ.

આવો જવાબ સાંભળીને રવજી માસ્તર શરૂશરૂમાં તો ચૂપ થઈ જતા, પરંતુ પછી એમને આવું સાંભળીને મનમાં ને મનમાં ઉશ્કેરાટ થવા લાગતો: લો, બોલ્યા, તમારે જે ચારજ થાય તે લઈ લેજો!_ પણ એમાં મારે શું રંધાયું?

લોકો તો સમય જોતા નથી, આવ્યા કરે છે - નક્કી થયેલા કલાકો સિવાયના સમયે પણ. કોઈ કોઈ તો રાત્રે આવીને પણ રવજી માસ્તરને જગાડે. રવજી માસ્તર એમને શું કહે? ટેલિફોન તો ક્યારેય બંધ રહેતો જ નથી, સામેથી પણ ઘંટડી રણકે. મેસેન્જરને જગાડીને જેને બોલાવવાનો હોય એને બોલાવવા માટે મોકલવો જ પડે ને? જાય ભલે મેસેન્જર, પણ એની વાટ જોઈને તો રવજી માસ્તરે જ બેસી રહેવું પડે ને? શું થાય? પાછું ટપાલને લગતું કામકાજ તો જેમ હતું તેમનું તેમ જ.

આ વિવશ સ્થિતિ રવજી માસ્તરને ધીમેધીમે વ્યગ્ર બનાવતી ચાલી. પબ્લિક કૉલ-સર્વિસ માટે મળતા એલાવન્સનો રોમાંચ કરમાવા લાગ્યો હતો. એ અરસામાં જગન ભારાડીએ આવીને કહ્યું, રવજીભાઈ, તમને ખબર તો છે ને, નિયત સમય પછીના કોલ માટે તમને ઓવરટાઈમ મહેનતાણું મળે?

રવજી માસ્તર એની સામે જોઈ રહ્યા. ઘણા વખત પછી એમના જાડા લાલ હોઠ ખૂલી ગયા હતા. મોટી મોંફાડમાંથી જીભ દેખાઈ આવી હતી. આખા ચહેરા પર પથરાયેલી ખુશાલીને લઈને ચશ્મા પાછળની આંખો ઝીણી બની ગઈ હતી. એમને થતું હતું, આ માણસ કેટલી સાલસતાથી એક મહત્ત્વની વાત કરી રહ્યો છે! જોયું, ભારાડી!

આ ભાવમાંથી જાગીને પોતે ઓશિંગણ થયાનો ભાવ વ્યક્ત કરવા માટે જગન સામે જોયું તો જગન ભારાડી તો એટલી વારમાં ત્યાંથી જતો રહ્યો હતો!

રવજી માસ્તરને ચમકી ગયા જેવું થયું, જોયું? જે કે'વું'તું તે કહી રહ્યા પછી એક મિનિટ પણ ઊભો રહ્યો? મુદ્દાની જ વાત. ભારાડી કોને કહે? કે'વું'તું તે સીધું ને સ્પષ્ટ ચોખ્ખું ને ચટ કહીને જતો રહ્યો! ગ્રઝી લપ્પન છપ્પન જ નહિ. આપણે કાને વાત નાખી દીધી, બસ! પણ માળો, એ બધું જાણી જાવે? છે ભારાડી!

જગન ભારાડીની વાતના મર્મને અનુસરતા હોય એ રીતે રવજી માસ્તરે ઓવર ટાઈમની રકમ લેવા માંડી. જોકે, આમ છતાં, પરિસ્થિતિમાં કશો ફરક પડ્યો નહિ. ફરક પડ્યો હોય તો એટલો કે રવજી માસ્તરની વ્યગ્રતા નામશેષ થઈ ગઈ. એમાંય એમણે આ રકમના સંચયની જે વ્યવસ્થા કરી એણે એમની વ્યગ્રતાને પ્રસન્નતામાં પલટાવી મૂકી. એમણે એક ડબ્બો રાખ્યો. એના ઢાંકણામાં કાણું કર્યું. એ કાણામાંથી ઓવર ટાઈમના પૈસા એમણે ડબ્બામાં નાખવા માંડ્યા. રવજી માસ્તર ભારે એકાગ્રતાથી એ પૈસા ડબ્બામાં નાખતા અને એમાના સિક્કાનો રણકાર એમને રોમરોમ વ્યાપી વળતો અને આંખમાં ચમક બનીને અંજાઈ જતો_

ડબ્બો ભરાઈ જાય એટલે રવજી માસ્તર એ ડબ્બો ઉઘાડે. પૈસા ગણી જુએ. બેંકમાં જમા કરાવે_પછી એમણે એ ગણતરી કરવા માંડી કે ડબ્બાને આમ ભરાતાં કેટલા દિવસ થાય છે_ પછી એ દિવસોની સંખ્યાની વધઘટ ઉપર ધ્યાન આપવા માંડ્યું. બેંકમાં જમા થયેલી રકમની પાસબુકમાં એન્ટ્રી કરાવતી વખતે હંમેશાં એક બનાવ અચૂક બનતો. રવજી માસ્તરને એક ક્ષણ માટે જગન ભારાડીનું સ્મરણ થઈ આવતું અને એ પ્રતીતિ ઉત્તરોત્તર દૃઢ થતી જતી કે આ બધું એને - એના ભારાડીપણાને આભારી છે, એટલું જ નહિ ભારાડીપણાનું રહસ્ય પણ એમને સ્પષ્ટ થતું જતું હતું. એમને બરોબર સમજાઈ ગયુંહતુ કે આ એક એવું તત્ત્વ છે, જે આ સંસારમાં ઇષ્ટ-અનિષ્ટ, ઉભય સ્વરૂપે પ્રવર્તે છે, જેવું જેનું ક્રિયમાણ_

પણ આ આખીય લીલા એની ચરમોત્કૃષ્ટ સ્થિતિએ પહોંચતાં પહોંચતામાં જ એક દિવસ અચાનક સંકેલાઈ ગઈ. નોકરીમાંથી નિવૃત્ત થવાને આગલે દિવસે જ રવજી માસ્તરનું અવસાન થયું_ અને ખૂલી રહેલું પેલું રહસ્ય પોતાની અકળતાની ઝાંખી કરાવીને જાણે પુનઃ પોતાના અસલ સ્વરૂપને પામી રહ્યું. (ક્રમશઃ)

કલાવાર્તા



કલાકાર
એન. એસ. બેન્દ્રેનું નિધન

આધુનિક ભારતના એક અગ્રગામી કલાકાર અને ચિત્રકળામાં જીવંત રંગસિદ્ધિના સ્વામી પ્રો. નારાયણ શ્રીધર બેન્દ્રેનું ગઈ ૧૮ ફેબ્રુઆરીએ ૮૨ વર્ષની વયે કેન્સરના કારણે અવસાન થયું.

પૂણે નજીકથી ઈંદોરમાં સ્થાયી થએલા મહારાષ્ટ્રિય બ્રાહ્મણ કુટુંબમાં ઈ. ૧૯૧૦માં એમનો જન્મ થએલો. પિતા રાજ્યની નોકરીમાં હતા. ઈંદોરમાં શાળાભ્યાસ સાથે ચિત્રકામમાં પણ પ્રીતિ અને શક્તિ બતાવી મેટ્રિક થયા પછી ત્યાંની હોળકોર કોલેજમાં બી.એ.ના અભ્યાસમાં જોડાયા ત્યારે યે ત્યાંની કળાશાળામાં પણ શિક્ષણ લીધું. ૧૯૩૩માં બી.એ. થયા એ સાથે મુંબઈની કળાશાળાનો ડિપ્લોમા પણ મેળવ્યો, અને ત્યારથી જ ચિત્રપ્રદર્શનોમાં પણ ભાગ લેવા માંડ્યો ને લગભગ બધેથી પ્રશંસાપત્રો કે પારિતોષિકો મેળવતા રહ્યા હતા. ૧૯૩૬ થી '૩૯ દરમિયાન દેશભરમાં ઘૂમી એમણે ચિત્રો તથા વિવિધ શૈલીનો અભ્યાસ કર્યો. કાશ્મીર રાજ્યના પ્રકાશન ખાતામાં ત્રણ વર્ષ નોકરી કરી, જેમાં રાજ્યના મહેમાનોને બધે ફેરવવા ને બતાવવાની પણ એક ફરજ હતી. આમાંથી એમણે ત્યાંની રંગભર પ્રકૃતિનો તૃપ્તિપૂર્ણ આસ્વાદ લીધો અને હજારો સ્કેચો કર્યા હતા.

ઘૂમતા રહેવું એ જાણે એમનો સ્વભાવ જ હતો. ૧૯૪૬માં શાંતિનિકેતન જઈને નંદબાબુ પાસે રહી એમણે ફ્રેસ્કો, ટેમ્પેરા, વગેરે રંગમાધ્યમો અને એ તરફની ચિત્રશૈલીમાં સિદ્ધિ મેળવી. પોતાનો કલાવિકાસ સાધવા નવું નવું શીખવા માટે એ પૈસાની ખેંચ કે ઘરની મુશ્કેલીઓની બહુ ચિંતા રાખતા નહિ. ૧૯૪૬માં આર્ટ સોસાએટી ઑફ ઈંડિયાનું ઈનામ અને વિજયપદક મેળવ્યો અને એ સોસાએટીના પ્રમુખ પણ બનેલા.

એક વાર મદ્રાસ તરફ જવાનું થતાં ત્યાંના એક વૈશ્ય મુદલીઆર પરિવારનાં કલાચાહક મોનાદેવીનો પરિચય થયો. આગળ જતાં બંનેનાં વડીલોની સંમતિ સાથે ૧૯૪૬માં એમણે મોનાદેવી સાથે લગ્ન કર્યાં. અનેક તસવીરોમાં એમણે પત્નીને ચિત્રિત કર્યાં છે, આ જ રીતે એમને ત્યાં સંતાન થયા પછી એમનાં ચિત્રોમાં બાળકોનું પણ ઉમેરણ થએલું જોવા મળે છે.

વિદેશપ્રવાસે પણ તેઓ ગએલા છે અને એ વખતે સાથે રાખવા એમણે સંખ્યાબંધ ચિત્રો પણ કરેલાં. ઉમર ખય્યામની રૂબાઈઆતો પર પણ એમણે ૭૫ ચિત્રોની એક માળા તૈયાર કરેલી. રખડીરખડીને એમણે જે હજારો ચિત્રો સર્જ્યાં છે તેમાં રંગવૈવિધ્ય, માધ્યમ અને શૈલીના તેમણે કરેલા અનેક પ્રયોગો જોવા મળે છે.


કાર્યરત રહેવામાં જ એમને આનંદ અને સંતોષ મળતો. વિવેચના અને ચર્ચામાં એ બહુ પડતા નહિ. ચિત્રકળાનાં ઉચ્ચ તત્ત્વોવાળું ચિત્રસર્જન જ ચિરંજીવ બને એમ એ માનતા હતા. લોકજીવનની વિશેષતાઓ અને ઘટનાઓ, નદી કિનારા, કૂવા-ઘાટ, મંદિરો, બજારો, બજારો, દુકાનો, ફેરિયાઓ, પ્રાકૃતિક સૌંદર્ય વગેરે એમની પીંછીની સૃષ્ટિ રહી છે. આંખ પર નહિ, પણ મન પર પડેલી ચિત્રવિષયની છાપને આલેખવાના એ હિમાયતી હતા.





સૂરજમુખી
નીચે : પનિહારી, એક આલેખન
ડાબી બાજુ નીચે: સવત્સ હરિણી







'પારેવડાં' અને (જમણી બાજુ) 'કાંટો'

ચિત્રકાર છો. અં. જોષી

ગુજરાતી વાચકો પર 'ધૂમકેતુ'ની ટૂંકી વાર્તાઓનું એક આગવું કામણ રહ્યું છે. એમની પોસ્ટઑફિસ, ભૈયાદાદા, રજપૂતાણી આદિ વાર્તાઓના રસવૈભવથી ભાલપ્રદેશના એક ચિત્રકાર છો.અં.જોષી પણ ખૂબ પ્રભાવિત હતા. 'પોસ્ટઑફિસ' વાંચ્યા પછી તેમાંના અલી ડોસાના પાત્રને ચિત્રાંકિત કરવાની એક અદમ્ય ઇચ્છા એમના મનમાં જાગી. નજરે ચડતા દરેક વૃદ્ધમાં એમની આંખ સતત અલીને ખોળવા લાગી. સંખ્યાબંધ વૃદ્ધ મુસલમાનોના એમણે સ્કેચ ઉતાર્યા, પણ એમનો અલી જડતો ન હતો. અંતે ૧૯૭૦માં અલી જડી ગયો અને એમણે એને રેખાંકિત કર્યો. એ રેખાંકન પૂરું થયું ત્યારે એમણે કહેલું : 'આ સળિયાથી પોસ્ટઑફિસ ઊભી થઈ શકી છે. આ અલીની આંખમાં વેદના આવી છે. લાકડી પકડેલો એનો હાથ શિથિલ લાગે છે. આ મારી કલ્પનાનો અલી છે' (જુઓ આ અંકના પૂઠા પર.)

આ અલીને તૈલચિત્રમાં ઉતારવાની યે એમને મહેચ્છા હતી, પરંતુ અવસ્થા અને અન્ય વ્યવધાનને કારણે એ બની શક્યું નહિ. છતાં આ રેખાચિત્રથી યે એમને પરિતોષ પ્રાપ્ત થયો હતો.

આ ચિત્રકાર છો.અં. જોષી એટલે કે છોટાલાલ અંબાશંકર જોષીનો જન્મ સૌરાષ્ટ્રમાં ભાલપ્રદેશના એક ગામ ધોલેરામાં ઈ. ૧૮૯૯ની ૬ ડિસેમ્બરે. એમના દૂરના એક મામા નાટકના પર્દા ચીતરતા. ચિત્રકલા પ્રત્યેના એમના વલણમાં જો આનો કંઈ પ્રભાવ ગણાય તો તે આટલો જ, બાકી એમનો સમગ્ર કલાવિકાસ આપસૂઝ અને સ્વપ્રયત્નોથી જ થએલો. નાનપણમાં ભાવનગરમાં પ્રશ્નોરા બોર્ડિંગમાં રહી ભણતા ત્યારે રાજા રવિ વર્માનાં ચિત્રોની પૂરા ડ્રૉઈંગ પેપરના માપની નકલો કરતા. રંગો તો એમનાથી ખરીદી શકાય તેમ નહોતું એટલે એ જાતે જ બનાવી લેતા. એકવાર સર પ્રભાશંકર પટણીના પુત્ર શ્રી અનંતરાય પટણીએ એમનાં ચિત્રો જોયાં, ખુશ થયા અને એમને ચિત્રકામને લગતું સાહિત્ય ભેટ આપ્યું.આ જ રીતે શ્રી રવિશંકર રાવળે એમને લંડનની 'પ્રેસ આર્ટ સ્કૂલ'ના પત્રવ્યવહારથી ચાલતા અભ્યાસક્રમમાં જોડાવા સૂચવેલું તેનો ખર્ચ પણ શ્રી અનંતરાયે જ આપવાનું સ્વીકારેલું. પરંતુ માંદગીના બિછાને પડતા એ અભ્યાસક્રમ પૂરો થઈ શકેલો નહિ.

ચિત્રકાર્યમાં પણ એ જમાનાના પ્રયોગશીલ હતા. તેઓ માનતા કે ભારતની ભીંતો ઉપર માટીને પથ્થરના રંગો જ સુયોગ્ય છે. શાંતિનિકેતનથી શીખી આવેલા આવા રંગોનો ઉપયોગ એમણે પણ અનેક વાર અજમાવ્યો હતો. એમના મતે આવા રંગો ઋતુઓના માર સામે ટકી તો શકે જ છે ઉપરાંત આંખને પણ ઠંડક આપે છે. આરંભમાં એમની કલાસાધનાના પ્રશંસક અને સહાયક તથા દેશના એક ટોચના ઉદ્યોગપતિ નિબંકરના આવાસમાં વર્ષો પહેલાં એમણે કરેલા એક મોટા ભીંતચિત્રમાં એમણે ૨૦૦ જેટલાં વિવિધ વૃક્ષોને સ્પષ્ટ વિગતો સાથે આલેખ્યાં છે, જે એમનાં ધૈર્ય, સદ્‌ઉદ્યોગ અને અભ્યાસનાં દ્યોતક છે. એમનાં ચિત્રોના પ્રત્યેક નવા ફાલમાં નવાંનવાં રંગવિધાન, નવી શૈલી ને નવા અભિગમ જોવા મળે છે. આમ, જીવનભર એકનિષ્ઠ કલાસાધના કરી ઉત્તરોત્તર પ્રગતિ સિદ્ધ કરનાર અને હંમેશાં એક યા બીજા સ્થળે ઘૂમીઘૂમીને પોતાનો વિકાસ ને અભ્યાસ વધારતા રહેનાર એમના જેવા ઉદ્યમી કલાકાર બહુ ઓછા હશે. એમનું કલાજીવન આજના નવોદિત કલાભ્યાસીઓ માટે અનેક રીતે પ્રેરક બની રહે તેવું છે.

સંતબાલજીની પ્રેરણાથી વ્યસનમુક્તિ અને ગ્રામોત્થાનના વિષયને આલેખતી એક ચિત્રમાળા એમણે જહેમત લઈને તૈયાર કરેલી. પ્રથમ આદરોડા ગામમાં એ પ્રદર્શિત થયા પછી ગાડામાં લઈ જઈને એ ચિત્રો ગામડેગામડે બતાવવામાં આવેલાં. લોકજીવનને સાંકળતું ગામેગામ ફરતું આવું આ ગુજરાતમાં પ્રથમ પ્રદર્શન હતું.

શ્રી રવિશંકર રાવળ સાથે તો એમને ગાઢ પરિચય હતો. રવિભાઈ જપાન ગયા ત્યારે ત્યાં બતાવવા ગુજરાતી ચિત્રકારોનાં નમૂનારૂપ જે ચિત્રો સાથે લઈ ગએલાં તેમાં છોટુભાઈનું એક ચિત્ર પણ હતું. એમાં એમણે ભોગાવો નદીના કાદવમાં ખૂંપી ગએલા બળદગાડાને પૈડાથી ધકાવતા ગાડાખેડુ તથા ઝટ બહાર નીકળવા આતુર બળદોની તણાવભરી સ્થિતિનું જે સચોટ નિરૂપણ કરેલું તે જોઈ જપાનના કલાકારો ખૂબ ખુશ થઈ ગએલા. પછી તો છોટુભાઈનું જપાન જવાનું પણ ગોઠવાએલું અને તે માટે પાસપોર્ટ વગેરે જેવી પૂર્વતૈયારીઓ પણ થઈ ગએલી, પરંતુ બીજા વિશ્વયુદ્ધને કારણે એ વાત રોળાઈ ગઈ.

ભાલમાં જ જન્મ અને ઉછેરને કારણે એમને આ પ્રદેશ પ્રત્યે ખૂબ જ લગાવ હતો. ત્યાંના દુબળી કાઠીનાં તળપદાં લોકો અને તેમની લાક્ષણિકતાઓથી છોટુભાઈ પૂરા જાણકાર હતા. એમનાં ચિત્રોમાં પણ તેમની અસર ઊતરે. આથી રવિભાઈ એમને ભાલપ્રદેશ વિષયક ચિત્રો માટેના શ્રેષ્ઠ ચિત્રકાર ગણાવતા. ભાલમાં દુષ્કાળ વખતે ગામડે ગામડે ફરીને પાણી માટે વલવલતાં ગ્રામજનોના છોટુભાઈએ અસંખ્ય સ્કેચો કરેલા, જેમાંથી દુષ્કાળની એક પૂરી ચિત્રાવલિ એમણે તૈયારી કરી હતી. ભાલનાં વૃક્ષોનો પણ એમણે બહુ ઝીણવટપૂર્વક ચિત્રાભ્યાસ કર્યો હતો. દૃશ્યચિત્રોમાં પણ એમને ઊંડો રસ. એના આલેખનમાં એમણે અનેક માધ્યમો અજમાવેલાં. કેટલોક વખત એમને માથેરાનની એક હોટેલમાં મેનેજર તરીકે કામ કરવાનું થએલું ત્યારે નિસર્ગશ્રીને એમણે અનેક ચિત્રોમાં ઉતારી હતી. હોટલમાં માલિકને એ જચ્યું નહિ અને ચિત્રો ન કરવાની સૂચના આપતાં છોટુભાઈએ એ નોકરી જ છોડી દીધી હતી.

ધોલેરા તો એમનું વતન. એના પ્રત્યે એમને મમતા પણ એવી જ. ધોલેરાને અંદરબહાર અનેક દૃષ્ટિકોણથી એમણે ચિત્રાંકિત કર્યું છે. ધોલેરાના દેરાસરમાં એમણે ભીંતચિત્રો પણ કર્યાં છે. 'શયદા' એમના લંગોટિયા દોસ્ત હતા. એ તથા યશવંત પંડ્યા તથા 'મસ્તફકીર' આદિ મિત્રોના પ્રયાસથી 'મુંબઈ સમાચાર' પત્રનો એક દીપોત્સવી અંક આખો એમણે ચિત્રિત કરેલો અને એ પછી તો 'મુંબઈ સમાચારે' એમને પોતાને ત્યાં જ રોકી લીધેલા. આ બાજુ ધોલેરામાં એમની અનુપસ્થિતિને કારણે શાળા બંધ થઈ જવા જેવી સ્થિતિ ઊભી થતા છોટુભાઈએ એ નોકરી પણ છોડી દીધી અને વતનમાં આવતા રહ્યા, અને પછી તો એ જીવનપર્યંત અહીં જ રહ્યા.

એમના કાળના ગુજરાતનાં અનેક સામયિકોમાં એમનાં વાર્તાચિત્રો પ્રકટ થતાં રહેતાં. ચિત્રકામ ઉપરાંત એમણે બાળવાર્તાઓ પણ લખી હતી, જે 'સ્વર્ગની વાતો' નામે સચિત્ર રૂપે પ્રકટ થએલી. આ વાર્તાસંગ્રહ સારો આવકાર પામેલો. છોટુભાઈએ કાવ્યો પણ રચ્યાં છે અને 'સરળ ટામ' નામનું એક નાટક પણ લખ્યું છે, જે હજી અપ્રકટ છે.

એમનાં ચિત્રોમાં કલ્પના સાથે વાસ્તવનો સુભગ સમન્વય થએલો છે. કાલ્પનિક વાર્તામાં એમણે જે પાત્રો ચિત્રિત કર્યાં છે તેમાં તે તે પાત્રના વ્યક્તિત્વને આબેહૂબ ઉપસાવવાની તેમની



ચિત્રકાર છો. અં. જોષી

(નીચે) એમણે કરેલું માથેરાનના એક દૃશ્યનું તૈલચિત્ર : 'લુઈઝા પોઈન્ટ'

પીછીમાં તાકાત છે. એમનું રેખાંકન બળવાન અને પ્રાણવાન છે. આ અંકના પૂઠા પર આપેલા ધૂમકેતુની વાર્તા 'પોસ્ટ ઑફિસ'ના પાત્ર અલીડોસાના ચિત્રમાં આ વાતની પ્રતીતિ થશે.

ઈ.સ. ૧૯૭૮ની ૨૬ ફેબ્રુઆરીએ એમનું નિધન થયું. દૂર નાના ગામમાં વસી એકલે પંડે આજીવન કલાસાધના કરનાર છોટુભાઈનું બહોળું ચિત્રસર્જન હજી યે સચવાએલું પડ્યું છે. ક્યારેક કોઈક તે બધું પ્રકાશમાં આણે તો એ એમને યોગ્ય અંજલિ ગણાશે. □



સાહિત્યસંપર્ક

ગુલાબદાસ બ્રોકર, પદ્મશ્રી

૧૯૯૨ની ૨૬મી જાન્યુઆરીએ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રીના ખિતાબો જાહેર થયા તેમાં ગુજરાતના જાણીતા લેખક ગુલાબદાસ બ્રોકરનું નામ પણ સામેલ છે. 'નવા ગગનની નીચે' નામક પોતાની પ્રવાસલેખમાળાથી કુમારના વાચકોને તો તેઓ સુપરિચિત છે જ. તેમનો જન્મ ૧૯૦૯ના સપ્ટેમ્બરની ૨૦મીએ પોરબંદરમાં થયો હતો. મુંબઈની ન્યૂ ભરડા સ્કૂલમાંથી તેમણે ૧૯૨૬માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. ૧૯૩૦માં એલ્ફિન્સ્ટન કોલેજમાંથી અંગ્રેજી અને ગુજરાતી વિષયો લઈ બી.એ. થયા હતા. ૧૯૩૦ની સ્વાતંત્ર્ય ચળવળમાં એમણે સક્રિય ભાગ લીધો હતો અને જેલવાસ પણ ભોગવ્યો હતો. ત્યારબાદ ૧૯૩૩થી ૧૯૬૪ સુધી મુંબઈના શેરબજારમાં બ્રોકર તરીકે વ્યવસાય કર્યો. છેલ્લા દશકાથી વ્યવસાયમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી, પરન્તુ સાહિત્યમાં તો હજુ એટલા જ પ્રવૃત્ત છે. સાહિત્યની સંસ્થાઓ સાથે પણ તેઓ ગાઢ રીતે સંકળાયેલા રહ્યા છે. ૧૯૪૦થી પી. ઈ. એન.ના સભ્ય અને ૧૯૫૮થી '૬૦ દરમિયાન તેના માનદ્ મંત્રી અને કોષાધિકારી હતા. ૧૯૫૬માં દિલ્હીની કેન્દ્રીય સાહિત્ય અકાદમીમાં ગુજરાતીના સલાહકાર મંડળના અને ૧૯૮૩થી તેની કારોબારીના સભ્ય રહ્યા હતા. ૧૯૫૯માં પી.ઈ.એન.ના જર્મનીમાં ફ્રૅંકફુર્ટ ખાતે ભરાયેલા આંતરરાષ્ટ્રિય અધિવેશનમાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી.



૧૯૬૨માં અમેરિકાની સરકારના નિમંત્રણથી સ્ટડી મિશન્સ ઇન્ટરનેશનલમાં અમેરિકા ગએલા. ૧૯૭૪માં તે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટાએલા. સંસ્થાઓના સંચાલનમાં દીર્ઘદૃષ્ટિ અને વ્યવહારકુશળતા એમણે સુપેરે દાખવ્યાં છે.

સાહિત્યકાર તરીકે તેમનો પ્રશસ્ય ફાળો ટૂંકી વારતા અને એકાંકીના ક્ષેત્રે રહ્યો છે. 'લતા શું બોલે?' એ વાર્તાના એમના હપ્તાએ વિષય અને તેની કલાત્મક અભિવ્યક્તિથી ત્યારે અનેરું આકર્ષણ જમાવ્યું હતું. એમના વાર્તાસંગ્રહોમાં 'લતા અને બીજી વાતો' (૧૯૩૮), 'વસુંધરા અને બીજી વાતો' (૧૯૪૧), 'ઊભી વાટે' (૧૯૪૪), 'સૂર્યા' (૧૯૫૦), 'માણસનાં મન' (૧૯૬૨), 'ભીતરનાં જીવન' (૧૯૬૭), 'પ્રેમ પદારથ' (૧૯૭૪) આદિનો સમાવેશ થાય છે. એક તરફથી ભાવના-આદર્શવાદ તો બીજી તરફથી વાસ્તવિકતા એમની વાર્તામાં પરંપરા અને પ્રયોગની રીતે નિરૂપણ પામે છે. માનવમનની ગહનતાનું વિશ્લેષણ અને પટુ સંવાદો એમની વારતામાં ધ્યાન ખેંચતાં તત્ત્વો છે. એમની આ સંવાદકલા અને સંઘર્ષપારખુ દૃષ્ટિએ એમને નાટ્યક્ષેત્રે પણ કિંચિત્ સફળતા અપાવી છે. 'ધૂમ્રસેર' (૧૯૪૮) અને 'મનનાં ભૂત' નાટકો ઉપરાંત 'મા', 'મહાનિબંધ', 'જ્વલંત અગ્નિ' જેવાં સફળ એકાંકીઓ એમણે આપ્યાં છે. 'વસંતે' (૯૬૪) એમનો કાવ્યસંગ્રહ છે, જે ઘણા ઓછા જાણતા હશે. 'નવા ગગનની નીચે', (૧૯૭૦) એમનું રસમય શૈલીમાં આલેખાયેલું પ્રવાસવર્ણન છે. 'રૂપસૃષ્ટિમાં' (૧૯૬૨) તથા 'સાહિત્ય - તત્ત્વ અને તંત્ર' (૧૯૭૭) જેવા લેખસંગ્રહોમાં એમની વિવેચનાત્મક પ્રતિભાનો ઉન્મેષ જોવા મળે છે. એમણે વિદેશી વાર્તાઓના સુચારુ અનુવાદો પણ આપ્યા છે. નાટકો, નવલિકા, કાવ્યો, આદિનાં સંપાદનો પણ કર્યાં છે.

સાહિત્યિક સંજ્ઞાઓ

કોમેડિ

દિગીશ મહેતા

'ખરી કોમેડિ થઈ!' આમ સામાન્ય વપરાશમાં આ સંજ્ઞા કંઈ પણ હસાવાનું, હસવા જેવું, બને એ માટે હળવા અર્થમાં લેવાય છે. આથી બીજે છેડે, શાસ્ત્રીય અર્થમાં જો વાપરવી હોય તો તે માટે ગુજરાતી પર્યાય સરળતાથી જડતો નથી, અને એ વાત બહુ સૂચક છે. વાસ્તવમાં અંગ્રેજીમાંથી અપનાવી લેવી પડે તેવી આ સંજ્ઞા છે.

પશ્ચિમમાં કોમેડિનો ઉલ્લેખ એરિસ્ટોટલના પોએટિક્સ જેટલો જૂનો છે તે જાણીતું છે. એ રીતે તેને ટ્રૅજેડિની જેમ એક સાહિત્યિક અને ખાસ કરીને નાટકનું સ્વરૂપ તરીકે લેખાય. જો નાટકનું સ્વરૂપ હોય તો તેને અમુક બંધારણ હોય, તેનાં લક્ષણો હોય, તેનું વસ્તુ અમુક હોય, તેનાં પાત્રો અમુક રીતનાં હોય - આ બધી સમજ-પરંપરા, આવા બધા સંસ્કારો, આ સંજ્ઞા સાથે વણાયેલા રહેવાના. ગુજરાતીમાં ઘણીબધી વિવેચનાત્મક ચર્ચામાં કોમેડિ સંજ્ઞા આવા સીમિત સંદર્ભમાં ઉપયોગમાં લેવાતી રહે છે એમ કહીએ તો ખોટું નથી.

જ્યારે બધાં પાશ્ચાત્ય સાહિત્યોની વાત તો બાજુએ રહી, પણ માત્ર ઇંગ્લિશ સાહિત્યના સંદર્ભમાં જ શું શેક્સ્પીઅર કે જેન ઑસ્ટિન જેવા નવલકથાકાર, કે કોઈ ઈ. એમ. ફોર્સ્ટર જેવા સમકાલીનની કૃતિ વિશેની વિશિષ્ટ ચર્ચા જ્યારે છેડાય ત્યારે કોમેડિ સંજ્ઞા એટલા બધા ધ્વનિથી રણકી ઊઠે તે રીતે વપરાય છે કે તે આખોય અર્થવિશેષ કદાચ ગુજરાતીમાં ઊતરી શકે કે નહિ કે ઉતારી શકાય જ નહિ એવું લાગે. વિવેચનાત્મક સંજ્ઞાઓ કેટલે બધે અંશે કલ્ચર એટલે સમગ્ર સાંસ્કૃતિક પરિવેશમાં ડૂબેલી હોય છે. એનો જાણે અહીં ઇશારો મળી રહે છે.

જો કોમેડિ સંજ્ઞાનો એ ઇંગ્લિશ અર્થ સીધો સાંધવાનો પ્રયત્ન કરીએ તો કોમેડિ એ વધુ તો એક દૃષ્ટિકોણ કે દર્શન કરતાં પણ અનુભવને ઝીલવાની એક રીત છે. એ એક પ્રતિભાવ આપવાનો ઢાંચો છે, જેને એક 'મોડ' (mode) કહે છે. આ અર્થમાં એ એક સાહિત્યિક સ્વરૂપ કરતાં ઘણાબધા બૃહદ્ અર્થની સૂચક એવી સંજ્ઞા છે.

એમાં નાટ્યપ્રકાર સંબંધે વપરાય ત્યારે જે સુખાન્તનો ઉલ્લેખ થાય એ અર્થ તો સમાવાય જ છે, પણ તેથી ય વધુ અમુક રીતના બૌદ્ધિક અંશોથી નિયંત્રિત વિશ્વવિશેષનો ધ્વનિ છે. આ વિશ્વવિશેષ કલાના ક્ષેત્રમાં જ પ્રાપ્ય છે એ પણ એક અહીં ગૃહીત છે. કોમેડિનું, કૉમિકનું નિષ્પન્ન થવું - એ સામાન્ય જીવનમાં, સામાન્યજનમાં સહજ નથી. કંઈક એવું ઉમરાવશાહી, ભદ્રલોકપરસ્ત સમીકરણ પણ અહીં રમતું રહે છે.

તો કોઈ ઉત્કૃષ્ટ કૃતિ હોય, કે કોઈ બિલકુલ સર્વોચ્ચ કલાકાર હોય, તેના આ કે તે વિશેષમાં - પછી તે કોઈ કૃતિમાંની પ્રસંગપરંપરા હોય, કે કોઈ પાત્રસંકુલ હોય - તેમાં રહેલી કોમેડિ, આ કે તે વિવેચકના ધ્યાનનું, અન્વેષણનું કેન્દ્ર બની રહે છે.

સાવ જાણીતો દાખલો લઈએ તો 'અના કેરેનીના'માંનો લેવીન-કીટીનો સિક્વન્સ, તે સમગ્ર શ્રેણી, ઇંગ્લિશ અર્થમાં કૉમિક છે. એ કૉમેડિનો નમૂનો છે. પણ ટૉલસ્ટૉયની કૃતિથી પરિચિત વાચકને સહજ સ્મરણ થશે કે એથી લેવીન-કીટી હાસ્યપ્રધાન પાત્રો છે કે એ સંકુલ કૃતિનું આ ઘટક સરલ, સપાટ, હળવું પોત ધરાવતું છે એવો ભાગ્યે જ ફલિતાર્થ નીકળે.

આમ આગ્રહપૂર્વક અહીં મૂકવાનું તાત્પર્ય ભાગ્યે એ નથી કે અંગ્રેજીમાં કૉમેડિનું જે વિશિષ્ટ દર્શન છે એ સૂક્ષ્મ અને ઊંડું છે, અને આપણે ત્યાં ગુજરાતીમાં કૉમેડિની સૂઝ છીછરી, હાસ્યપ્રધાન લખાવટને જ લગતી, પ્રમાણમાં જાડી, વિશ્લેષણ-વિહીન રીતની છે. આવાં દ્વંદ્વોમાં વિચારવું એ જ ખોટું છું. અને એમાંય એ દ્વંદ્વો પાશ્ચાત્ય સંજ્ઞાઓની અર્થસભરતા વિરુદ્ધ આપણે ત્યાં એવા વિભાવનાવિશેષના અભાવને છતા પાડી દેવા ઊભા કરાય ત્યારે તે છેક જ ખોટું છે.

પણ એ પ્રશ્ન જરૂર થાય કે કૉમેડિ સંજ્ઞાનો વિશિષ્ટ પ્રયોગ, તે સાથે જતી કૉમિક વિશેની સમગ્ર વિભાવના, એ ભારતીય પરંપરામાં જો એટલી બધી કેન્દ્રમાં નથી તો તેનો ફલિતાર્થ શું છે ?

મજાની વાત એ છે કે પાશ્ચાત્ય વિવેચનમાં જો કૉમેડિ એ અર્થગર્ભ સંજ્ઞા છે તો તે સતત ટ્રૅજેડિના પ્રતિઘોષ રૂપે. અને વાસ્તવમાં ભારતીય પરંપરામાં આ કૉમેડિ વિરુદ્ધ ટ્રૅજેડિના સમગ્ર દ્વંદ્વાત્મક વિભાવનાક્ષેત્રનો જ અભાવ છે. સાવ સીધી, અને કંઈક તકરારી રીતે મૂકીએ તો આપણે ભારતીયો એમ, એ દ્વંદ્વાત્મક પરિપ્રેક્ષ્યમાં બંધાઈ રહી વિચારતા જ નથી.

આવી દ્વંદ્વાત્મક વિચારપદ્ધતિ ક્રિશ્ચિઆ-નિટીના ઉદય પહેલા ગ્રીક દર્શનમાં છે, જેમ ઍરિસ્ટોટલમાં પણ પ્લેટોનો ઉલ્લેખ કરીએ તો તેમાં કૉમિક ટ્રૅજિક એવા માળખાનો એટલો બધો પ્રભાવ નથી. આવી દ્વંદ્વાત્મક રીતની વિચારણા એ કદાચ ઍરિસ્ટોટલની જ દેણ હોય, જે પછીથી ક્રિશ્ચિઅન દર્શનને, ધર્મશાસ્ત્રને, તેમાં પડેલા શ્રદ્ધા સંસ્કારોને અનુકૂળ આવી હોય, અને એ રીતે પાશ્ચાત્ય વિવેચનમાં પ્રસરી હોય.

આ પાર્શ્વભૂમાં નૉર્થરોપ ફ્રાયનાં લખાણોને ફરીથી વાંચવા માંડવાં જરૂરી રહે કેમ કે ફ્રાય એ આ ટ્રૅજેડ્/કૉમેડિ જેવા સ્વરૂપઘટકો, (genres)ને અંદરથી જાણે ઊખેળી નાખી, નવી રીતે તેમનો વિનિયોગ કરે છે. એ જેને ઉપર દ્વંદ્વાત્મક અર્થક્ષેત્ર કહ્યાં તેમાંથી આ અને એવી સમગ્ર સંજ્ઞાશ્રેણીને મુક્ત કરી સાહિત્યપદાર્થ વિશે નવીનવી સૂઝોને વિકસાવે છે. આ એક વિશાળ આંદોલન છે, જે પણ છેવટે તો પાશ્ચાત્ય પરિપાટીનું જ રહે છે. જવાબોનો જવાબ મળવો તો ત્યારે જ બને જ્યારે કૉમેડિ/ટ્રૅજેડિ સમગ્ર સંજ્ઞાવિસ્તારને કોઈ રસધ્વનિના સિદ્ધાંત સાથે સફળતાથી સાંકળવા પ્રયાસ કરે.

શબ્દકથા

પટેલ

ભારતમાં અંગ્રેજોના આગમન પર્યન્ત ગ્રામ-પંચાયતો અને ગ્રામ-સંઘોનું અસ્તિત્વ હતું. જેનો પ્રધાન અથવા પ્રમુખ 'પટેલ' કહેવાતો, જે કાયેદસરની પંચાયત પ્રથા ગુજરાતમાં અમલમાં આવી ત્યાં સુધી ચાલુ રહેલ. સામાન્ય રીતે 'પટેલ'ની પદવી વંશ-પરંપરાગત રહેતી. સોલંકીઓના શાસનકાળ દરમ્યાન પણ દેશ ગ્રામોમાં વિભાજિત હતો. ગ્રામીણ કૌટુમ્બિક કહેવાતા અને ગ્રામનો મુખી પટ્ટકિલ (પટેલ) કહેવાતો. આ પટ્ટકિલ માલગુજરી એકત્ર કરનાર રાજ્યાધિકારી હતો. કોંકણના શીલહારોના શિલાલેખોમાં પટ્ટલિકા - જે પછીથી પટેલ થયા - નો ઉલ્લેખ થયેલ છે. જો કે તે ગામનો મુખી હતો અને તેનું મુખ્ય કાર્ય માલગુજરી એકત્ર કરવાનું હતું. તો પણ વિભિન્ન કાર્યોના સમ્પાદનમાં તેને ગ્રામસભા દ્વારા સહાય અવશ્ય મળતી હશે. આ પદ ધરાવનાર ઘણી સત્તા ભોગવતો. અલબત્ત, પ્રારંભમાં એનું જે પદ-સ્થાન હતું તે અંતે રહ્યું ન હતું !

હસમુખ વ્યાસ

જાણીએ જોડણી

રામજીભાઈ પટેલ

તત્સમ-તદ્ભવ જોડણીના સામાન્ય નિયમો

(ચાલુ)

નિયમ ૭ : પ્રત્યય ધારણ કરતા શબ્દો વ્યંજનાન્ત જણાતા હોય તોપણ. તે એકલા વપરાય ત્યારે તેમને અકારન્ત ગણીને લખવા.

દાખલા : અરબી શબ્દો : અકીક, આફત, ખતીબ, તૌફીક, ઇકબાલ, મુમકિન;

ફારસી શબ્દો : દિલ, અંગૂર, ચાબુક, દિમાગ, કોહિનૂર, શબનમ;

અંગ્રેજી શબ્દો : બુક, આલ્બમ, કૉંગ્રેસ, ટિકિટ, ડૉક્ટર, સ્ટેશન;

સંસ્કૃત શબ્દો : જગત, વિદ્યુત વિદ્વાન, શ્રીમાન, સસંદ, ધનવાન, પરિષદ, ભગવાન, અધિવેશન;

તદ્ભવ શબ્દો : ઠેર, ચીવટ, પિયત, અજાયબ, ફરિયાદ, મિજલસ, મુસાફર, ઇસબ(-પ)ગૂલ વગેરે.

નોંધ : (ક) સંસ્કૃત આશિષ્ ગુજરાતીમાં નિયમાનુસાર આશિષ થાય છે, પરંતુ આયુષ્ માટે આયુષ ઉપરાંત વિકલ્પે ષ્ લોપીને આયુ જ્યારે વપુષ્માં ષ્ લોપીને ફક્ત વપુ સ્વીકાર્ય છે.

(ખ) જ્યોતિર્, રશ્મિન્, શિલ્પિન્, મધુરમ્, સુંદરમ્, શિવમ્સુંદરમ્, રામચંદ્રન્, વેંકટરામન્ વગેરે વ્યંજનાન્ત વ્યક્તિનામો આ નિયમાનુસાર ગુજરાતીમાં અપવાદસમ લેખાય.

નિયમ ૮ : તીવ્ર અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિક લખી શકાય છે.

દાખલા : ઝંખના - ઝઙ્ખના, કલિંગડ - કલિઙ્ગડ સિંચન - સિઞ્ચન, પતંજલિ - પતઞ્જલિ;

ગુંડો - ગુણ્ડો, પ્રચંડ - પ્રચણ્ડ;

અંત - અન્ત, અરવિંદ - અરવિન્દ;

અંબર - અમ્બર, ઝુંબેશ - ઝુમ્બેશ;

સંબંધ - સમ્બન્ધ, ચંદ્રકાંત - ચન્દ્રકાન્ત વગેરે

નોંધ : (ક) સંસ્કૃત શબ્દોમાં તીવ્ર અનુસ્વારના વિકલ્પે તે પછીના અક્ષરના વર્ગનો જ અનુનાસિક મૂકી શકાય છે. (અપવાદ વાઙ્મય, દિઙ્મૂઢ) હિંદીમાં પણ એમ જ છે, પરંતુ ગુજરાતીમાં તેવો આગ્રહ નથી રહ્યો એટલે ન્ અને મ્ અનુનાસિકો જ વિશેષ પ્રયોજાય છે.

(ખ) ફારસી : બંદો - બન્દો, તંબુ(-બૂ)-તમ્બુ(-બૂ), ખાવં(-વિં)દ-ખાવન્(-વિન્)દ જેવામાં પણ ન્, મ્ છે તે વર્ગાનુસારી છે, જ્યારે અંગ્રેજી શબ્દોમાં વર્ગાનુસારીપણું બાજુ પર મૂકી ફક્ત ન્, મ્, વાપરવામાં આવે છે. જેમ કે, બૅંક-બૅન્ક, ઇંગ્લંડ-ઇન્ગ્લન્ડ, સિંડિકેટ-સિન્ડિકેટ, કૉંગ્રેસ-કોન્ગ્રેસ, કંપાઉન્ડ-કમ્પાઉન્ડ. આથી શક્ય હોય ત્યાં સુધી અનુનાસિકને ટાળી અનુસ્વારનો ઉપયોગ કરવો સારો. મિંટુનું મિણ્ટુ થાય પણ મિન્ટુ પ્રચલિત છે. ફ્રેન્ડ, પાન્ડિચેરી ખરી રીતે ફ્રેણ્ડ, પાણ્ડિચેરી કરાય. આના કરતાં અનુનાસિક ટાળી મિંટુ , ફ્રેંડ, પાંડિચેરી એવાં સાનુસ્વાર રૂપ વધારે સારાં ગણાય. (ક્રમશઃ)



ફાગણનો વાયરો વાયો,
હો, ધૂળે અવકાશ બધો ન્હાયો !

સૂંકા સૂકાં રે તરુવૃન્દોમાં ક્યાંક ક્યાંક
તગતગતી ટીશીઓ ફૂટી;
શીતળ શિશિરની શય્યામહીંથી ધીમે
ફરકી મરકી વસન્ત ઊઠી !
ઊજળો રવિ આભમાં સુહાયો !

પ્રજારામ રાવળ

સર્વશ્રેષ્ઠ ફિલ્મસર્જક સત્યજિત રાયને 'સ્પેશીઅલ ઑસ્કાર'

ભારતમાં આજે હયાત વ્યક્તિઓમાંથી કોઈપણ એક નામ દુનિયાભરમાં એકસરખા આદર સાથે લેવાતું હોય તો એ, જેનામાં કવિ, ચિત્રકાર, સર્જક, સંગીતકાર, ને લેખક, આ બધાનો સમાવેશ થાય છે એ પ્રતિભાવંત ચલચિત્રસર્જક સત્યજિત રાયનું નામ છે.

મુખ્યત્વે બંગાળી સાહિત્યમાંથી ઘટનાઓ લઈને ભારતની સાચી તસવીર ઉઠાવતાં ચલચિત્રો નિર્માણ કરવા બદલ કેઇન્સ, બર્લિન, વેનિસ, કાર્લોવીવેરી, આદિ સ્થળે આંતરરાષ્ટ્રિય ફિલ્મ મહોત્સવોમાં અનેક ઉચ્ચ પારિતોષકો પ્રાપ્ત કરનાર, ભારતીય સિનેમાના કવિ અન્ય કોઈ ફિલ્મ ડિરેક્ટર કરતાં વધુ એવોર્ડ્સ મેળવનાર છે. છેલ્લે તાજેતરમાં જ અમેરિકાની એકેડેમી ઑફ મોશન પિક્ચર્સે અત્યાર સુધીમાં ફિલ્મક્ષેત્રે એમણે બનાવેલી પ્રતિભા માટે 'સ્પેશીઅલ ઑસ્કાર' આપવાની જાહેરાત કરી છે. ફિલ્મજગતમાં સર્વોચ્ચ કીર્તિશિખર પર કળશ સમું આ બહુમાન પામનાર એ પ્રથમ ભારતીય ફિલ્મસર્જક છે. આવું વિશિષ્ટ માન પામનાર તેઓ છઠ્ઠા છે. એમના પહેલાં છેલ્લે આ માન ૧૯૮૯માં જપાનના ફિલ્મ ડિરેક્ટર આકિરા કુરોસાવાને મળ્યું હતું. તે પહેલાં ૧૯૮૪માં જેમ્સ સ્ટૂઅર્ટને, ૧૯૭૨માં ચાર્લી ચેપ્લીનને, ૧૯૬૯માં કેરી ગ્રાંટને અને ૧૯૫૫માં ગ્રેટા ગાર્બોને મળેલું. આ છેલ્લી ચારેય વ્યક્તિ ફિલ્મ-અભિનયના ક્ષેત્રે સુખ્યાત છે. જ્યારે અન્ય કોઈ ફિલ્મ ડિરેક્ટર કરતા વધુ - રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય ૩૦ જેટલાં એવોર્ડ, ઇનામ, ડિપ્લોમા વગેરે મેળવનાર સત્યજિત રાયે તો પોતાની પ્રતિભા ફિલ્મ ઉપરાંત સાહિત્ય, સંગીત, કલા વગેરે ક્ષેત્રોમાં પણ સિદ્ધ કરી બતાવી છે. ઇ. ૧૯૮૯માં ફ્રાંસમાં સર્વોચ્ચ ગણાતું નાગરિક સમ્માન 'લિજીઅન દ ઑનર' પણ પ્રાપ્ત કરેલું. ૧૯૬૭માં રેમોન મેગ્સેસે એવોર્ડ પણ અપાયેલો, જે મેળવનાર તેઓ એકમાત્ર ફિલ્મનિર્માતા છે. ઑક્સફર્ડ યુનિવર્સિટીએ પણ એમને માનાર્હ ડૉક્ટરેટનું બહુમાન આપ્યું છે.



પોતાના પ્રથમ ફિલ્મસર્જન 'પથેર પાંચાલી'થી જ ફિલ્મજગતમાં એમણે આંતરરાષ્ટ્રિય કીર્તિ પ્રાપ્ત કરી હતી. કેઇન્સ, સાન ફ્રાંસિસ્કો અને વાનકુંવરમાં આ ફિલ્મને શ્રેષ્ઠતાનાં માન મળ્યાં હતાં. તે પછી વેનિસમાં 'અપારાજિત'ને, બર્લિન અને વેનિસમાં 'અશનિ સંકેત'ને, કાર્લોવીવેરીમાં 'જન અરણ્ય'ને, બર્લિનમાં 'મહાનગર' તથા 'ચારુલતા'ને, તેહરાનમાં 'સોનાર કેલ્લા'ને અને ૧૯૬૮માં 'ચિડિયાખાના'ને ઉત્તમોત્તમતાનાં માન-સમ્માન મળેલાં. ૧૯૫૫માં 'પથેર પાંચાલી'ને તથા '૫૯માં 'અપુર સંસાર'ને રાષ્ટ્રપ્રમુખના સુવર્ણચંદ્રકો પણ મળેલા. આમ તો એમણે ઉતારેલાં લગભગ બધાં ચલચિત્રો વિખ્યાત થએલાં છે. ઇ. ૧૯૫૮માં 'પદ્મશ્રી' તથા ૧૯૬૫માં 'પદ્મભૂષણ'ના રાષ્ટ્રિય સમ્માનથી પણ તેઓ વિભૂષિત થએલા છે. એમણે ઉતારેલાં બધાં જ ચલચિત્રો વિદેશોમાં રજૂ થયા નથી, પણ એ પ્રત્યેકમાં એમની આગવી પ્રતિભા પ્રકટ થાય છે જ. પથેર પાંચલીના અનુસંધાને અપરાજિત તથા અપુર સંસાર અને ઉપર આપણે નોંધ્યાં તે પુરસ્કૃત

દાદુરની દુનિયા

લેપર્ડ દેડકો



લેપર્ડ (Leopard) એટલે તો ચિત્તો. તો પછી 'ચિત્તા' દેડકો એટલે કેવો દેડકો ? હા, આ પ્રકારના દેડકાની પીઠ પર ચિત્તાની ચામડી પર હોય છે તેવાં ગોળ કે લંબગોળ ચાઠાં હોય છે. આથી તેનો બાહ્ય દેખાવ ચિત્તા જેવો લાગે છે. આ કારણે તેને 'ચિત્તા દેડકો' કહેવામાં આવે છે. આ પ્રકારનો દેડકો ઉત્તર અમેરિકાના મધ્ય કે પશ્ચિમ વિભાગમાં જોવા મળે છે. તેના શરીરની બે બાજુઓ લીલા રંગની હોય છે. તેના પગનો રંગ પણ લીલાશ પડતો હોય છે. વળી, તેની પીઠની બે બાજુએ આછા લીલા રંગની રેખાઓ આવેલી હોય છે. આ રેખાઓ તેના કાનથી શરૂ કરી પૃષ્ઠભાગ સુધી લંબાએલી હોય છે.

દેખાવમાં આ દેડકો નાજુક લાગે છે, અને તેની લંબાઈ ૫ થી ૧૦ સે.મી. હોય છે. તેની ત્વચા સુંવાળી હોય છે. તેનું રહેઠાણ ખાસ કરીને ભેજવાળી ઘાસિયા જમીનમાં હોય છે. આથી તેને meadow એટલે કે ઘાસિયા મેદાની દેડકો પણ કહે છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

ચલચિત્રો ઉપરાંત જલસાઘર, પારસ પત્તર, દેવી, તીન કન્યા, કાંચનજંઘા, અભિજાન, નાયક, કાપુરુષ-મહાપુરુષ, શતરંજ કે ખિલાડી ઇત્યાદિ એમનાં બીજાં ચલચિત્રો પણ એવાં જ કલાત્મક છે.

ઇ.૧૯૨૨ની ૨જી મેએ એમનો જન્મ. સોળમી સદીના આરંભમાં પઠાણો અને મુઘલો બંગાળને ધમરોળી રહ્યા હતા એ કાળે પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના ચકદાહ ગામના રામસુંદર દેવ પૂર્વ બંગાળના શેરપુરની જાગીરમાં વસ્યા ત્યારથી આ

રાય પરિવારનો ઇતિહાસ ખ્યાત રહ્યો છે. કોઈ ને કોઈ ક્ષેત્રમાં વિશિષ્ઠ પ્રતિભાનો વિકાસ છેક ત્યારથી આ પરિવારની વંશપરંપરામાં ઊતરતો આવ્યો છે. સત્યજિતના પિતામહ ઉપેન્દ્રકિશોર રાય પણ ઉત્તમ કોટિના લેખક, ચિત્રકાર અને પશ્ચિમી સંગીતના જાણકાર હોવા સાથે વાયોલિનવાદક પણ હતા. દેશમાં મુદ્રણક્ષેત્રમાં હાફટોન બ્લૉક પ્રિન્ટિંગના કલાત્મક કસબનો પાયો એમણે જ નાખેલો. એમના પુત્ર અને સત્યજિતના પિતા સુકુમાર રાય પણ બચપણથી કવિતા કરતા, વાર્તા અને લેખો લખતા, મુદ્રણકલાનો કસબ શીખવા એ ઇંગ્લેન્ડ પણ ગએલા. કલાના ક્ષેત્રમાં પણ એમને ઊંડી સૂઝ હતી. માતા સુપ્રભા પણ એ જ પ્રતિભાવાન અને સંગીતજ્ઞ હતાં. બચપણમાં જ પિતાની છત્રછાયા સત્યજિતે ગુમાવી હતી. પણ પેઢીઉતાર પ્રતિભા તો સત્યજિતમાં પણ ઊતરી જ હતી. અનેક મુસીબતો વચ્ચે ઉછરી કલકત્તા યુનિવર્સિટિના ગ્રેજ્યુએટ થઈ, શાંતિનિકેતનમાં ત્રણ વર્ષનો ચિત્રકલાનો અભ્યાસ કરી એમણે ૧૯૪૩માં જે. હીમર નામની જાહેરખબરનું કામ કરતી એક બ્રિટિશ પેઢીમાં ૮૫ રૂપિયાના માસિક પગારે કારકિર્દીનો આરંભ કરેલો. અને અંગ્રેજોની વિરુદ્ધ જવાના એ કાળમાં યે બંગાળીઓમાં સ્વાભાવિક એવી લાગણીશીલતાથી મુક્ત રહી પોતાના દેશાભિમાનમાં ઊણપ આવવા દીધા વિના પોતાનું સ્વત્વ જાળવી રાખીને પોતાની શક્તિ મુજબ સારામાં સારું કામ આપવાની લાક્ષણિકતાથી ઉત્તરોત્તર બઢતી પામતા રહેલા. પુસ્તકોનાં એમણે કરેલાં કેટલાંક કવર ડિઝાઈનો બંગાળમાં સર્વોત્તમ પ્રકારનાં ગણાયાં છે. ચિત્રાલેખનોમાં પણ એમણે વાસ્તવિકતાથી માંડી આધુનિક અમૂર્ત શૈલી સુધીના અનેકવિધ રીતિમાં સિદ્ધિ બનાવી છે. એ કંપનીએ પોતાને ખર્ચે છ માસ માટે એમને લંડનની ઑફિસે કામ કરવા પણ બોલાવેલા અને આ વિદેશવાસ દરમિયાન તો એમણે સંખ્યાબંધ ફિલ્મો જોઈ, સંગીતના અનેક જલસા સાંભળ્યા, જે એમની તે પછીની કારકિર્દી માટેનું ઉત્તમ ભાથું બની રહેલું. ફિલ્મસર્જન હવે જાણે એમનો છંદ બની ગએલો. વર્ષોથી આ એક ધૂન એમના અંતરમાં પાંગરી હતી. કેટલીક સ્ક્રિપ્ટ એમણે અગાઉ લખેલી. પરદેશથી પાછા ફરવા દરમિયાન જ એમણે 'પથેર પાંચાલી' માટે સ્ક્રિપ્ટ તૈયાર કરવા માંડેલી. અને પછી આ ચલચિત્ર તૈયાર કરવામાં એમણે કેવીકેવી મુશ્કેલીઓ અનુભવી એ તો લાંબી કથા છે, પણ એ બધી પાર કરી એમણે જે સિદ્ધિ દાખવી છે તે એમનાં ફિલ્મસર્જનોમાં જોવા મળે છે. પોતાની અનેક ફિલ્મોમાં સંગીત પણ એમણે જ આપ્યું છે. ભારતીય તેમજ પશ્ચિમી સંગીતના તેઓ અચ્છા જ્ઞાતા છે. ફિલ્મોમાં એ પ્રત્યેક પાત્રને માનવી તરીકે જ રજૂ કરે છે. એમનાં ચિત્રોમાં ખલનાયક જેવાં પાત્રો જોવા નહિ મળે. પોતાનાં બધાં ચલચિત્રો એ પોતાની રીતે જ વિષય-રજૂઆત, ફોટોગ્રાફી અને માવજતમાં વિવિધ પ્રયોગો સાથે સરજે છે. પૈસા કમાવા ખાતર જ એ ફિલ્મો નથી બનાવતા. ચિત્રનિર્માણ એ એમને માટે એક પ્રકારના આનંદની અનુભૂતિ છે અને એની તૃપ્તિ એ એમનું લક્ષ છે. એમનાં ચિત્રોમાં ખલપાત્રો નથી હોતાં તેમ તેમાં મામૂલી ઝઘડા ને મારામારીનાં દૃશ્યો પણ નથી હોતાં. સ્ત્રીપાત્રોની એમની રજૂઆત આગવી હોય છે. વળી, એ સ્ત્રીપાત્રો વધુ પડતાં સ્ત્રૈણ કે ઉદ્ધત પણ નથી હોતાં. સ્ત્રીપાત્રોને એ પુરુષ સમોવડું કે તેથી ઊતરતું પણ નથી બનાવતા.

રવીન્દ્રનાથ ટાગોર પરનું એમનું એક જરા લાંબું દસ્તાવેજી ચિત્ર આ પ્રકારની એક ઉત્તમ અને સુંદર કૃતિ છે. હોલીવુડમાં ફિલ્મ બનાવવાનાં આમંત્રણો પણ એમને મળેલાં, પણ તેઓને ભારતમાં જ રહી કામ કરવું ગમે છે.

તબિયતને કારણે હવે એ ફિલ્મોના બહારી દૃશ્યો લેવા બહાર બહુ જઈ શકતા નથી. એમની બે ફિલ્મ 'શાખા-પ્રશાખા' અને 'આગંતુક'માં 'ઇન્ડોર' દૃશ્યો જ એમણે મૂક્યાં છે. તબિયતને કારણે ચિત્રકામ - સ્કેચિઝ હવે તેઓ લગભગ કરતા નથી તો બીજી બાજુ લેખન પ્રતિ વળ્યા છે, અને એમાં યે તેઓ પહેલેથી સિદ્ધહસ્ત તો છે જ. એમની વિજ્ઞાનવાર્તાઓ તથા રહસ્યકથાઓથી 'કુમાર'ના વાચકો પણ સુપરિચિત છે. એમની વિજ્ઞાન-વાર્તાઓને પણ રાષ્ટ્રિય પુરસ્કાર મળ્યો છે. કેટલીક પરથી એમણે ફિલ્મ પણ બનાવી છે. અને એમની વાર્તાઓ પરથી એમના પુત્ર સંદીપે ટેલિવિઝન માટે પણ નાની ફિલ્મો બનાવી છે.

ઇ. ૧૯૫૫માં સત્યજિત રાયે પોતાની પ્રથમ ફિલ્મ 'પથેર પાંચોલી' બનાવી. ત્યાર પછી ૧૯૯૧ સુધી લગભગ દર વર્ષે તેઓ એકાદી ફિલ્મ આપતા રહ્યા છે. જેમાંની ચારેક દસ્તાવેજી છે. આ સાથે ક્રમવાર તેનાં નામ આપ્યાં છે, જે એમની ફિલ્મના રસિયાઓને પોતે જોએલી એમનની ફિલ્મોની યાદી સાથે મેળવવા કામ લાગશે. એમની દસ્તાવેજી ફિલ્મોનાં નામ કૌંસમાં દર્શાવ્યાં છે.

પથેર પાંચાલી પછી અપરાજિતો, પારસ પત્થર, જલસાઘર, અપુર સંસાર, દેવી, તીન કન્યા, (રવીન્દ્રનાથ ટાગોર), કાંચનજંઘા, અભિજાન, મહાનગર, ચારુલતા, ટુ, કાપુરુષ-ઓ મહાપુરુષ, નાયક, ચિડિયાખાના, ગુપી ગાયને બાઘા બાયને, ધી એલીસન, અરણ્યેર દિન રાત્રિ, પ્રતિદ્વંદ્વી, (સિક્કિમ), (ધી ઇનર આય), અશનિ સંકેત, સોનાર કેલ્લા, જનઅરણ્ય, (બાલા), શતરંજ કે ખિલાડી, જય બાબા ફેલુનાથ, હિરક રાજાર દેશે, પિકૂ, સદ્‌ગતિ, ઘરેબાહિરે, (સુકુમાર રાય), ગણશત્રુ, શાખા-પ્રશાખા અને આગંતુક.

'ધી ઇનર આય' એ કલાકાર વિનોદ વિહારી મુખરજી પરની, 'બાલા' એ પ્રસિદ્ધ નૃત્યાંગના બાલા સરસ્વતી પરની અને 'સુકુમાર રાય' એ એમના પિતા પરની દસ્તાવેજી ફિલ્મો છે.

એકેડેમી ઑફ મોશન પિક્ચર્સના પ્રમુખ મિ. કાર્લ મોલ્ડનના જાહેર કર્યા અનુસાર આ માર્ચ માસની ૩૦ તારીખે લૉસ એન્જેલસમાં એમને આ ખાસ 'ઑસ્કાર' એનાયત થશે. તબિયત બતાવવા એમને સાન ફ્રાંસિસ્કો પણ જવાનું છે એટલે આ ઑસ્કાર સ્વીકારવા પણ તેઓ કદાચ જાય તેમ મનાય છે. આપણે આ નિમિત્તે અભિનંદીએ અને સ્વાસ્થ્યભર્યું સુદીર્ઘ આયુષ્ય ઇચ્છીએ. - બિ.

ગરમીના આ દિવસોમાં

જેમને પરવડતું હોય તેમને માટે રેફ્રિજરેટર-ફ્રિઝ આ ગરમીના દિવસોમાં તો એક અત્યંત ઉપયોગી સાધન બની રહે એ ખરું, પણ એના વપરાશમાં કેટલુંક ધ્યાનમાં રાખવા જેવું છે. અયોગ્ય રીતે તેનો ઉપયોગ ઘણીવાર લાભ કરતાં હાનિકારક પણ બની રહે છે.

પ્રથમ તો ફ્રિઝમાં રાખેલા ખાદ્યપદાર્થો બગડતા નથી એ ખોટું છે. ફ્રિઝની ઠંડક એની બગડવાની ક્રિયાને ધીમી પાડે છે કે અમુક હદ સુધી તેને રોકે છે એટલું જ. લાંબો સમય ફ્રિઝમાં રાખેલાં ફળ કે શાકભાજી ભલે તાજાં દેખાય, પણ તે પોતાનાં આગવાં સ્વાદ-સોડમ ખોઈ બેસે છે. વળી, તેમાં રોગોત્પાદક બેક્ટેરિયા પણ ઝડપથી વધે છે. એ માટે ફ્રિઝમાં મૂકતાં પહેલાં તેને ધોઈને બરાબર સાફ કર્યા પછી પ્લાસ્ટિકની થેલીમાં રાખીને મૂકવાં. વળી, રાંધેલા પદાર્થો, ચટણી, ચીઝ-માખણ, પાંઉ વગેરેને ઢાંકીને જ ફ્રિઝમાં રાખવાં જોઈએ અને તે પણ એકાદ દિવસ પૂરતાં જ. વળી, ઉપયોગ માટે બહાર કાઢો ત્યારે યે ધોઈ શકાય તેવા પદાર્થોને ધોઈને સાફ કર્યા પછી જ અને થોડો સમય હૂંફાળા વાતાવરણમાં રાખ્યા પછી કે ગરમ કરીને વાપરવા. વધુ સમય ફ્રિઝમાં રાખેલા ખાદ્ય પદાર્થો શરદી ઉધરસ કે તાવ જેવી બિમારી પણ આણે છે.

ગરમીના આ દિવસોમાં બટાટાની ચિપ્સ કે કાતરી બનાવતી વખતે ગરમ પાણીમાં એ બાફવા મૂકો ત્યારે તેમાં થોડીશી ફટકડી નાખશો તો ચિપ્સ કે કાતરી સફેદ અને કરકરી બનશે. એ જ રીતે બટાટાના પાપડ બનાવતી વખતે તેને બાફવાના પાણીમાં એકાદ ચમચી ખાવાનો સોડા નાખવાથી પાપડ કરકરા બનશે.

લૂ લાગે ત્યારે મેથીની ભાજીના રસમાં મધ મેળવીને પીવાથી ગરમીમાં રાહત થશે. ભાજી સુકાઈ ગઈ હોય તો તેને થોડો સમય ઠંડા પાણીમાં પલાળીને પછી રસ કાઢવો.

અત્યારે નારંગીની ઋતુ છે. રોજ તેનો રસ પીવાથી માથાના વાળ મજબૂત બનવા સાથે તેનો વર્ણ સચવાઈ રહેશે. ઘરમાં મચ્છર હોય તો નારંગીની છાલનો ધુમાડો કરવો.

થોડા દિવસોમાં કડવા લીંબડાને મોર આવશે. ચૈત્ર માસમાં આ લીંબડાનાં કૂમળાં પાન, તેનો મોર મરી અને સાકર સાથે બરાબર પીસી તેમાં થોડું પાણી નાખી બનાવેલું પેય એકાદ અઠવાડિયું નિયમિત પીવાથી લાંબા સમય સુધી તાવ-તરિયાથી બચી શકાશે.

જાણો છો ?

હુમાયું, જહાંગીર, અલીપસંદ, કલેક્ટર, ફર્નાંદીન, જેલર, રાતોલ, બોમ્બે ગ્રીન, માલ્દા, આલમપુર, બાનીશાન, નાજુકબદન, દિલપસં-, હુસ્નઆરા, ખુદાદાદ, મનોરંજન, ગોપાલભોગ, હાથીઝૂલ, પાનશેરા, કારેલા, લાડવા, ખરબુજા, સોંફિયા, ગુલાબજામુન, જાફરાન, સિંદુરિયા, ઝર્દાલુ, સુવર્ણરેખા, મીઠા, ડોડિયા, શરબતી, નીલમ, બારમાસિયા, દોફલ, ભાદુરિયા, કેતકી, સાવનિયા, માછીલ, બદામ વગેરે વગેરે આ બધાં નામ ભારતમાં થતી એક હજારથી યે વધુ જાતની કેરીની કેટલીક જાતનાં નામ છે. લગભગ ૧૨,૨૨,૦૦૦ હેક્ટર, એટલે કે ફળોનાં વાવેતરવાળી ભારતની કુલ જમીનનો ૪૩ ટકા જેટલો વિસ્તાર કેરીના વાવેતરથી છવાએલો છે. એમાં લગભગ ૧,૦૧,૧૩૦૦૦ ટન જેટલી કેરી પાકે છે. મતલબ કે ફળોના ઉત્પાદનનો ૪૦ ટકા પાક કેરીનો હોય છે. ભારતમાં દુનિયાભરમાં કેરીની વધુમાં વધુ જાત થાય છે.

આ બધી જાતોમાં રત્નાગિરિ જિલ્લાની આલ્ફાન્સો-હાફૂસ તથા ઉત્તર પ્રદેશની દસહરી કેરી વ્યાપારી દૃષ્ટિએ કદાચ સૌથી વધુ ઉગાડાય છે. દસહરી એ લખનૌ જિલ્લાના મલિહાબાદ નજીકનું એક ગામ છે. વધુ રસમય તો એ છે કે આ દસહરી જાતની કેરીનું આદિજનક વૃક્ષ આજે પણ સાબૂત છે, જે ૧૫૦ વર્ષ જેટલું જૂનું હોવાનું મનાય છે. આ વૃક્ષમાંથી જ આજનો દસહરીનો મબલખ પાક બધે પ્રસર્યો છે.

હોળી-ધુળેટી

ફાગણ વદ પડવાને દિવસે આવતો, હોલિકોત્સવના જ એક ભાગ રૂપ ધુળેટીનો તહેવાર હોળીની માફક વસંતોત્સવનો આનંદ-ઉલ્લાસ પ્રદર્શિત કરવા ઉજવાય છે. એક પૌરાણિક કથા છે કે પોતાના પુત્ર પ્રહ્લાદને પ્રભુભક્તિ છોડવવામાં નિષ્ફળ નીવડેલા હિરણ્યકશિપુની સૂચનાથી એની બહેન હોલિકા રાક્ષસીએ પ્રહ્લાદને જીવતો બાળી મૂકવા, તેને પોતાના ખોળામાં લઈ હુતાશનીમાં બેઠી ત્યારે તે જાતે જ બળી ગઈ ને પ્રહ્લાદને ઊની આંચ પણ ન આવી. આ વાતની બીજે દિવસે સવારે લોકોને જાણ થઈ ત્યારે તેઓએ આનંદોત્સવ કર્યો. રંગગુલાલ ઉડાડ્યો ને ભજનકીર્તન કર્યાં. પણ જ્યારે રાક્ષસોને આ વાતની ખબર પડી ત્યારે તેઓ ખૂબ રોષે ભરાયા ને પોતાના માથામાં ધૂળ નાખી. કદાચ આથી જ આ પર્વ ધુળેટી નામે ઓળખાતું થયું હશે.

અગાઉ તો ગામડામાં છોકરાંઓ ગોઠ ઉઘરાવી ખજૂર-ટોપરાની ઉજાણી કરતા કેટલાક શૈવપંથીઓ તો હોળીની ભસ્મ એકઠી કરી તેને પાપનાશક ગણી પોતાના શરીરે ચોળતા. કેટલાક સ્થળે જ્યાં હોળી પ્રકટાવી હોય તે સ્થાન પર ધુળેટીના દિવસથી અમુક દિવસો રંગોળી પૂરી પૂજા કરાતી. હોળીના સ્થાને વધેરાએલાં નાળિયેરનો ધુળેટીની સવારે આસપાસના લોકોમાં પ્રસાદ વહેંચાતો. આજે યે આમાંનો કોઈ રિવાજ કયાંક ચાલુ પણ હશે.

પણ રંગ ઉડાડવો, ગુલાલ છાંટવો, ગાયનવાદન કે ભજનકીર્તન કરતાં જેવી નિર્દોષ રસમમાં આજે તો એટલા કુરિવાજો ને અનિષ્ટ પ્રથાઓ પેસી ગયાં છે કે કોઈપણ સંસ્કારી માણસને તે તરફ સૂગ ઊપજે. સ્નેહીમિત્રો પર જ નહિ, પણ જતાઆવતા અજાણ્યા રાહદારી પર પણ કાદવકિચ્ચડ ઉડાડવાં, બેફામ અપશબ્દો બોલવા સાથે બીભત્સ વર્તાવ કરવો, બેછૂટ જુગાર રમવો અને ભાંગ-ગાંજો-દારૂ પીવો વગેરે જેવી અનિચ્છનીય બાબતો ઘણાં સ્થળે જાણે ધુળેટીની ઉજવણીનાં અંગ રૂપ બની ગઈ છે! જૂના કાળમાં કેટલાંક સ્થળે તો લોકો બે પક્ષ રચી સામસામા મારામારી પણ કરતા.

કડકડતી ટાઢ પછી આવતી ઉત્સાહવર્ધક વસંતઋતુને ઉમળકાભેર વધાવવાના આ ગરવા તહેવારને આપણે આમ તોફાન અને બીભત્સ-પણાના અશિષ્ટ આચરણ વડે બહુ વરવો બનાવી દીધો છે. કહેવાય છે કે અનાર્યોનો આર્યો સાથે સંસર્ગ થયા પછી આવા રિવાજોમાં સડો પ્રસર્યો છે.

પણ આપણા દેશમાં બધે આવું નથી. ઉત્તર ભારત, રાજસ્થાન અને ગુજરાતમાં હોળી-ધુળેટીનું આવું વરવું રૂપ વધુકું જોવા મળે છે. વળી, હોળી-ધુળેટીની ઉજવણીમાં સારી ભાવનાવાળી કેટલીક રસમો પણ છે જ, પણ સામાન્ય અને ઊતરતી ગણાતી કોમોમાં થતી ઉજવણી સંસ્કારી માણસોને સૂગ ચડે તેવી જ મોટેભાગે જોવા મળે છે. એવું પણ મનાય છે કે આ તહેવાર રામાયણકાળથી શરૂ થયો છે. દશરથના પિતા રઘુના સમયમાં ઢુંઢા નામની એક રાક્ષસી બાળકોને ઉઠાવી જઈ તેમનું ભક્ષણ કરી જતી હતી. લોકોએ તેને પકડીને બાળી નાખી ને ત્યારથી તેની સ્મૃતિમાં આ ઉત્સવ આરંભાયો. બાલ શ્રીકૃષ્ણે પોતાને મારવા આવેલી પૂતનાને મારી નાખ્યા પછી તેને અગ્નિદાહ દેવાયો તેની સ્મૃતિમાં પણ આ ઉજવણી શરૂ થયાનું માની આજે પણ વ્રજમાં હોળીની રાતે હુતાશની પ્રકટાવી તેમાં પૂતનાનું ઘાસનું પૂતળું બાળવામાં આવે છે અને બીજા દિવસે બાલકૃષ્ણને પારણામાં ઝુલાવે છે.

(અનુસંધાન પાન ૧૦૦ પર)